सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૩/૦૨/૨૦૨૪. | | |
| ફેસલ તારીખ | ૩૦/૦૭/૨૦૨૬. | | |
| અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૫ | ૦૭ |

**નામ. સુપ્રિમ કોર્ટનાં SUO MOTO WRIT (CRL) NO.(S)1/17 તથા ક્રિમિનલ મેન્યુઅલનાં ચેપ્ટર-VI નાં 179Aઅન્વયેનાં નોટિફિશન નં.સી-૨૦૦૧-૯૩, તા.૨૦/૫/૨૨ નાં ઠરાવેલ પ્રફોર્મા મુજબ.**

## FORM-A

# જામનગરનાં મ્હે. સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ.

નેહલકુમાર રાજેશભાઈ જોષી, સેશન્સ જજ, જામનગર.
(ચુકાદાની તા.૩૦/૭/૨૦૨૬)

સેશન્સ કેસ નં.૪૪/૨૦૨૪..
આંક-૧૦૯.

### એફ.આઈ.આર.ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન ::-

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન | સિટિ-સી ડિવિઝન, જામનગર, ફર્સ્ટ ગુ.ર. નં.૧૧૨૦૨૦૦૨૨૩૨૧૮૨/૨૦૨૩. |
| ગુન્હો | ઇ.પી. કોડ કલમ-૩૦૨, ૩૦૭, ૩૨૩ મુજબ. |
| તહોમતનામા મુજબ તહોમત | ઇ.પી. કોડ કલમ-૩૦૨, ૩૦૭, ૩૨૩ મુજબ. |
| ફરીયાદી | શ્રી સરકાર.<br>(મુળ ફરીયાદી : સરવરીબેન વા./ઓ. રવિભાઈ રમેશભાઈ પાનસુરીયા) |
| વિ.એ.પી.પી. શ્રી | ડી.આર. ત્રિવેદી. |
| આરોપી | વિરેન જાનકીદાસ રામાવત, ઉ.વ. ૨૯, ધંધો : પ્રાઈવેટ નોકરી, રહે.ગાંધીનગર મેઈન રોડ, બ્લોક નં.એ-૨૫ ની સામે, જામનગર. |
| આરોપી તરફે વિ.વ. શ્રી | જે.ડી. ગણાત્રા. |

## FORM-B

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૨/૧૧/૨૦૨૩. |

| | |
|---|---|
| ફરીયાદની તારીખ | ૨૩/૧૧/૨૦૨૩. |
| ચાર્જશીટની તારીખ | ૦૬/૧૨/૨૦૨૪. |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૧૯/૦૪/૨૦૨૪. |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૨૨/૧૧/૨૦૨૪. |
| ચુકાદો સંક્ષીપ્તમા રાખ્યા તારીખ | ૨૭/૦૭/૨૦૨૬. |
| ચુકાદાની તારીખ | ૩૦/૦૭/૨૦૨૬. |
| સજાનાં હુકમની જો કોઇ તારીખ હોય તો | - |

## આરોપીની વિગત ::-

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામા આવેલ હોય તો, તેની વિગત | કયા ગુન્હાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામા આવ્યા કે કસુરવાર? | શું સજા કરી? | ક્રિ.પ્રો. કોડ કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામનાં કેદી તરીકે રહેલા છે? |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | વિરેન જાનકીદાસ રામાવત. | ૨૪/૧૧/ ૨૦૨૩. | - | ઇ.પી. કોડ કલમ-૩૦૨, ૩૨૩, ૩૦૭ મુજબ. | કસુરવાર. | આખરી હુકમ મુજબ. | |

## <u>FORM-C</u>

ફરીયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટનાં સાહેદોનું લીસ્ટ ::-

**(એ) ફરીયાદ પક્ષ તરફે** ::-

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૦૧. | ડો.જીતેન્દ્ર સામંતભાઇ રાઠોડ | તબિબિ અધિકારી | ૧૦ |
| ૦૨. | સરવરીબેન મનિષભાઇ જાની | ફરીયાદી | ૧૫ |
| ૦૩. | અંકુરભાઇ ચંદ્રકાંતભાઇ દાવડા | સ્થાનિક જગ્યાનાં પંચનામાનાં પંચ | ૧૮ |
| ૦૪. | ખોડાભાઇ કરશનભાઇ કેસવાલા | શરીર સ્થિતિનાં પંચનામાનાં પંચ | ૨૨ |
| ૦૫. | છાયાબેન મનિષકુમાર જાની | ફરીયાદીની માતા | ૨૪ |
| ૦૬. | રાજેશભાઇ મગનભાઇ રાઠોડ | સેમ્પલો કબજે કર્યાનાં પંચ | ૨૬ |
| ૦૭. | જયેશભાઇ રવજીભાઇ વાઘેલા | -”- | ૨૮ |
| ૦૮. | અસગરભાઇ હુશેનભાઇ કકલ | -”- | ૨૯ |
| ૦૯. | નિતિનભાઇ દત્તારામ સાલેસ્કર | ઇન્કવેસ્ટ પંચનામાનાં પંચ | ૩૨ |

| | | | |
|---|---|---|---|
| ૧૦. | છાયાબા ગંભિરસીંહ જાડેજા | -”- | ૩૪ |
| ૧૧. | ડો.રાજેશભાઇ લક્ષ્મણભાઇ | તબિબિ અધિકારી | ૩૫ |
| ૧૨. | રવિભાઇ રમેશભાઇ પાનસુરીયા | ફરીયાદીનાં પતિ | ૩૬ |
| ૧૩. | ડો.અસ્તિત્વ જનકકુમાર આનંદ | એફ.એસ.એલ. અધિકારી | ૩૮ |
| ૧૪. | વિરલબેન રમેશચંદ્ર માકડીયા | મામલતદાર | ૪૧ |
| ૧૫. | ડો.અજયસીંહ જોરુભા જાડેજા | તબિબિ અધિકારી | ૪૩ |
| ૧૬. | વિશ્વજીતસીંહ પૃથ્વિરાજસીંહ | સર્કલ ઓફિસર | ૫૦ |
| ૧૭. | યોગેશકુમાર રમણિકલાલ જોષી | ફરીયાદ લેનાર | ૫૩ |
| ૧૮. | રાજશીભાઇ માંડણભાઇ ડુવા | પી.એસ.ઓ. | ૫૫ |
| ૧૯. | અલ્પેશ રાયસંગભાઇ ચૌધરી | તપાસ કરનાર અધિકારી | ૫૯ |
| ૨૦. | ડો.ધ્રુવીબેન જયસુખભાઇ | તબિબિ અધિકારી | ૭૫ |
| ૨૧. | ડો.પંકજ મનસુખભાઇ ખાણધર | -”- | ૭૬ |
| ૨૨. | વિશાલ રવિન્દ્રભાઇ સોલંકી | એરટેલ કંપનીનાં નોડલ ઓફિસર | ૮૨ |
| ૨૩. | ભરતભાઇ રામાભાઇ પટેલ | જીઓ કંપનીનાં નોડલ ઓફિસર | ૮૭ |
| ૨૪. | ગૌતમભાઇ કિશોરભાઇ થાનકી | ફરીયાદીનાં પાડોશી | ૯૩ |

## (બી) બચાવ પક્ષ તરફે જો સાહેદ હોય તો ::-

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૦૧. | યશભાઇ ભરતભાઇ કોટક | એકેડમીનાં કોઓર્ડિનેટર | ૯૮ |

## (સી) કોર્ટ સાહેદ જો હોય તો ::-

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

## ફરીયાદ પક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવાઓ ::-

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૦૧. | પી.એમ. કરવાની યાદી | ૧૧, ૪૬ |
| ૦૨. | મરણોત્તર ફોર્મ | ૧૨ |
| ૦૩. | શોર્ટ રીપોર્ટ | ૧૩ |
| ૦૪. | પી.એમ. રીપોર્ટ | ૧૪ |
| ૦૫. | ફરીયાદ | ૧૬ |

| | | |
|---|---|---|
| ૦૬. | સ્થાનિક જગ્યાનું પંચનામુ | ૧૯ |
| ૦૭. | પંચ સ્લિપો | ૨૦, ૨૧, ૭૩ |
| ૦૮. | ઈજા પામનારની શરીર સ્થિતિનું પંચનામુ | ૨૩ |
| ૦૯. | મેડિકલ સેમ્પલ કબજે કર્યાનાં પંચનામા | ૨૭, ૩૦ |
| ૧૦. | ઈન્કવેસ્ટ પંચનામુ | ૩૩ |
| ૧૧. | સ્થળ પરિક્ષણ કરવાની યાદી | ૩૯ |
| ૧૨. | સ્થળ પરિક્ષણ અહેવાલ | ૪૦ |
| ૧૩. | ઈન્કવેસ્ટ પંચનામાની યાદી | ૪૨ |
| ૧૪. | વચગાળાનું સારવાર સર્ટિફિકેટ મળવાની યાદી | ૪૪ |
| ૧૫. | વચગાળાનું સારવાર સર્ટિફિકેટ | ૪૫ |
| ૧૬. | સેમ્પલ કલેકશન ફોર્મ | ૪૭, ૭૯ |
| ૧૭. | ઈંજરી સર્ટિફિકેટ | ૪૮ |
| ૧૮. | સારવારનાં પેપર્સ | ૪૯ |
| ૧૯. | નકશો બનાવવાની યાદી | ૫૧ |
| ૨૦. | નકશો | ૫૨ |
| ૨૧. | ગુન્હો રજીસ્ટર્ડ કરવાની યાદી | ૫૪ |
| ૨૨. | સ્ટેશન ડાયરીનાં ઉતારાની ખરી નકલ | ૫૬ |
| ૨૩. | ભારે ગુન્હાનો મેસેજ | ૫૭ |
| ૨૪. | અટકની નોંધ કરવાની યાદી | ૬૦ |
| ૨૫. | કલમનો ઉમેરો કરવાની યાદી | ૬૧ |
| ૨૬. | રવાનગી પત્ર તથા સત્તા પ્રમાણપત્ર | ૬૨, ૬૩, ૬૪ |
| ૨૭. | મુદ્દામાલ મળ્યાની પહોંચો | ૬૫, ૬૬, ૬૭ |
| ૨૮. | સી.ડી.આર.ની માહિતિ મળવાની યાદી | ૬૮ |
| ૨૯. | ડી.એફ.એસ. ગાંધીનગરનો પત્ર | ૬૯, ૭૧ |
| ૩૦. | ડી.એન.એ. રીપોર્ટ | ૭૦, ૭૨ |
| ૩૧. | આરોપીનાં ઓ.પી.ડી. કેસ પેપર્સ | ૭૭ |
| ૩૨. | આરોપીની મેડિકલ તપાસણીની યાદી | ૭૮ |
| ૩૩. | કસ્ટમર એપ્લીકેશન ફોર્મ | ૮૩, ૮૮, ૮૯ |

| | | |
|---|---|---|
| ૩૪. | ડિટેઇલ્સ | ૮૪ |
| ૩૫. | કોલ ડિટેઇલ | ૮૫, ૯૦, ૯૧ |
| ૩૬. | પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી)(૪)(સી) નું પ્રમાણપત્ર | ૮૬, ૯૨ |

**બચાવ પક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવાઓ** ::-

| અ.નં. | દસ્તાવેજનું નામ | આંક |
|---|---|---|
| ૦૧. | ક્રિ.પ્રો. કોડ કલમ-૧૫૪ નાં ફોર્મ | ૫૮ |
| ૦૨. | કોર્ષની માહિતિ દર્શાવતી માહિતિનું પત્રક | ૯૯ |
| ૦૩. | વિદ્યાર્થી સાથે કરેલ એગ્રીમેન્ટ | ૧૦૦ |
| ૦૪. | વિદ્યાર્થીનું હાજરી અંગેનું નિવેદન | ૧૦૧, ૧૦૪ |
| ૦૫. | એકેડેમીમા ઉપલબ્ધ કોર્ષની સંખ્યા, સમયગાળાની માહિતિ | ૧૦૨ |
| ૦૬. | ગૌતમ થાનકી એકેડમીમા હાજર ન હતાં તેની માહિતિનો પત્ર | ૧૦૩ |

**કોર્ટ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવાઓ** ::-

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| - | - | - |

## -:: **ચુકાદો** ::-

**૧.** આ કામનાં આરોપી વિરુદ્ધ ઇ.પી. કોડ કલમ-૩૦૨, ૩૦૭, ૩૨૩ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હા અંગેનું તહોમતનામુ ફરમાવવામા આવેલ છે.

**૨.** ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમા હકીકત એવી છે કે, ફરીયાદી સરવરીબેન વા./ઓ. રવિભાઇ રમેશભાઇ પાનસુરીયા તે ડો./ઓ. મનિષભાઇ હર્ષદ રાય જાની, ઉ.વ. ૨૬, ધંધો : ઘરકામ, રહે.ઢીંચડા રોડ, નાયરા પેટ્રોલ પંપ સામે, તિરુપતિ પાર્ક, કિરિટસીંહનાં મકાનમા, મુળ રહે.પટેલ કોલોની, શેરી નં.૬, રોડ નં.૪, જામનગરવાળા રુબરુમા જાહેર કરી ફરીયાદ હકીકત લખાવે છે કે, તેઓ ઉપરોકત સરનામે પોતાની દિકરી નિધિ, ઉ.વ. ૫ સાથે રહે છે અને સને-૨૦૧૭ મા રવિભાઇ રમેશભાઇ સાથે લગ્ન

કરેલા તેનાથી દિકરી નિધિ છે. ફરીયાદીને પોતાનાં પતિ સાથે અણ બનાવ બનતા બે મહિના પહેલા તેનાથી છુટાછેડા લીધેલા છે.

**૨.૧.** ફરીયાદીને છેલ્લા ત્રણેક વર્ષથી વિરેન જાનકીદાસ રામાવત, રહે.મચ્છો નગર, ગાંધીનગર મેઇન રોડ, શંકરનાં મંદિર પાસે, એ/૨૬, "હનુમંત કૃપા" મકાન, જામગરવાળા સાથે મિત્રતા બંધાયેલ અને બંને રુબરુ તથા ફોન થી, મેસેજથી વાતચીત કરતા. ફરીયાદીને છેલ્લા બેએક વર્ષથી વિરેન સાથે પ્રેમ સબંધ બંધાયેલ અને તેની સાથે રહેવુ હોવાથી પતિને છુટા છેડા આપી દીધેલ. પછી છેલ્લા બે મહિનાથી ઢીંચડા રોડ, તિરુપતિ સોસાયટીમા ભાડેથી દિકરી નિધિ સાથે રહેતા હતાં અને વિરેન અવાર નવાર આ મકાને આવતો, તેને નિધિ ગમતી નહીં અને તેણે ફરીયાદી સાથે લગ્ન કરુ, પરંતુ તારી દિકરીને રાખીશ નહીં તેમ કહેલ.

**૨.૨.** તા.૨૨/૧૧/૨૦૨૩નાં રોજ બપોરનાં આશરે ત્રણેક વાગ્યે વિરેન ઘરે આવેલ અને ફરીયાદી અને વિરેન અંદરનાં રુમમા બેઠા હતાં અને નિધિ હોલમા રમતી હતી ત્યારે સાજંના આશરે છ સાડા છએક વાગ્યે વિરેન ઘરમાથી હોલમા આવેલ અને નિધિને તું મરતી નથી અને અમારો રસ્તો સાફ નથી કરતી તેમ કહી પેટમા બટકુ ભરી, વેલણ વડે બંને પગમા, હાથમા, મોઢા ઉપર અને માથામા આડેધડ મારવા લાગતા ફરીયાદીએ વિરેનને તું આમ માર નહીં, નહીંતર નિધિ મરી જશે તેમ કહેતા વિરેને કહેલ કે, તે મરશે તો જ તું મારી સાથે લગ્ન કરીશ. પછી નિધિ કાંઇ બોલતી નહીં હોવાથી તેને દવાખાને લઇ જવા વિરેનને કહેતા તેણે આ મરી જાય તો આપણો રસ્તો સાફ થાય તેમ કહેતા ખૂબ જ વિનવણી કરતા વિરેન ફરીયાદી સાથે નિધિને નજીકમા ક્રિષ્ના ખાનગી દવાખાને સારવારમા લઇ જતા ડોકટરે બેભાન હોવાથી જી.જી. હોસ્પિટલમા લઇ જવાનું કહેતા વિરેનને સાથે આવવા કહેતા તેણે તું રીક્ષામા જા, હું પાછળથી દવાખાને આવુ છું તેમ કહેતા ફરીયાદી રીક્ષામા નિધિને

જી.જી. હોસ્પિટલમા સારવારમા લાવી દાખલ કરેલ છે. ડોકટર સાહેબને કેસ કઢાવતી વખતે નિધિ પડી જતા વાગેલાનું જણાવેલ. પછી નિધિને જી.જી. હોસ્પિટલમા દાખલ કરેલ અને તેને માથામા હેમરેજ થયેલાનું જણાવેલ છે. હાલ નિધિની સારવાર ચાલુ છે અને તે બેભાન હાલતમા છે અને હોસ્પિટલે આવી પતિ રવિ અને માતા-પિતાને જાણ કરતા તેઓ હોસ્પિટલ આવી જતા ઉપરોકત બનાવની વાત કરેલ છે. તેવા મતલબ ની ફરીયાદ ફરીયાદીએ તા.૨૩/૧૧/૨૦૨૩ નાં રોજ પોલીસ સબ ઈન્સપેકટર, સિટિ-સી ડિવિઝન પોલીસ સ્ટેશન, જામનગર સમક્ષ નોંધાવતા તેનાં આધારે ઈ.પી. કોડ કલમ-૩૦૭, ૩૨૩ મુજબ ગુન્હો રજીસ્ટર્ડ કરવામા આવેલો.

વિ.એડિશ્નલ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ, જામનગર સમક્ષ તા.૨૬/૧૧/૨૦૨૩ નાં રોજ પોલીસ ઈન્સપેકટર, સિટિ-સી ડિવિઝન પોલીસ સ્ટેશન, જામનગરનાંઓએ ઈજા પામનાર નિધિ, ઉ.વ. ૫ વાળી સારવાર દરમિયાન તા.૨૫/૧૧/૨૦૨૩ નાં રોજ અવસાન પામેલા હોવા થી ઈ.પી. કોડ કલમ-૩૦૨ નો ઉમેરો કરવાનો રીપોર્ટ રજુ કરતા તે મંજુર કરવામા આવેલ છે અને તપાસનાં અંતે આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો હોવાનું જણાતા જામનગરનાં વિ.૮મા એડિશ્નલ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ સમક્ષ સદરહુ ગુન્હાનું ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે.

**3.** સદર કામે આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો મળ્યાની તેમજ બચાવ માટે સરકારી વકીલશ્રીની જરૂર છે કે કેમ? તેવી ખાત્રી કરતા આરોપીએ પોતાનાં ખર્ચે વકીલશ્રી રોકેલ હોવાનું જણાય છે. સદર કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની એક માત્ર સત્તા સેશન્સ અદાલત ને હોય, વિ.૮મા એડિશ્નલ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ, જામનગરનાંઓ એ ક્રિ.પ્રો. કોડ કલમ-૨૦૯ અન્વયે આ કેસ સેશન્સ અદાલતને કમીટ

કરેલ છે. ત્યારબાદ, આ સેશન્સ કેસની સુનાણવી આ સેશન્સ અદાલત મારફત હાથ ધરવામા આવેલ છે.

૪. આ કામનાં આરોપી વિરુદ્ધ આંક-૮ થી ઈ.પી. કોડ કલમ-૩૦૨, ૩૦૭, ૩૨૩ મુજબનાં ગુન્હા અંગેનું તહોમતનામુ ફરમાવી આંક-૯ થી આરોપી નો જવાબ લેતા તેઓએ ગુન્હાનો ઈન્કાર કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ છે, જેમા ફરીયાદ પક્ષ તરફે ઉપરોકત મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

૫. ઉપરોકત મુજબનો પુરાવો લીધા બાદ ક્રિ.પ્રો. કોડ કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વધારાનું નિવેદન લેવામા આવેલ છે. જેમા તેઓએ તેઓ વિરુદ્ધ પડેલ પુરાવાઓનો ઈન્કાર કરેલ છે અને તેઓ તદન નિર્દોષ હોવાનું અને સદર ગુન્હામા ખોટીરીતે સંડોવી દેવામા આવેલાનું તેઓએ જણાવેલ છે.

૬. ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી ડી.આર. ત્રિવેદીએ મૌખીક દલીલમા મુખ્યત્વે જણાવેલ છે કે, ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવાઓને આધીન આ કામનાં આરોપી વિરુદ્ધ ઈ.પી. કોડ કલમ-૩૦૨, ૩૦૭, ૩૨૩ અન્વયેનો ગુન્હો પુરવાર કરેલ હોય, આરોપીને મહત્તમ સજા કરવી જોઈએ.

૭. આરોપી તરફે તેમનાં વિ.વ. શ્રીએ મુખ્યત્વે મૌખીક અને આંક-૧૦૭ ની લેખીત દલીલમા એવી રજુઆત કરેલી છે કે, ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવાઓને આધીન તથા બચાવ પક્ષ તરફે રજુ કરવામા આવેલા પુરાવાઓ ધ્યાને લેતા આ કામનાં આરોપી વિરુદ્ધ ઈ.પી. કોડ કલમ-૩૦૨, ૩૦૭, ૩૨૩ અન્વયેનો ગુન્હો નિ:શંકપણે પુરવાર કરેલ ન હોય, આરોપી વિરુદ્ધ મુકવામા આવેલા તહોમતનામા મુજબનાં આક્ષેપો શંકા

રહીત પુરાવાઓથી પુરવાર કરવામા ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલા છે. તેથી, આરોપી વિરુદ્ધ મુકવામા આવેલ તહોમત પુરવાર થતુ નથી. આવા સંજોગોમા આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલી છે.

૮. આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપિસ્થત થાય છે ::-

**૧.** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે કે, ફરીયાદીને આરોપી સાથે પ્રેમ સબંધ હોવાથી લગ્ન કરવાનું કહેતા ફરીયાદી ને સંતાનમા પાંચ વર્ષની દિકરી નિધિ હતી તેથી, લગ્ન કરી લઇશ પરંતુ, તારી દિકરીને રાખીશ નહીં તેવું આરોપીએ કહેલ અને નિધિ આડખીલી બનતી હોવાથી આરોપીએ તા.૨૨/૧૧/૨૩ નાં કલાક-૧૮-૩૦ વાગ્યે ઢીંચડા રોડ, નાયરા પેટ્રોલ પંપ સામે, તિરુપતિ પાર્ક, કિરિટસીંહનાં મકાનમા, જામનગર મુકામે ફરીયાદીનાં ઘરે નિધિને તું મરતી નથી અને અમારો રસ્તો સાફ કરતી નથી તેમ કહી, પોતાનાં કૃત્યથી તેણીનું મોત નિપજશે તેમ જાણતા હોવા છતાં, તેણીને પેટમા બચકુ ભરી, વેલણ વડે બંને હાથ, બંને પગ, મોઢા અને માથામા આડેધડ મારી, સ્વૈચ્છા પૂર્વકની જીવલેણ ગંભીર ઈજાઓ કરતા સારવાર દરમિયાન તેણીનું મોત નિપજેલ હોય, આરોપીએ ઇ.પી. કોડ કલમ-૩૦૨, ૩૦૭, ૩૨૩ મુજબની શીક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

**૨.** શું હુકમ?

૯. ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે ::-

**૧.** અંશત: હકારમા.

**૨.** આખરી હુકમ મુજબ.

-:: **કારણો** ::-

**મુદ્દા નંબર-૧** ::-

**૧૦.** પક્ષકારોની દલીલો ધ્યાને લેતા આ કામનાં આરોપી વિરુદ્ધ ઇ.પી. કોડ કલમ-૩૦૨, ૩૦૭, ૩૨૩ અન્વયે શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવા સબબ

તહોમતનામુ ફરમાવવામા આવેલ છે ત્યારે, ફરીયાદ પક્ષ આ કામે રજુ થયેલ પુરાવાઓને આધીન આરોપી વિરુદ્ધનો ગુન્હો પુરવાર કરે છે કે કેમ? તે માટે પ્રથમ ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ તબિબિ પુરાવાઓની ચર્ચા કરવી જરૂરી જણાય છે.

**<u>તબિબિ પુરાવાઓની ચર્ચા</u>** ::-

**૧૧.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૧ તરીકે ડો.જીતેન્દ્ર સામંતભાઇ રાઠોડને આંક-૧૦ થી તપાસવામા આવેલા છે અને આંક-૧૧ થી ૧૪ સુધી પી.એમ. કરવાની યાદી, મરણોત્તર ફોર્મ, શોર્ટ રીપોર્ટ અને પી.એમ. રીપોર્ટ રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તેઓ એમ.પી. શાહ મેડિકલ કોલેજ, ફોરેન્સીક વિભાગમા એશોસીએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે અને તા.૨૬/૧૧/૨૦૨૩ નાં સવારે ૧૧-૩૦ વાગ્યે ફરજ પર હતાં ત્યારે, પી.આઇ. એ.આર. ચૌધરી નિતુબેન ડો./ઓ. રવિભાઇ રમેશભાઇ પાનસુરીયાનું પી.એમ. કરાવવા માટે આવતા પેનલથી સાથે ડો.પંચમી પી.એસ. સાથે તે જ દિવસે સવારે ૧૧ -૩૫ વાગ્યે પી.એમ. શરુ કરી ૧૨-૫૦ કલાકે પુરુ કરેલ.

**૧૧.૧.** ડોકટર વધુમા જણાવે છે કે, શબનું બાહ પરિક્ષણ કરતા તે શબ નાની બાળક (સ્ત્રી) ઉ.વ. ૫ નું હતું અને તેણે ગુપ્ત ભાગે સફેદ ડાયપર પહેરેલ હતું, શરીર ઠંડુ હતું, રાઇગર મોર્ટીસ શરીરનાં બધા ભાગો ઉપર હતી, પી.એમ. લીવીડીટી શરીરનાં પાછળનાં ભાગે ફીકસ હતી, બંને આખની કીકી પહોળી થઇને ફીકસ હતી, મોઢુ અર્ધ ખુલ્લુ હતું, ગુપ્ત ભાગે કોઇ ઇજા ન હતી, બંને હાથ તથા પગ શરીરને સમાંતર હતાં.

**૧૧.૨.** બાહય તથા આંતરીક ઇજાઓમા ::-

(૧) પેટનાં ઉપરનાં ભાગે અને ડાબી બાજુ ૪.૭x૪.૫ સે.મી.નો રેડીશ બ્રાઉન બાઇટ માર્ક (બટકુ ભરવાનો માર્ક) હતો, જેની પરિસ્થિતિ મોઢા

થી બટકુ ભર્યુ હોય તેવી હતી, બાઈટ માર્ક મધ્ય રેખાથી ૧ સે.મી. અને કલેવીકયુલર ભાગથી ૧૫ સે.મી. નીચે હતો, આ માર્ક ફેઈન્ટ હતો અને આજુબાજુનો ટીસ્યુ કન્જેસ્ટેડ હતી, જેની અંદરનાં મસલ સબકયુ ટેનીયસ ટીસ્યુ હેમરેજીક,

(૨) જમણી બાજુ નાં ગાલ નીચેનાં ભાગે ૧.૪ સે.મી.નો લીનીયર રેડીશ બ્રાઉન એબ્રેસન,

(૩) દાઢીની નીચે ૧ સે.મી. જેટલુ રેડીશ બ્રાઉન વર્ટીકલ ક્રિસેન્ટીક એબ્રેઝન (નેઈલ માર્ક),

(૪) દાઢીની નીચે ૧ સે.મી. નીચે ડાબી બાજુ ૧x ૧ સે.મી. નું રેડીશ બ્રાઉન એબ્રેઝન,

(૫) દાઢીની ૧ સે.મી. નીચે અને ઇંજરી નં.૪ થી ડાબી બાજુ ૦.૫ સે.મી.નું અને ૧ સે.મી.નું રેડીશ બ્રાઉન લીનીયર વર્ટીકલ ક્રિસેન્ટીક એબ્રેઝન,

(૬) ડાબી બાજુની સ્કેપ્યુલા ઉપર ૧.૫x૧ સે.મી.નું રેડીશ બ્રાઉન એબ્રેઝન,

(૭) સાત નંબરની સર્વાઇકલ વર્ટીબ્રા ઉપર ૦.૯x૩ સે.મી.નું એબ્રઝન,

(૮) શરીરનાં પાછળનાં ભાગે ૧ થી ૦.૫ સે.મી. સાઈઝનાં ઘણાં બધા રેડીશ બ્રાઉન કલરનાં એબ્રઝન જે જુદી જુદી સાઈઝમા,

(૯) ડાબી બાજુનાં કુલ્લાનાં ભાગે ૫x૨.૫ સે.મી.નું બ્લુઇસ બ્રાઉન કલરનું કન્ટયુઝન,

(૧૦) ડાબી બાજુનાં હાથનાં અંદરનાં ભાગે ૧/૩ ભાગ ઉપર ૫ સે.મી. નું બ્લુઇસ બ્રાઉન કન્ટયુઝન,

(૧૧) ડાબી બાજુનાં હાથનાં બહારનાં ભાગે ૧/૩ ભાગ ઉપર ૪x૨ સે.મી.નું બ્લુઇસ બ્રાઉન કન્ટયુઝન,

(૧૨) ડાબી બાજુની કોણીથી ૨ સે.મી. ઉપર ૧/૩ ભાગ ઉપર ૩.૨x૨ સે.મી.નું બ્રાઉન કન્ટયુઝન,

(૧૩) ડાબી બાજુની કોણીનાં ભાગે ૩x૨.૨ સે.મી.નું બ્લુઈસ બ્રાઉન કન્ટયુઝન,

(૧૪) જમણી બાજુનાં ઘુંટણનાં જોઈન્ટથી ૧ સે.મી. ઉપર આગળનાં ભાગે અને નીચેનાં ભાગે ૧/૩ સે.મી.નું બ્લુઈસ બ્રાઉન કન્ટયુઝન,

(૧૫) જમણી બાજુનાં ઘુંટણનાં ભાગે ૨x૧.૨ સે.મી.નું બ્યુઈસ બ્રાઉન કન્ટયુઝન,

(૧૬) જમણી બાજુનાં ઘુંટનાં નીચેનાં ભાગ ઉપર ૨x૧.૧ સે.મી.નું બ્લુઈસ બ્રાઉન કન્ટયુઝન

(૧૭) જમણા પગનાં ઉપરનાં ૧/૩ ભાગ ઉપર ૩x૧ સે.મી.નું બ્લુઈસ બ્રાઉન કન્ટયુઝન,

(૧૮) ડાબા ઘુંટણ ઉપર ૪x૧ સે.મી.નું બ્લુઈસ બ્રાઉન કન્ટયુઝન,

(૧૯) ડાબી બાજુનાં મેલ્યોલીયસ હાડકા ઉપર ૧x૧ સે.મી.નું બ્લુઈસ બ્રાઉન કન્ટયુઝન,

(૨૦) ડાબી બાજુનાં પંજાનાં બહારનાં ભાગે ૨x૧ સે.મી.નું બ્લુઈસ બ્રાઉન કન્ટયુઝન,

(૨૧) જમણી બાજુનાં પંજાની એડી ઉપર ૨.૭x૧.૫ સે.મી.નું બ્લુઈસ બ્રાઉન કન્ટયુઝન,

(૨૨) જમણી બાજુનાં મેલ્યોલીયસ હાડકા ઉપર ૧x૧ સે.મી.નું બ્લુઈસ બ્રાઉન કન્ટયુઝન,

(૨૩) જમણી બાજુના મેલ્યોલીયસ હાડકાની બહારની બાજુ ૨x૧.૫ સે.મી.નું બ્લુઈસ બ્રાઉન કન્ટયુઝન,

(૨૪) જમણી બાજુનાં અંગુઠા તથા તળીયાનાં ભાગે ૧.૭x૦.૫ સે.મી. નું બ્લુઈસ બ્રાઉન કન્ટયુઝન,

(૨૫) ડાબી બાજુનાં અંગુઠા તથા તળીયાનાં ભાગે ૨x૦.૫ સ.મી.નું બ્લુઇસ બ્રાઉન કન્ટયુઝન હતું.

વધુમા સાહેદ જણાવે છે કે, ઈજા નં.૧ બાઇટમાર્ક (બટકુ ભરવાથી) થયેલ અને ઈજા નં.૨ થી ૨૫ કોઇ સખત અને બોથડ પદાર્થથી થયેલ હતી અને તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી.

**૧૧.૩.** આંતરીક ઈજાઓમા માથાનાં તથા માથાનાં આગળનાં તથા બંને બાજુ નાં ટેમ્પોપરાઇટલ હાડકાનાં ભાગ ઉપર સ્કાલ્પ હિમેટોમા હતું, મગજનાં બધા અવયવો અકબંધ હતાં, માથાનાં અંદરનાં ભાગે અને ફ્રન્ટો ટેમ્પોરલ ભાગમા ફેલાયેલુ શબ ડયુરલ હેમરેજ હતું, મગજનો બાકીનો ભાગ ઝાંખો અને પોચો હતો, બંને ફેફસા ઝાંખા હતાં, પેટનાં બધા અવયવો ઝાંખા પડી ગયેલા હતાં, હોજરીમા ૨૦ થી ૩૦ એમ.એલ. જેટલુ પીળુ પ્રવાહી હતું.

**૧૧.૪.** ડોકટરનાં અભિપ્રાય મુજબ મૃત્યુનું કારણ માથાનાં ભાગે ઈજા થવાથી તથા તેને લીધે હેમરેજીક શોકમા જવાથી સાથે શરીર ઉપર ઘણી બધી ઈજાઓનાં લીધેલ થયેલ છે.

**૧૧.૫.** **ઉલટતપાસ**મા સાહેદ મુખ્યત્વે સ્વિકારે છે કે, તેમની સમક્ષ મરણ જનાર નાં કોઇ સગાવ્હાલાએ ઇંજરી અંગે કોઇ હિસ્ટ્રી આપેલી નથી, તેઓ સ્વિકારતા નથી કે, કન્ટયુઝન સામાન્ય સ્થિતિમા સાદી ઈજા ગણાય. તેઓ સ્વિકારે છે કે, કન્ટયુઝનમા નીચેનું ઓર્ગન ડેમેજ થયુ ન હોય તો, તે સાદી ઈજા ગણાય અને કન્ટયુઝનમા અંદરનાં ભાગે કોઇ ઓર્ગન ડેમેજ થયુ હોય તો તેનો પી.એમ. રીપોર્ટમા ઉલ્લેખ કર્યો હોય, આ કામે પી.એમ.મા દર્શાવેલ કન્યુઝનની તમામ ઈજામા નીચે કોઇ ઓર્ગન ડેમેજ થયેલ હોય તેવો કોઇ ઉલ્લેખ કરેલ નથી. તેઓ સ્વિકારે છે કે, ઈજા નં.૨

થી ૮ કુદરતનાં સામાન્ય નિયમ મુજબ મૃત્યુ નિપજાવવા માટે પુરતી ન હતી.

**૧૧.૬.** તેઓ સ્વિકારે છે કે, પી.એમ. રીપોર્ટનાં કોલમ નં.૧૭ મા દર્શાવેલી ઈજા ઓ પૈકી વ્યકિતગતરીતે કોઇ એક ઈજા મૃત્યુ નિપજાવવા માટે પુરતી ન હતી અને તે ઈજાઓમા કોઇ મેજર આર્ટરી કપાઇ હોય તેવું બનેલ નથી. તેઓ સ્વિકારે છે કે, સામાન્યરીતે કોઇ કઠણ અને બોથડ પદાર્થથી થયેલી ઈજા એ સી.એલ.ડબલ્યુ. પ્રકારની ઈજા છે. તેઓ સ્વિકારે છે કે, કોઈ બાળક એલ આકારનાં દાદરા પરથી પ્રથમ માળથી ગ્રાઉન્ડ ફલોર સુધી અકસ્માતે પડી જાય તો પી.એમ. રીપોર્ટનાં કોલમ નં.૧૭ મા દર્શાવેલી ઈજા નં.૨ અને ૪ સંભવી શકે. તેઓ સ્વિકારતા નથી કે, આવા પ્રકારનાં અકસ્માતમા ઈજા નં.૬ થી ૨૫ પણ સંભવી શકે. તેઓ સ્વિકારે છે કે, આ પ્રકારે બાળક પડી જાય તો એબ્રેઝન અને કન્યુઝનની ઈજા સંભવી શકે.

**૧૧.૭.** તેઓ સ્વિકારે છે કે, કન્ટયુઝનની ઈજા તાજી હોય તો તેનો કલર રેડીઝ બ્રાઉન હોય અને ૨૪ થી ૩૬ કલાક વચ્ચે બ્લુઈઝ બ્રાઉન થઈ જાય અને ત્યારબાદ કલર ઝાંખો પડતો જાય તેમજ કન્ટયુઝનની ઈજામા ૯૦ કલાક બાદ તેનો કલર રેડીઝ બ્રાઉન ન રહે તથા એબ્રેઝનની ઈજા પ્રથમ ૨૪ કલાક સુધી રેડીઝ બ્રાઉન અને બાદ ૪૮ કલાક સુધીમા બ્રાઉનીઝ રેડ અને બાદમા ડાર્ક બ્રાઉન થઈ જાય.

**૧૧.૮.** તેઓ સ્વિકારે છે કે, કોલમ નં.૧૭ મા દર્શાવેલી બાહય ઈજાઓ પૈકી ઈજા નં.૨ થી ૨૫ તે આંતરીક ઈજાઓ સાથે સુસંગત ન હતી. તેઓ સ્વિકારે છે કે, પી.એમ. કરતા સમયે બાઇટમાર્ક અંગે કોઇ ડેન્ટીસ્ટનો અભિપ્રાય લીધેલ નથી અને માથાની ઈજામા અંદરનાં હાડકાનું ફ્રેકચર તથા મેજર વેસલ્સ કપાયેલ હોય તેવું જણાઇ આવેલ નહીં.

**૧૨.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૧૧ તરીકે ડો.રાજેશભાઈ લક્ષ્મણભાઈ કંડોરીયાને આંક-૩૫ થી તપાસવામા આવેલા છે, તેઓ મુખ્યત્વે જણાવે છે કે, તેઓ નિલકંઠ સોસાયટીમા ક્રિષ્ના કલીનીકનાં નામે ડિસ્પેન્સરી ચલાવે છે, આશરે દોઢેક વર્ષ અગાઉ રાત્રિનાં આઠેક વાગ્યે કલીનીક પર એક મહિલા અને એક પુરુષ આશરે ચારથી પાંચ વર્ષની બાળકીને લઈ આવતા, બાળકીને તપાસેલ તો તે બેભાન હતી. બાળકીનાં સગાવ્હાલા ને પુછતા જણાવેલ કે, બાળકી સીડી ઉપરથી પડી ગયેલ હોવાથી બેભાન છે. બાળકીની સ્થિતિ સીરીયસ હોવાનાં કારણે તે લોકોને બાળકીને જી.જી. હોસ્પિટલે સમય બગાડયા વગર રીફર કરી લઈ જવા કહેલ.

**૧૨.૧.** તેમણે બે ત્રણ દિવસ પછી વર્તમાનપત્રમા વાંચેલ કે, આવેલ બાળકી ઉપર હુમલો થયેલ હતો, નહીં કે તે સીડી ઉપરથી પડી જવાના કારણે બેભાન થઇ ગયેલી. તેમને વી.સી. મારફત જેલમા હાજર રહેલ આરોપી બતાવવામા આવે છે જે જોઇને તે જ ભાઇ હતાં જે બાળકીને લઇને એક મહિલા સાથે કલીનીકે આવેલા તેમ ઓળખી બતાવે છે.

**૧૨.૨.** **ઉલટતપાસમા** તેઓ સ્વિકારે છે કે, તેમની પાસે જે બાળકીને લઇને આવવવાનું કહે છે તે અંગેનો લેખીત આધાર પોલીસને આપેલ નથી, તેમણે કોઈ સારવાર કરેલ ન હોવાથી તેણીને કેવા પ્રકારની ઈજા થયેલી તે કહી શકે નહીં. તેઓ સ્વિકારે છે કે, અચાનક ઇમરજન્સીમા કોઇ પેશન્ટ આવે તો વધારે પડતુ ધ્યાન પેશન્ટ ઉપર હોય, નહીં કે તેની સાથે આવેલ સગા વ્હાલા ઉપર. તેઓ સ્વિકારે છે કે, ચોકકસપણે એવું ન કહી શકે કે, આજરોજ ઓળખી બતાવેલ આરોપી જ બાળકીને લઇને મહિલા સાથે આવેલા.

**૧૩.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૧૫ તરીકે ડો.અજયસીંહ જોરુભા જાડેજાને આંક–૪૩ થી તપાસવામા આવેલા છે અને ૪૪ થી ૪૯ સુધી વચગાળા નું સારવાર સર્ટિફિકેટ મળવાની યાદી, વચગાળાનું સારવાર સર્ટિફિકેટ, પી.એમ. કરવાની યાદી, સેમ્પલ કલેકશન ફોર્મ, ઇંજરી સર્ટિફિકેટ અને સરવારનાં પેપર્સ રજુ કરવામા આવેલા છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તા.૨૨/૧૧/૨૦૨૩ નાં રોજ જામનગર જી.જી. હોસ્પિટલ મા પીડીયાટ્રીક વિભાગમા યુનીટ ૩ મા ફરજ પર હતાં ત્યારે, નિધિ પટેલ ઉ.વ.પાંચને તેનાં માતા સર્વરીબેન સાંજનાં કલાક–૯/૫૨ વાગ્યે સારવાર માટે લઇને આવતા તે બેહોશ હાલતમા હતી.

**૧૩.૧.** તેઓ વધુમા જણાવે છે કે, તેનાં શરીર ઉપર ઘણી બધી ઈજાઓ હતી, જેમા ઈજા નં.(૧)મલ્ટીપલ કન્ટુઝન શરીરનાં બંને પગનાં ઢીંચણ અને સાથળ ઉપર, (૨)પેટ પર બાઇટ માર્ક (બચકુ) ભર્યાની ઈજા, (૩) ડાબા હાથ તથા મોઢા ઉપર કન્ટુઝન, (૪)માથાની ડાબી બાજુ નીચે ના ભાગે સોજો, (૫)દર્દીનાં સિટિસ્કેન મુજબ માથાનાં આગળનાં ભાગ મા સબ ડયુરલ હેમરેજ તેમજ મગજનાં અંદરનાં ભાગે પણ હેમરેજ, (૬)માથાનાં આગળનાં ભાગે સબ એરાકનોઇડ હેમરેજ, (૭)ડાબા ફેફસામા મીનીમલ નીમોથોરેકસ (ફેફસાની બહાર અને છાતીની દિવાલ ની વચ્ચે હવાનું જમા થવુ), (૮)સિટિ સ્કેન મુજબ જમણા ફેફસાનાં ઉપરનાં ભાગે પેચી ઓપેસીટી હતું.

**૧૩.૨.** દર્દીને જી.જી. હોસ્પિટલમા પી.આઇ.સી.યુ. યુનિટમા સારવાર માટે રાખવામા આવેલી અને તેની સારવાર સાહેદે કરેલ હતી. ઉપરોકત ઈજા ઓ ગંભીર પ્રકારની હતી અને દર્દીનું મૃત્યુ નિપજાવી શકે તેવી હતી. સદરહુ દર્દી નિધિ પટેલ ચાલુ સારવાર દરમિયાન તા.૨૫/૧૧/૨૦૨૩ નાં રોજ રાત્રીનાં કલાક–૯/૪૦ વાગ્યે મરણ ગયેલ. તેઓનાં અભિપ્રાય મુજબ ઈજા નં.૧ અને ૩ થી ૮ હુમલો કરવાથી થયેલી ઈજા

ઓ હતી અને આવી ઈજાઓ સખત અને બોથડ પદાર્થ વડે તથા ઈજા નં.૨ બટકુ ભરવાથી થઇ શકે.

**૧૩.૩.** **ઉલટતપાસ**મા સાહેદ સ્વિકારે છે કે, સામાન્ય રીતે ઇંજરી સર્ટિફિકેટમા બનાવની ટૂંકી વિગતની નોંધ કરવામા આવે. તેઓ સ્વિકારે છે કે, આંક –૪૮ વાળા ઇંજરી સર્ટિફિકેટમા ''ફોલ ડાઉન ફ્રોમ સ્ટેર્સ એન્ડ ગોટ હેડ ઇંજરી એટ હર હોમ'' તેવી હીસ્ટ્રી છે. તેઓ સ્વિકારે છે કે, દર્દીની સાથે આવેલ દર્દીની માતાએ ઉપરોકત હિસ્ટ્રી આપેલી અને તે જ હિસ્ટ્રી સારવારનાં કાગળોમા પણ લખેલ છે. તેઓ સ્વિકારે છે કે, ઈજા નં.૧ અને ૩ થી ૮ સીડીઓ ઉપરથી પડી જવાથી થઇ શકે તેવી ઈજાઓ હતી. તેઓ જણાવે છે કે, આ બાબતે ચોકકસ અભિપ્રાય ફોરેન્સીક એકસપર્ટ આપી શકે. તેઓ સ્વિકારે છે કે, સરતપાસમા અભિપ્રાય આપેલ છે કે, ઈજા નં.૧ અને ૩ થી ૮ હુમલો કરવાથી અને સખત અને બોથડ પદાર્થ વડે કરવામા આવેલી ઈજાઓ હતી તેવી કોઇ હિસ્ટ્રી દર્દી સાથે આવેલ સગાએ આપેલ ન હતી. તેઓ સ્વિકારે છે કે, ઈજા નં.૨ વાળુ બાઈટ માર્ક હયુમન બાઇટ માર્ક હતું કે એનિમલ બાઈટ માર્ક હતું તે ચોકકસપણે કહી શકે નહીં.

**૧૪.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૨૦ તરીકે ડો.ધ્રુવિબેન જયસુખભાઇ ધમસાણીયાને આંક–૭૫ થી તપાસવામા આવેલા છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તા.૨૫/૧૧/૨૦૨૩ નાં રોજ જામનગર જી.જી. હોસ્પિટલમા પી.આઇ.સી.યુ. વોર્ડમા રેસીડેન્ટ ૩ મા ફરજમા હતાં દરમિયાન દર્દી નિધિ રમેશભાઇ પટેલ, ઉ.વ. ૫ ને તા.૨૨/૧૧/ ૨૦૨૩ નાં રોજ તેઓનાં વોર્ડમા દાખલ કરેલ, દર્દી અનકોન્શીયસ હતી, દર્દીની સારવાર તેઓએ તથા સાથેના કલીગ ડોકટરશ્રીઓએ કરેલી. દરમિયાન તા.૨૫/૧૧/૨૦૨૩ નાં રોજ દર્દીને પેટ ઉપર વચ્ચેનાં ભાગે થોડી ડાબી બાજુ બાઇટ માર્કમાથી સલાઇવા સેમ્પલ લેવા માટે પોલીસ

યાદી મળતા દર્દીનું સલાઈવા સેમ્પલ લઈ સાથે આવેલ પોલીસ કોન્સ્ટેબલને શીલબંધ હાલતમા સોંપી આપેલ.

**૧૪.૧.** દર્દીનુ બાઈટ માર્ક જોયેલુ અને દર્દીનો ફોટો લઈ બાદમા તેની ઉપર સારવાર તથા ડ્રેસીંગ કરેલુ. દર્દીને જે બાઈટ માર્ક હતું તે બાઈટ માર્ક સાહેદનાં અભિપ્રાય મુજબ કોઈ માણસ દ્વારા કરવામા આવેલુ હતું.

**૧૪.૨.** **ઉલટતપાસ**મા સાહેદ સ્વિકારતા નથી કે, તેઓ ચોકકસપણે એવું ન કહી શકે કે, દર્દીને પેટ ઉપર જે બાઈટ હતું તે હ્યુમન બાઈટ માર્ક ન હતું. તેઓ સ્વિકારે છે કે, ફોરેન્સીક ઓડેન્ટોલોજીનાં અભિપ્રાય લેવામા આવે તો, ચોકકસપણે એ નકકી કરી શકાય કે, આ બાઈટ માર્ક હ્યુમન બાઈટ માર્ક હતું કે કેમ. તેઓ સ્વિકારે છે કે, બાઈટ માર્ક ઉપરથી જે સેમ્પલ લેવામા આવે તેમા સલાઈવાની હાજરી છે કે કેમ તે એફ.એસ. એલ.નાં રીપોર્ટ વગર જાણી ન શકાય.

**૧૪.૩.** તેઓ સ્વિકારે છે કે, પેશન્ટ હોસ્પિટલે આવ્યુ ત્યારે એવી હિસ્ટ્રી હતી કે, પેશન્ટ દાદરા ઉપરથી તેનાં ઘરે પડી ગયેલ અને માથામા ઈજા થયેલી.

**૧૫.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૨૧ તરીકે ડો.પંકજભાઈ મનસુખભાઈ ખાણધરને આંક–૭૬ થી તપાસવામા આવેલા છે અને આંક–૭૭ થી ૭૯ સુધી આરોપીનાં ઓ.પી.ડી. કેસ પેપર્સ, આરોપીની મેડિકલ તપાસણીની યાદી અને સેમ્પલ કલેકશન ફોર્મ રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તા.૨૨/૧૧/૨૦૨૩ નાં રોજ જામનગર જી.જી. હોસ્પિટલમા મેડિકલ ઓફિસર તરીકે કેઝયુલ્ટી વિભાગમા ફરજ પર હતાં દરમિયાન દર્દી નિધિબેન પટેલ, ઉ.વ.૫, ડાયરેકટ પિડિયાટ્રિક ઈમરજન્સી વોર્ડમા ગયેલ હોય, બાદ પિડિયાટ્રિક ડોકટરનાં કહેવા મુજબ દર્દીને આર.એમ.એલ.સી. કરવા માટે દર્દીનાં

સગા ઓ.પી.ડી. કેસ પેપર્સ સાથે આવતા આર.એમ.એલ.સી. કરવામા આવેલ. તા.૧૮/૧૨/૨૦૨૩ નાં રોજ દર્દીનાં તમામ સારવારનાં રેકર્ડ ઉપરનાં કાગળો વંચાણે લઈ ઇંજરી સર્ટિફિકેટ તૈયાર કરેલ અને તા.૨૨/૧૧/૨૦૨૩ નાં રોજ રાત્રિનાં નવ વાગ્યે પોતાનાં ઘરે સીડી પરથી પડી જતા ઈજા થયેલી તેવું ઈન્ડોર કેસ પેપર્સમા નોંધેલ હોવાથી તે મુજબ ઇંજરી સર્ટિફિકેટમા નોંધેલ.

**૧૫.૧.** દર્દીનાં ઓ.પી.ડી. અને સારવારનાં કાગળો મુજબ દર્દીને ઈજા નં.(૧) મલ્ટીપલ કન્ટુઝન શરીરનાં બંને પગનાં ઢીંચણ અને સાથળ ઉપર, (૨)પેટ પર બાઈટ માર્ક (બચકુ) ભર્યાની ઈજા, (૩)ડાબા હાથ તથા મોઢા ઉપર કન્ટુઝન, (૪)માથાની ડાબી બાજુ નીચેનાં ભાગે સોજો, (૫)સિટિસ્કેન મુજબ માથાનાં આગળનાં ભાગમા સબ ડયુરલ હેમરેજ તેમજ મગજનાં અંદરના ભાગે પણ હેમરેજ, (૬)માથાનાં આગળનાં ભાગે સબ એરાકનોઈડ હેમરેજ, (૭)ડાબા ફેફસામા મીનીમલ નીમોથૉરેક્સ (ફેફસાની બહાર અને છાતીની દિવાલની વચ્ચે હવાનુ જમા થવુ), (૮)પેટનાં ડાબી બાજુનાં હાઈપોકોન્ડ્રીયમમા ૨x૨ સે.મી. નું ચકામુ જોવા મળેલ હતું.

**૧૫.૨.** દર્દીને થયેલ ઉપરોકત ઈજાઓ ગંભીર પ્રકારની હતી અને દર્દીનું મૃત્યુ નિપજાવી શકે તેવી હતી. દર્દીને તાત્કાલીક સારવાર ન મળે અને સારવાર દરમિયાન કોઇ કોમ્પ્લીકેશન થાય તો દર્દીનું મૃત્યુ થઈ શકે. દર્દીને થયેલ ઉપરોકત ઈજાઓ સાહેદનાં અભિપ્રાય મુજબ સીડી પરથી પડી જતા થઇ શકે. આ ઉપરાંત, કોઈ વ્યકિત દર્દીને ધકકો મારે અને ધકકો વાગવાથી દર્દી નીચે પડી જાય તો આવા પ્રકારની ઈજા થઈ શકે અને ઈજા નં.૨ તથા ૮ સીડી ઉપરથી પડી જવાથી ન થઈ શકે, પરંતુ બટકુ ભરવાથી થઈ શકે. ઉપરોકત નં.૨ અને ૮ સિવાયની ઈજાઓ કોઈ વ્યકિત દર્દીને હાથ વડે કે લાકડી વડે કે બોથડ પદાર્થથી માર મારે તો

પણ સંભવી શકે. દર્દીનું સારવાર દરમિયાન તા.૨૫/૧૧/૨૦૨૩ નાં રોજ કલાક ૯/૪૦ પી.એમ.નાં મૃત્યુ થયેલ છે.

**૧૫.૩.** તેઓએ વિશેષમા એવું પણ જણાવેલ છે કે, તા.૨૪/૧૧/૨૦૨૩ નાં રોજ જામનગર જી.જી. હોસ્પિટલમા કેઝયુલ્ટી વિભાગમા ફરજ પર હતાં ત્યારે, આરોપી વિરેન જાનકીદાસ રામાવતને પોલીસ યાદી સાથે પોલીસ કોન્સ્ટેબલ ઓમદેવસીંહ પી. જાડેજા સેમ્પલ લેવા માટે લાવતા તેને ડાબા હાથનાં  અંગુઠા ઉપર સ્ટારનું ટેટુ અને જમણી બાજુનાં ગળા નાં ભાગે કાળા કલરનું નિશાન હતું. આરોપીની સેમ્પલ લેવા માટેની સમજ કરી સહમતી બદલ સહી લઇ, બ્લડ સેમ્પલ તથા સલાઈવા સેમ્પલ લઈ શીલબંધ હાલતમા આવેલ પોલીસને સોંપી આપેલા.

**૧૫.૪. ઉલટતપાસમા સાહેદ** સ્વિકારે છે કે, એમ.એલ.સી. કેસ હોય ત્યારે સારવારનાં તમામ કાગળોનાં આધારે ઇંજરી સર્ટિફિકેટ તૈયાર કરવામા આવે છે, આંક-૪૮ વાળા ઇંજરી સર્ટિફિકેટમા ''ફોલ ડાઉન ફ્રોમ સ્ટેર્સ એન્ડ ગોટ હેડ ઇંજરી એટ હર હોમ'' તેવી હિસ્ટ્રી છે.

**૧૫.૫.** તેઓ સ્વિકારે છે કે, ઈજા નં.૧ તથા ૩ થી ૭ દર્દી સીડીઓ ઉપરથી પડી જાય અને દર્દીને જોરથી લાગે તો થઇ શકે તેવી હતી, દર્દીને ધકકો મારવાથી તેમજ હાથથી કે લાકડીથી કે બોથડ પદાર્થથી માર મારવામા આવ્યો હોય તેવી કોઇ હિસ્ટ્રી દર્દીનાં સારવારનાં કાગળોમા નોંધેલ ન હતી. દર્દીને જે બાઇટ માર્કવાળી ઈજા હતી તે હ્યુમન હતી કે એનીમલ દ્વારા કરવામા આવી હતી તે અંગે દર્દીને તેમણે તપાસેલ ન હોવાથી જણાવી શકે નહીં.

**૧૬.** ઉપરોકત તબિબિ અધિકારીઓનાં મૌખીક પુરાવા સાથે દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા ફરીયાદીનાં દિકરી/ગુજરનાર નિધિને તા.૨૨/૧૧/

૨૦૨૩ નાં રોજનાં બનાવમા ઈજાઓ થયેલી હોવાની અને તે ઈજાઓનાં કારણે તેણીનું સારવાર દરમિયાન મૃત્યુ થયેલ હકીકતો પુરવાર થાય છે અને થયેલી ઈજા કઠણ અને બોથડ પદાર્થથી થઈ શકે તેવો પણ તબિબિ અભિપ્રાય છે ત્યારે, ઉપરોકત તબિબિ અધિકારીઓનાં મૌખીક પુરાવાઓ સાથે દસ્તાવેજી પુરાવાઓ અને ફરીયાદીની દિકરી નિધિને થયેલી ઈજાઓની હકીકતો સાથે બચાવ પક્ષ તરફે ઉપરોકત કરવામા આવેલી નોંધ મુજબની તબિબિ અધિકારીઓની કરવામા આવેલી ઉલટ તપાસ સાથેનાં બચાવની હકીકતો ધ્યાને લેતા ગુજરનાર નિધિને થયેલી ઈજાઓ પૈકી બચકુ ભર્યાની ઈજાઓ સિવાયની ઈજાઓ સીડી પરથી પડી જવાનાં કારણે થઈ શકે અને બચકુ ભરવાની ઈજા હતી તે હયુમન બાઈટ હતું કે એનિમલ બાઈટ હતું તેની કોઈ તપાસ થયેલી નથી તેમજ સૌપ્રથમ દિકરી નિધિ સીડીઓ પરથી પડી ગયેલ હોવા મતલબની હિસ્ટ્રી નોંધવામા આવેલી છે તે મતલબની ઉલટતપાસ કરવામા આવેલી હોવાનું જણાય છે.

**૧૭.** આમ, તબિબિ પુરાવાઓની ઉપરોકત ચર્ચા લક્ષમા લેતા ફરીયાદ પક્ષ માત્ર તા.૨૨/૧૧/૨૦૨૩ નાં રોજ બનેલા બનાવમા ગુજરનાર નિધિને થયેલી ઈજાઓની હકીકતો તબિબિ પુરાવાઓને આધીન પુરવાર કરે છે. સદર કામે આરોપી વિરુદ્ધ સૌ પ્રથમ ઈ.પી. કોડ કલમ-૩૦૭, ૩૨૩ અન્વયેનો ગુન્હો દાખલ થયેલ અને બાદમા નિધિનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં ઈ.પી. કોડ કલમ-૩૦૨ નો ઉમેરો કરવામા આવેલો છે. તેથી, તે મુજબનું આંક-૮ થી તહોમતનામુ ફરમાવવામા આવેલ છે ત્યારે, તબિબિ પુરાવાને આધીન માત્ર તા.૨૨/૧૧/૨૦૨૩ નાં રોજ બનેલ બનાવ મા ગુજરનારને ઈજા થયેલી હોવાની હકીકત પુરવાર કરવી પુરતી નથી, પરંતુ આંક-૮ થી ફરમાવેલ તહોમતનામાની વિગતે ફરીયાદીને આરોપી સાથે પ્રેમ સબંધ હોવાથી લગ્ન કરવાનું કહેતા ફરીયાદીને સંતાનમા પાંચ વર્ષની દિકરી નિધિ હતી તેથી, લગ્ન કરી લઈશ પરંતુ, તારી દિકરીને

રાખીશ નહીં તેવું આરોપીએ કહેલ અને નિધિ આડખીલી બનતી હોવા થી આરોપીએ તા.૨૨/૧૧/૨૦૨૩ નાં કલાક-૧૮-૩૦ વાગ્યે ઢીંચડા રોડ, નાયરા પેટ્રોલ પંપ સામે, તિરુપતિ પાર્ક, કિરિટસીંહનાં મકાનમા, જામનગર મુકામે ફરીયાદીનાં ઘરે નિધિને તું મરતી નથી અને અમારો રસ્તો સાફ કરતી નથી તેમ કહી, પોતાનાં કૃત્યથી તેણીનું મોત નિપજશે તેમ જાણતા હોવા છતાં, તેણીને પેટમા બચકુ ભરી, વેલણ વડે બંને હાથ, બંને પગ, મોઢા અને માથામા આડેધડ મારી, સ્વૈચ્છાપૂર્વકની જીવ લેણ ગંભીર ઈજાઓ કરતા સારવાર દરમિયાન તેણીનું મોત નિપજેલ હોય, આરોપીએ ફરીયાદીનું ખૂન કરેલ હોવાની હકીકત પુરવાર કરવી જરૂરી છે. તેથી, ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ સમગ્ર મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેવા જરૂરી બને છે.

**૧૮.** વિશેષમા, આરોપી વિરુદ્ધ જયારે, ઇ.પી. કોડ કલમ-૩૦૨, ૩૦૭, ૩૨૩ મુજબનાં ગુન્હાનું તહોમતનામુ ફરમાવવામા આવેલ હોય ત્યારે, પ્રથમ રજુ થયેલ પુરાવાઓને આધીન આરોપીનું વર્તન, તેનું ગુન્હાહીત માનસ અને રેકર્ડ પરનાં સંજોગો તેવા આરોપીનાં ગુન્હાહીત ઈરાદાને, ગુન્હાહીત માનસને અને જ્ઞાનને સમર્થન કરે છે કે કેમ? સબબ, પ્રથમ ઇ.પી. કોડ કલમ-૨૯૯, ૩૦૦ અને ૩૦૨ નાં પ્રબંધો અને તત્વો ધ્યાને લેવા જરૂરી બને છે.

**૧૯. <u>ઇ.પી. કોડ કલમ- ૨૯૯.</u> <u>સાપરાધ મનુષ્ય વધ</u> ::-**

કોઈપણ વ્યકિત મૃત્યુ નિપજાવવાનાં ઈરાદાથી અથવા તેથી મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરીક ઈજા પહોંચાડવાનાં ઈરાદાથી અથવા પોતાનાં કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવે તેવો સંભવ છે તેવા જ્ઞાન સાથે કોઈ કૃત્ય કરીને મૃત્યુ નિપજાવેલ તે સાપરાધ મનુષ્ય વધનો ગુન્હો કરે છે.

**<u>તત્વો</u>** ::-

**૧.** આરોપીએ કોઈ કૃત્ય કર્યુ અથવા કાર્યલોપ આચર્યો.

**૨.** જે કારણે ભોગ બનનારનું મૃત્યુ થયુ,

**૩.** આરોપીએ આવુ કૃત્ય :

-::- મૃત્યુ નિપજાવવાનાં ઈરાદાથી કર્યુ અથવા,

-::- તેથી મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરીક ઈજા પહોંચાડવાનાં ઈરાદાથી કર્યુ અથવા,

-::- પોતાનાં તેવા કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવે તેવો સંભવ છે તેવા જ્ઞાન સાથે કર્યુ.

**૧૯.૧.** ઈ.પી. કોડ કલમ-૨૯૯ નાં પ્રબંધો અને તત્વો સાથે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓને આધીન આ કામનાં આરોપીનો ઈરાદો પણ પુરવાર કરવો જરૂરી છે. એટલે કે, આરોપીનો એક માત્ર ઈરાદો ગુજરનારનું મૃત્યુ નિપજાવવાનો જ હતો તેવી હકીકત પણ રજુ થયેલ પુરાવાને આધીન પુરવાર કરવી જરૂરી છે.

**૧૯.૨.** Motive, Intention, Knowledge માટે અત્રે આશય, ઈરાદો તથા જ્ઞાન અથવા જાણકારી એવા શબ્દો પ્રયોજવા મા આવ્યા છે તથા આ શબ્દો તેનો નિકટતમ અર્થ દર્શાવે છે. આ ત્રણે શબ્દો ભાવનાત્મક છે, જે વ્યકિતનાં મનમા પોષાય છે અને તેથી, આ શબ્દોની વ્યાખ્યા શબ્દબદ્ધ કરી શકાય નહીં. આશય તથા ઈરાદામા તફાવત છે. કોઈપણ કૃત્ય કરવા માટે આશય તે વ્યકિતની પ્રાથમિક માનસીક અવસ્થા છે. તેને પાર પાડવા માટેની માનસીક પ્રક્રિયા બાદ ઈરાદો આકાર લે છે. કોઈ ગુન્હો પુરવાર કરવા માટે આશય પુરવાર કરવો તે આવશ્યક નથી પરંતુ, ઈરાદો પુરવાર કરવો તે આવશ્યક છે. કારણ કે, ઘણાં ખરા ગુન્હામા દુષિત માનસ-MENS REA- મહત્વનું તત્વ છે તથા માનસીક અવસ્થા આ ગુન્હામા સવિશેષપણે અગત્યતા ધરાવે છે.

**૧૯.૩.** ઈરાદો માનસીક અવસ્થા છે જે નિશ્ચિત પ્રક્રિયા બાદ બંધાય છે. ઈરાદા પૂર્વક કૃત્ય કરતી વ્યકિત તથા ઈરાદા વગર કૃત્ય કરતી વ્યકિતની વચ્ચે તફાવત પાડવો મુશ્કેલ નથી. ઈરાદાપૂર્વક વર્તતી વ્યકિતએ કૃત્ય કરવા માટે નિર્ણય કર્યો હોય છે. કયારેક અચાનક બનાવ બની જાય ત્યારે, તે પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થઈ હોય છે. કૃત્ય કરવા માટેનો સમય, તે માટેની તક, સ્થળ, હથીયાર, કરવામા આવેલી ઈજા, બનાવ પહેલા, બનાવ સમયે, બનાવ બાદનું વર્તન વિગેરે તમામ બાબતો લક્ષ પર લેવાથી નકકી થઈ શકે કે ઈરાદો હતો કે કેમ? ઈરાદાપૂર્વક વર્તની કે કૃત્ય કરતી વ્યકિતનાં તમામ કૃત્યો, તમામ હલચલ, તમામ વ્યવહાર ગણતરી પૂર્વકનાં (Calculative) હોય છે. કારણ કે, તે જે કૃત્ય કરે છે તે ચોકકસ ઈરાદો પાર પાડવા માટે કરે છે. વ્યકિત કૃત્ય કરે ત્યારે, તેની અભિવ્યકિત, વ્યવહાર તથા ગુન્હામા રહેલા શારીરીક તત્વનાં કારણે હંમેશા ઈરાદો છતો થઈ જાય છે.

**૧૯.૪.** આ કલમમા બે પ્રકારનાં ઈરાદા દર્શાવવામા આવ્યા છે જે વૈકલ્પિક છે. મૃત્યુ નિપજાવવાનો ઈરાદો પ્રથમ દર્શાવવામા આવ્યો છે તથા ત્યાર બાદ, વિકલ્પે મૃત્યુ નિપજાવવાનો સંભવ હોય તેવી શારીરીક ઈજા પહોંચાડવાનો ઈરાદો દર્શાવવામા આવ્યો છે. તેવી ઈજા પહોંચાડવાનો ઈરાદો કે જે કારણે મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી ઈજા અત્યંત અગત્યની બાબત છે. તે આ કલમનું મહત્વનું પાસુ છે. ઘણાં કિસ્સામા ઈરાદો પુરવાર ન થાય ત્યારે, શારીરીક ઈજા તો પ્રત્યક્ષ પુરાવારૂપે હોય જ છે. વ્યકિત સાપરાધ મનુષ્ય વધનાં ગુન્હામાથી છટકી ન શકે તે માટે આ પ્રકારની ઈજા માટેનો ઈરાદો પણ કલમમા વણી લેવામા આવ્યો છે. મનુષ્ય વધનું સીધુ કારણ ઘણાખરા કિસ્સામા થવા પામેલી ઈજા જ હોય છે અને મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરીક ઈજા પહોંચાડવાનો ઈરાદો વધારે સહેલાઈપૂર્વક તારવી શકાય. કારણ કે, ભોગ બનનારને થયેલી ઈજાઓ માટે પ્રત્યક્ષ પુરાવો હોય છે તથા

તબિબિ અભિપ્રાય અને સામાન્ય જ્ઞાન થી કે તે કારણે મૃત્યુ નિપજવા ની સંભાવના હતી કે કેમ અને તેવી સંભાવના હોય ત્યારે, તેવી શારીરીક ઈજા પહોંચાડવાનો ઈરાદો હતો કે કેમ? મૃત્યુ નિપજાવવાનો ઈરાદો તથા જેથી મૃત્યુ નિપજવા સંભવ હોય તેવી શારીરીક ઈજા પહોંચાડવા નો ઈરાદો આ બંનેમા કૃત્ય કરનાર ની માનસીક અવસ્થામા તફાવત હોય છે. મૃત્યુ નિપજાવવાનો ઈરાદો ધરાવતી વ્યકિત નિર્ણય કરી ચુકી હોય છે. જયારે, તેવી શારીરીક ઈજા પહોંચાડવાનો ઈરાદો ધરાવતી વ્યકિત મૃત્યુ નિપજાવવા ઈચ્છતી હોય છે. તેની આ ઈચ્છા મૃત્યુ નિપજાવવાનાં ઈરાદામા, નિર્ણયમા પરિવર્તિત થઈ હોતી નથી. અલબત્ત, બંને કિસ્સામા પરિણામ તો એક જ આવે છે. પરંતુ, માનસીક પ્રક્રિયા, માનસીક અવસ્થામા તફાવત હોય છે. જો કે, અપરાધનાં તત્વ મા વિશેષ તફાવત હોતો નથી. વ્યકિતની માનસીક પ્રક્રિયા ગૂઢ છે, રહસ્યમય છે, ભાવનાત્મક છે. છતાં પણ, કોઈ વ્યકિતનાં વર્તન તથા સંજોગો પરથી તારખવી શકાય કે તેનો શું ઈરાદો હતો.

**૨૦.** **ઈ.પી. કોડ કલમ-૩૦૦** ::-

હવે પછી અત્રે દર્શાવેલા અપવાદોનાં કિસ્સા સિવાય સાપરાધ મનુષ્ય વધ તે ખૂન છે જો, જેથી મૃત્યુ નિપજયુ હોય તે કૃત્ય મૃત્યુ નિપજાવવા નાં ઈરાદાથી કર્યુ હોય અથવા,

**બીજુ** : જો, ગુન્હેગારને એવું જ્ઞાન હોય કે જે વ્યકિતને શારીરીક હાની પહોંચાડવાનાં ઈરાદાથી કર્યુ હોય અથવા,

**ત્રિજુ** : જો, કોઈ વ્યકિતને શારીરીક ઈજા પહોંચાડવાનાં ઈરાદાથી કર્યુ હોય અને શારીરીક ઈજા પહોંચાડવા ધારી હોય તે કુદરત નાં સામાન્ય ક્રમમા મૃત્યુ નિપજાવવા પુરતી હોય અથવા,

**ચોથુ** : જો, કૃત્ય કરનાર વ્યકિતને જ્ઞાન હોય કે તે એવું તત્કાલીક ભયજનક છે કે તમામ શકયતાઓ વચ્ચે મૃત્યુ જ નિપજે અથવા તેવી શારીરીક ઈજાથી મૃત્યુ નિપજવાની પુરી

સંભાવના હોય તથા મૃત્યુ નિપજાવવા માટે કે ઉપરની ઈજા પહોંચાડવા માટેનું જોખમ લેવાનાં કોઈ જ કારણ વગર તે કૃત્ય કર્યું હોય.

**૨૦.૧. <u>કુદરતનાં સામાન્ય ક્રમમા માનવીનું મૃત્યુ નિપજાવવા માટે પુરતી ઈજા</u>::-**

આ પ્રકારે નીચે મુજબનાં શબ્દો કલમમા વાપરવામા આવ્યા છે ::-

"જો કોઈ વ્યકિતને શારીરીક રીતે હાની પહોંચાડવાનાં ઈરાદાથી કૃત્ય કર્યુ હોય અને શારીરીક ઈજા પહોંચાડવા ધારી હોય તે ઈજા કુદરતનાં સામાન્ય ક્રમમા મૃત્યુ નિપજાવવા પુરતી હોય.."

**૨૦.૨.** ખૂન ગણાય તેવા સાપરાધ મનુષ્ય વધમા પ્રથમ ત્રણ પ્રકારમા વ્યકિત નો ઈરાદો, માનસીક તત્વ અગત્યનાં છે. પ્રથમ પ્રકારમા મહત્વનું તત્વ ઈરાદો છે, બીજા પ્રકારમા ઈરાદો તથા જ્ઞાન અગત્યનાં છે. ત્રિજા પ્રકાર મા શારીરીક ઈજા પહોંચાડવાનો ઈરાદો તથા મૃત્યુ નિપજવા માટેની સંભાવનાની ઉંચી માત્રા અગત્યનાં છે. જયારે, ચોથા પ્રકારમા મૃત્યુ જ નિપજે તેવું કૃત્ય જયારે ગુન્હાહીત જ્ઞાન સાથે કરવામા આવે ત્યારે, તે કારણે નિપજેલ મનુષ્ય વધ "ખૂન" ગણાય. ત્રિજા પ્રકારમા મહત્વનું તત્વ કુદરતનાં સામાન્ય ક્રમમા મૃત્યુ નિપજે તે છે. આ પ્રકારનું વિશ્લેષણ કરવા મા આવે તો, નીચેનાં તત્વો સ્પષ્ટ થાય છે ::-

**૧.** મૃત્યુ પામનારનાં શરીર પર ઈજા,

**૨.** આ ઈજા આરોપીએ પહોંચાડી હોય,

**૩.** આરોપીનો તેવી ઈજા પહોંચાડવાનો ઈરાદો હોય એટલે કે, અકસ્માતે કે ઈરાદા વગર અન્ય કોઈરીતે ઈજા થવા પામી ન હોય તથા,

**૪.** તેવી શારીરીક ઈજા કુદરતનાં સામાન્ય ક્રમમા માનવીનું મૃત્યુ નિપજાવવા માટે પુરતી હોય.

**૨૦.૩.** ચોથા તત્વ પ્રમાણે મૃત્યુ નિપજાવવા માટે પુરતી ઈજા થવા પામે તે અગત્ય ની બાબત આ ત્રિજા પ્રકારમા છે કે જે કારણે સાપરાધ મનુષ્ય વધ ખૂન ગણાય. તે ઈજાનાં કારણે મૃત્યુ નિપજવાની શકયતાની માત્રા અત્યંત ઉંચી હોય છે. કરવામા આવેલી ઈજા ઈરાદાપૂર્વક કરવામા આવી હોય તથા કુદરતનાં સામાન્ય ક્રમમા તે ઈજા માનવીનું મૃત્યુ નિપજાવવા માટે પર્યાપ્ત હોય. ફરીયાદ પક્ષે પ્રથમ તે બાબત પુરવાર કરવાની રહે કે, ભોગ બનનાર વ્યકિતને ઈજા થવા પામી હતી તે ઈજા આરોપીએ પહોંચાડી હતી તથા તે ઈજા અકસ્માત કે દુર્ઘટના કે બેદરકારીનાં કારણે નહીં પરંતુ, ઈરાદાપૂર્વક કરવામા આવી હતી. આટલી બાબત પુરવાર કર્યા બાદ મહત્વનું પાસુ એ છે કે, તેવી ઈજા કુદરતનાં સામાન્ય ક્રમમા મૃત્યુ નિપજાવવા પુરતી હતી કે કેમ? આ બાબત પુરાવા ઉપર આધારીત ગણાય. આ પ્રકારની ઈજા પુરતી હતી કે કેમ? તે બાબત સામાન્ય જ્ઞાન તથા તબિબિ અભિપ્રાય પરથી અવશ્યપણે નકકી કરી શકાય. આરોપીનો મૃત્યુ નિપજાવવાનો ઈરાદો આ પ્રકારમા ગૌણ બની જાય છે. માત્ર ઈરાદાપૂર્વકની ઈજા અને મૃત્યુ નિપજાવવા માટેની પર્યાપ્તતા તે પુરાવો પુરતો ગણાય. મૃત્યુ નિપજશે જ તેનું ચોકકસ જ્ઞાન પણ આ પ્રકાર માટે આવશ્યક નથી. આ કલમ-૩૦૦ નાં પ્રકાર (૩) ની ચર્ચા કરતા **વિરસા સીંઘ વિરૂદ્ધ પંજાબ રાજય**મા નામદાર સર્વોચ્ચ અદાલતે નોંધ્યુ છે કે ::-

> "The prosecution must prove the following facts before it can bring a case under section 300. Thirdly ; frst it must establish quite objectively that a bodily injury is present , secondly the nature of the injury must be proved. These are purely objective investigations. It must be proved that there was an intention to infict that particular injury, that is to say , that it was not accidental or unintentional or that some other kind of injury was intended. Once these three elements are proved to be present, the enquiry proceeds further and fourthly it must be proved that the injury of the type of just described made up of the three elements set our above was sufcient to cause death in the ordinary course of nature. This

part of the enquiry is objective and infrential and has nothing to do with the intention of the ofender."

**૨૦.૪.** ચર્ચા પરથી સ્પષ્ટ કહી શકાય કે, મૃત્યુ નિપજાવવાનો ઈરાદો અથવા તેવી ઈજાથી મૃત્યુ નિપજશે તેવું જ્ઞાન આવશ્યક નથી. માત્ર ઈજા, ઈજા નો પ્રકાર, તેવી ઈજા પહોંચાડવાનો ઈરાદો તથા કુદરતનાં સામાન્ય ક્રમ મા તેવી ઈજાઓ મૃત્યુ નિપજાવવા માટે પુરતી હતી, આ બાબતો ફરીયાદ પક્ષ પુરવાર કરી શકે તો, તેવો સાપરાધ મનુષ્ય વધ કલમ-૩૦૦ નાં પ્રકાર (૩) હેઠળ ખૂન ગણાય. ભોગ બનનારને થવા પામેલી ઈજાઓ કુદરતનાં સામાન્ય ક્રમમા મૃત્યુ નિપજાવવા પુરતી હતી કે કેમ? તે આખર તો, પુરાવાનો વિષય છે, જે માટે સહાયરૂપ થઈ શકે તેવા વિવિધ ચુકાદાઓનો ઉલ્લેખ કરવો આવશ્યક છે. પેટની નીચેનાં ભાગમા માત્ર ચાકુનો એક ઘા મારવામા આવ્યો જે કારણે ભોગ બનનારનું મૃત્યુ થયુ, થવા પામેલી ઈજા કુદરતનાં સામાન્ય ક્રમમા મૃત્યુ નિપજાવવા માટે પુરતી હતી અને તેથી, તે સાપરાધ મનુષ્ય વધ ખૂન ગણાય. આ કિસ્સામા ઈજા પુરતી હતી તથા તેવી ઈજા પહોંચાડવાનો ઈરાદો હતો તથા મહત્વનાં અવયવ પર ઈજા કરવામા આવી હતી.

**૨૧.** **<u>ઈ.પી. કોડ કલમ-૩૦૨ ખૂન માટે સજા</u>** ::-

કોઈપણ વ્યકિત ખૂન કરે તેને દેહાંત દંડ અથવા આજીવન કેદની સજા કરવામા આવશે તથા તે દંડને પાત્ર થશે.

**<u>ખૂન-સારતત્વ</u>** ::-

ઈ.પી. કોડ કલમ-૩૦૦ ની સમાલોચનામા સાપરાધ મનુષ્ય વધ જે ખૂન ગણાય તથા સાપરાધ મનુષ્ય વધ જે ખૂન ન ગણાય તેની ચર્ચા કરવા મા આવી છે. આ કલમ ખૂન માટેની સજા દર્શાવે છે. તેથી, પુનરોકિતનાં દોષ સાથે સારતત્વ અત્રે આપેલ છે ::-

**૧.** સાપરાધ મનુષ્ય વધ થવા પામેલ હોય,

**૨.** આરોપીએ કોઈ કૃત્ય અથવા કાર્યલોપ આચર્યો હોય,

**૩.** જે કારણે ભોગ બનનારનું મૃત્યુ નિપજયુ હોય,

**૪.** આરોપીએ કરેલુ કૃત્ય ::-

-::- મૃત્યુ નિપજાવવાનાં ઈરાદાથી કરેલ હોય અથવા,

-::- આરોપીને જ્ઞાન હોય કે જે વ્યકિતને શારીરીક હાની પહોંચી છે તેનું કૃત્યુ નિપજવા સંભવ છે તથા તેવી શારીરીક હાની પહોંચાડવાનાં ઈરાદાથી કર્યુ હોય અથવા,

-::- શારીરીક હાની પહોંચાડવાનાં ઈરાદાથી કર્યુ હોય તથા જે ઈજા પહોંચાડવા ધારી હોય તે ઈજા કુદરતનાં સામાન્ય ક્રમમા મૃત્યુ નિપજાવવા માટે પુરતી હોય અથવા,

-::- કૃત્ય કરનાર વ્યકિતને જ્ઞાન હોય કે કૃત્ય તત્કાલીન એવું ભય જનક છે કે તમામ શકયતાઓ વચ્ચે મૃત્યુ જ નિપજે અથવા તેવી શારીરીક ઈજાનાં કારણે મૃત્યુ નિપજવાની સંભાવના હોય તથા મૃત્યુ નિપજાવવા કે ઉપર મુજબની ઈજા પહોંચાડવા માટે નું જોખમ લેવા માટેનાં કોઈ જ કારણ વગર કૃત્ય કરવામા આવેલ હોય.

**૨૨.** ઉપરોકત ઈ.પી. કોડ કલમ-૨૯૯, ૩૦૦, ૩૦૨ નાં પ્રબંધો અને તત્વો સાથે ઉપરોકત રજુ થયેલા મેડિકલ ઓફિસરશ્રીઓનાં મૌખીક પુરાવાઓ સાથે ઈંજરી સર્ટિફિકેટો, સારવારનાં કાગળો અને પી.એમ. નોટને ધ્યાને લેતા હકીકત સ્પષ્ટ જણાય છે કે, ગુજરનારનાં શરીર ઉપર ઈજાઓ મળી આવેલી છે તે ઈજાઓ રજુ થયેલ પી.એમ. નોટ ધ્યાને લેતા તેનાં કોલમ નં.૧૭ મા જણાવેલી ઈજાઓ ગુજરનારને અન્ય કોઈરીતે થયેલી હોય તેવી હકીકતને સમર્થન કરતી નથી.

**<u>મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓની સંયુકત ચર્ચા</u>** ::-

**<u>ફરીયાદી અને સાહેદોનાં પુરાવાઓની ચર્ચા</u>** ::-

**૨૩.** સદર કામે આંક-૧૬ થી રજુ થયેલ ફરીયાદ હકીકત અને આરોપી વિરુદ્ધ આંક-૮ થી ફરમાવેલ તહોમતનામા સાથે ઉપરોકત ઇ.પી. કોડ

કલમ-૨૯૯, ૩૦૦ અને ૩૦૨ નાં પ્રબંધો, તત્વો તથા રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેવામા આવેલ છે.

**૨૪.** ફરીયાદ પક્ષ તરફે ફરીયાદી/ગુજરનારની માતા સરવરીબેન મનિષભાઇ જાનીને સાહેદ નં.ર તરીકે આંક-૧૫ થી તપાસવામા આવેલા છે. તેઓ મુખ્યત્વે જણાવે છે કે, તેમણે તા.૨૨/૧૧/૨૦૨૩ નાં રોજ જી.જી. હોસ્પિટલ ખાતે બાળકોનાં વોર્ડમા ફરીયાદ નોંધાવેલી અને તેમની દિકરીનું નામ નિધિ હતું, તેની ઉંમર પાંચ વર્ષ હતી. ફરીયાદીએ ૨૦૧૭ મા રવિભાઈ રમેશભાઈ પાનસુરીયા સાથે લગ્ન કરેલા તેનાથી દિકરી નિધિ હતી અને બનાવનાં આશરે બે મહિના પહેલા પતિ સાથે અણ બનાવ બનતા છુટાછેડા લીધેલા હતાં.

**૨૪.૧.** ફરીયાદી જણાવે છે કે, તેઓ વિરેન જાનકીદાસ રામાવતને ઓળખતા નથી. ફરીયાદી છુટાછેડા થયા બાદ દિકરી નિધિ સાથે તિરુપતિ સોસાયટી, ઢીંચડા રોડ, ભાડાનાં મકાનમા રહેતા હતાં. તેણી જામનગર મા પંચવટી પાસે આવેલ ડિપાર્ટમેન્ટલ સ્ટોરમા ૨૦૧૬-૨૦૧૭ મા નોકરી કરતા હતાં તે વખતે વિરેન જાનકીદાસ રામાવત પણ ત્યાં જ નોકરી કરતા હતાં. તેમને વિરેન સાથે ફોનમા વાત કરવાનાં કે ઘરે આવવા જવાનો કયારેય પ્રસંગ બનેલ નથી.

**૨૪.૨.** તા.૨૨/૧૧/૨૦૨૩ નાં રોજ સાંજનાં આશરે સાત સાડા સાત આસપાસ ફરીયાદી રસોઇ બનાવતા હતાં ત્યારે નિધિ હોલમા રમતી હતી અને પગથીયા નીચે પડી ગયેલ, જયાં નીચે વાસણો તથા નાના પથ્થરો પડેલ હતાં અને બાજુમા એક દિવાલ હતી તેમા તેનું માથુ પછડાતા રોકકળ કરતા નીચે જઇને જોયુ તો, નિધિ બેભાન હોવાથી નજીકની ક્રિષ્ના કલીનિકમા લઇ ગયેલ અને ડોકટરે જી.જી. હોસ્પિટલ લઇ જવા નું કહેતા રીક્ષામા ત્યાં લઇ ગયેલ. બાદ પિતા તથા પતિને ફોન કરતા

તેઓ આવી ગયા બાદ પોલીસ હોસ્પિટલે આવેલ અને પુછપરછ કરેલ. દિકરી જી.જી. હોસ્પિટલમા ત્રણથી ચાર દિવસ સુધી સારવાર હેઠળ રહેલ, બાદ તેને મૃત જાહેર કરેલ. ફરીયાદી ફરીયાદમા પોતાની સહી તથા આરોપીને ઓળખી બતાવે છે.

**૨૪.૩.** ફરીયાદીને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે અને ત્યારબાદ કરવામા આવેલી ઉલટતપાસમાથી પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થઇ શકે તેવી કોઇ જ હકીકત તેમણે જણાવેલી નથી.

**૨૪.૪.** **આરોપી તરફેની ઉલટતપાસ**મા ફરીયાદી સ્વિકારે છે કે, પોલીસે લખાણ મા સહી લીધેલી તે વાંચેલ નહીં, પોલીસને દિકરી પહેલા માળેથી દાદરા થી નીચે પડી ગયેલ તેમ લખાવેલ તેમજ ડોકટર રુબરુ અને માતા-પિતા તથા પતિને પણ આ જ હકીકત જણાવેલ, આરોપીએ તેમની દિકરીને કોઇપણ પ્રકારની ઈજા કરેલી નથી.

**૨૫.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.પ તરીકે ફરીયાદીની માતા છાયાભાઇ મનિષકુમાર જાનીને આંક-૨૪ થી તપાસવામા આવેલા છે, તેમણે મુખ્યત્વે એવો પુરાવો આપેલ છે કે, તેમની દિકરી સરવરીનાં લગ્ન રવિ પટેલ સાથે થયેલા હતાં અને મતભેદનાં કારણે તેની સાથે છુટાછેડા થઇ ગયેલા. તેણી બે ત્રણ મહિનાથી વિરેન જાનકીદાસ એટલે કે, હાલનાં આરોપી સાથે રહેતી હતી.

**૨૫.૧.** તા.૨૨/૧૧/૨૦૨૩ નાં રોજ આરોપી સાહેદની દિકરી સરવરી તથા મરણ જનારને સાહેદનાં ઘરે લેવા આવેલ અને કહેલ કે, સાંજે પાંચ છ વાગ્યે પરત મુકી જઇશ અને સાડા છ વાગ્યા સુધી નહીં આવતા દિકરીને ફોન કરતા જણાવેલ કે, તું રાહ જોઇશ નહીં, હુ જમીને આવીશ. બાદ રાત્રે એકાદ વાગ્યે આરોપીનો ફોન આવેલ અને તમે કયાં છો તેમ પુછતા ઘરે

છું તેમ જણાવતા કાંઇ નહીં તેમ કહી ફોન કાપી નાખેલ. બાદમા રાત્રિનાં અઢી વાગ્યે દિકરીનાં ફોનમાથી પોલીસનો ફોન આવેલ કે, તમે જી.જી. હોસ્પિટલ આવો, તેથી ત્યાં પોતાનાં પતિ સાથે જતા મરણ જનાર ત્યાં હતી, તેનાં હાથ પગમા નળી હતી અને આંખ ખુલ્લી હતી તથા પેટ પર બટકુ ભરેલાનું નિશાન હતું. સાહેદે પોતાની દિકરીને પુછતા જણાવેલ કે, તેણી અંદરનાં રુમમા સુતી હતી અને મરણ જનાર બહાર સુતી હતી ત્યારે, આરોપીએ ઉઠાડી કહેલ કે, જો તો મરણ જનારને શું થઇ ગયુ છે, બાદમા મરણ જનારને પહેલા પ્રાઈવેટ હોસ્પિટલે લઇ ગયેલા ત્યાં જી.જી. હોસ્પિટલમા લઇ જવાનું કહેતા ત્યાં લઇ ગયેલ અને આરોપીએ કહેલ કે, હું પાછળથી આવુ છું અને સાહેદની દિકરીએ આરોપી વિરુદ્ધ ફરીયાદ કરેલી.

**૨૫.૨.** સાહેદને **વિ.એ.પી.પી.શ્રી**એ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે અને ત્યારબાદ કરવામા આવેલી **ઉલટતપાસ**મા સાહેદ સ્વિકારે છે કે, પોતાનાં પોલીસ રુબરુનાં નિવેદનમા એવી હકીકત લખાવેલી છે કે, "મેં મારી દિકરી સરવરીને પુછતા જણાવેલ કે, આ વિરેન રામાવત મને તેમજ મરણ જનારને બપોરનાં બે વાગ્યે આપણાં ઘરે આવેલ અને તેડી ગયેલ અને વિરેનને કહેલ કે, લગ્ન કયારે કરીશ તેથી, તેણે કહેલ કે, મરણ જનાર મારે જોઇતી નથી, આમ કહેતા અમારા બંને વચ્ચે બોલાચાલી થયેલ અને સાંજનાં આશરે સાડા છ વાગ્યે વિરેને મરણ જનારને પેટમા બચકુ ભરી, તમાચો અને વેલણથી તેનાં શરીરે માર મારતા મરણ જનારની તબિયત બગડતા જી.જી. હોસ્પિટલ લઇ ગયેલ અને ત્યાં મરણ જનારની તબિયત ખૂબ જ નાજુક છે અને વેન્ટીલેટર ઉપર છે."

**૨૫.૩.** **આરોપી તરફેની ઉલટતપાસ**મા સાહેદ સ્વિકારે છે કે, તેમણે સરતપાસ મા જણાવેલી વિગતો આ પહેલા અન્ય કયાંય જણાવેલ નથી અને

તેમની દિકરી અને વિરેન બે ત્રણ મહિનાથી સાથે રહેતા હતાં તેવું પોલીસ રુબરુનાં નિવેદનમા લખાવેલ નથી. સાહેદે વિ.એ.પી.પી.શ્રીની ઉલટતપાસમા પોલીસ રુબરુનાં નિવેદનમા લખાવેલ હકીકતનો સ્વિકાર કરેલ છે તે અન્વયે આરોપી તરફેની ઉલટતપાસમા આવી હકીકત તેમણે પોલીસ રુબરુનાં નિવેદનમા લખાવેલી નથી તેવું જણાવેલ છે.

**૨૫.૪.** વિશેષમા, સાહેદે એ હકીકત સ્વિકારેલી નથી કે, તેમને દિકરી સરવરીએ તેમને ફોન કરીને જણાવેલ કે, મરણ જનાર પડી ગયેલ છે. તેમણે એ હકીકત પણ સ્વિકારેલી નથી કે, તેમની દિકરી સરવરીએ આજ દિન સુધી એવું જણાવેલ કે, મરણ જનાર દાદરા ઉપરથી પડી ગયેલ છે.

**૨૬.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૧૨ તરીકે ફરીયાદીનાં પતિ રવિભાઈ રમેશ ભાઈ પાનસુરીયાને આંક-૩૬ થી તપાસવામા આવેલા છે, તેમણે મુખ્યત્વે જણાવેલ છે કે, તેઓ સરવરીને પંદરેક વર્ષથી ઓળખે છે અને તેની સાથે પ્રથમવાર ફેસબુકનાં માધ્યમથી ઓળખાણ થયેલી અને પ્રેમ સબંધ બંધાયેલો. પછીથી રુબરુમા મળવા લાગેલા. ત્યારબાદ, બે ત્રણ વર્ષ પછી કોર્ટ મેરેજ થયેલા અને લગ્ન જીવનથી સંતાનમા એક દિકરી નિધિનો જન્મ થયેલો, જે ઉ.વ. ૫ ની હતી.

**૨૬.૧.** સરવરી કોઇક સાથે ફોનમા વાત કરતી તેમજ મેસેજ કરતી, તેથી બોલાચાલી થતી. બાદમા ફોનમા નંબર તથા મેસેજ જોયેલા અને તેને કહેલ કે, ''આ બધુ તુ મુકી દે'', પરંતુ તે માનેલી નહીં, જેથી છુટાછેડા થઇ ગયેલા અને બાળકી નિધિ સરવરીએ રાખેલી. છુટાછેડા બાદ સરવરી વિરેન જાનકીદાસ સાથે તિરુપતિ સોસાયટીમા રહેતી હતી.

**૨૬.૨.** તા.૨૨/૧૧/૨૦૨૩ નાં રોજ સરવરીનો રાત્રિનાં દશેક વાગ્યે ફોન આવેલો કે, નિધી સીડી ઉપરથી પડી ગયેલ છે અને માથામા લાગેલ છે, તમે જી.જી. હોસ્પિટલે આવો. જેથી, જતા સરવરીએ કહેલ કે, બ્લડ ની જરુર છે, જેથી બ્લડ લઈ આવેલ. સાહેદે કહેલ કે નિધિ કયાં છે, મારે જોવી છે તો તેણે ના પાડેલ અને કહેલ કે, તમે નિધિને જોઈ નહીં શકો, ઘરે જતા રહો, જેથી સાહેદ ઘરે જતા રહેલ. બાદ રાત્રિનાં પોલીસ વાળાનો ફોન આવેલો અને જી.જી. હોસ્પિટલે બોલાવેતા ત્યાં જતા પોલીસવાળાએ કહેલ કે, તમે નિધિને જોઈ આવો, જેથી નિધિને જોવા ગયેલ તો, નિધિની હાલત બહુ ખરાબ હતી અને તેનાં પેટમા બટકુ ભરેલ હતુ, શરીરમા બધી જગ્યાએ મુઢમાર માર્યાની ઈજાઓ હતી.

**૨૬.૩.** સરવરીને બનાવ અંગે પુછતા જણાવેલ કે, વિરેનને નિધિ જોઈતી ન હતી અને અમારે લગ્ન કરવા છે, જેથી વિરેને નિધિને પેટમા બટકુ ભરેલુ અને વેલણ તથા ચમચાથી માર મારેલ છે. સાહેદ જયારે હોસ્પિટલે પહોંચેલ ત્યારે, નિધિ વેન્ટીલેટર ઉપર હતી અને ડોકટર સાહેબે કહેલ કે, નિધિમા ૫% જ જીવ છે અને બચવાનાં ચાન્સીસ ઓછા છે. બાદ નિધિ તા.૨૫/૧૧/૨૦૨૩ નાં રોજ મૃત્યુ પામેલી.

**૨૬.૪.** **ઉલટતપાસમા** સાહેદ સ્વિકારતા નથી કે, તેમણે સરતપાસમા જે વિગતો જણાવેલી છે જે અગાઉ કયારેય કોઈને જણાવેલ નથી. તેઓ સ્વિકારે છે કે, સરવરી સાથે છુટાછેડા થઈ ગયા બાદ તેની સાથે કોઈ વ્યવહાર ન હતો અને છુટાછેડા થયા બાદ સરવરીનાં જીવનમા શું ચાલતુ હતું તેની ખબર નથી.

**૨૬.૫.** તેઓ સ્વિકારે છે કે, પોલીસ રુબરુનાં નિવેદનમા એવી હકીકત લખાવેલ નથી કે, મને પોલીસવાળાએ કહેલ કે, તમે નિધિને જોઈ આવો, જેથી હું નિધિને જોવા ગયેલ તો, નિધિની હાલત બહુ ખરાબ

હતી અને તેનાં પેટમા બટકુ ભરેલ હતું અને શરીરમા બધી જગ્યાએ મુઢ માર માર્યાની ઈજાઓ હતી. તેઓ સ્વિકારતા નથી કે, હોસ્પિટલમા પોલીસે પુછપરછ કરી તે પછી ફરી પુછપરછ કરેલ નથી. પોલીસે નિધિ ગુજરી ગઈ તેનાં ચાર પાંચ દિવસ પછી નિવેદન માટે બોલાવેલ. તેઓ સ્વિકારતા નથી કે, સરવરીએ નિધિ અકસ્માતે પડી ગયેલ છે તેવું જણાવેલુ. તેઓ સ્વિકારે છે કે, બનાવ નજરે જોયેલ નથી, તેથી બનાવ કેવી રીતે અને શું બન્યો તેની અંગત જાતમાહિત નથી.

**૨૭.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૨૪ તરીકે ફરીયાદીનાં પાડોશી ગૌતમભાઈ કિશોરભાઈ થાનકીને આંક-૯૩ થી તપાસવામા આવેલા છે, તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, બનાવનાં અરસામા રાજકોટ અભ્યાસ કરતા હતાં અને સામેનાં મકાન માલીક કિરિટસીંહ હતાં, તેમા ભાડુઆત તરીકે સરવરીબેન તથા તેમની પુત્રિ ઉ.વ. આશરે ૬ ની હતી તેઓ રહેતા હતાં, ત્યાં એક ભાઈ અઠવાડીયે–પંદર દિવસે સવાર–સાંજ, બપોરે આવતા હતાં.

**૨૭.૧.** બનાવ તા.૨૨/૧૧/૨૦૨૩ નાં રોજ સાહેદ ઘરની બહાર ફળીયામા હતાં ત્યારે સાંજના ૬:૦૦ વાગે સરવરીબેન તેમની બાળકી નિધિને હાથમા તેડીને જતા હતાં અને ત્યારે એક ભાઈ જે તેમને ત્યાં વિઝિટ કરવા આવતા હતાં તે પણ તેમની સાથે હતાં અને હોસ્પિટલે લઈ જવાનું કહેતા હતાં. ત્યારે નિધિ બેશુદ્ધ હતી અને થોડીવારમા તે બાળકીને લઈ ને પરત આવેલા ત્યારે સરવરીબેન પરત આવેલા તે વખતે તે ભાઈ સાથે ન હતાં. આ ભાઈ જયારે પણ મળવા આવતા ત્યારે નિધિને નિર્દયતા પૂર્વક માર મારતા હતાં. સાહેદ આરોપીને ઓળખી બતાવે છે.

**૨૭.૨.** **ઉલટતપાસ**મા સાહેદ જણાવે છે કે, તેમનાં કોર્ષનાં કલાસ રાજકોટ ચાલતા હતાં અને તેનો કોઈ ફીકસ સમય હોય નહીં, પરંતુ જયારે

કલાસ હોય ત્યારે મેસેજ આવી જાય અને તે પ્રમાણે જવાનુ હોય. તેમની એકેડેમીનું નામ એરોસ્ટાર એવિએશન એકેડમી, એ.જી. ચોક, રાજકોટ છે. તેઓ સ્વિકારે છે કે, એકેડમીમા હાજરી રજીસ્ટર્ડ થાય છે. એકેડમીમા સી.સી.ટી.વી. કેમેરા છે. તેઓ પહેલા વર્ષમા એકેડમીમા આશરે એકથી દોઢ કલાકથી વધુ રોકાયેલ નથી.

**૨૭.૩.** તા.૨૨/૧૧/૨૦૨૩ નાં રોજ રાજકોટ એકેડમીમા ગયેલ ન હતાં. તેઓ સ્વિકારે છે કે, તા.૨૨/૧૧/૨૦૨૩ નાં રોજ તેમણે ઓળખી બતાવેલ આરોપીએ નિધિને માર મારેલ હોય તેવું નજરે જોયેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, માર મારેલનો અવાજ સાંભળેલો. તેઓ સ્વિકારતા નથી કે, અગાઉ બાળકીને નિર્દયતાપૂર્વક માર મારતાની વાત સરતપાસમા કરે છે તે સમયે આરોપી ત્યાં હાજર ન હતાં.

**૨૭.૪.** જયારે જયારે બાળકીનો અવાજ સાંભળેલો ત્યારે ત્યારે ત્યાં આરોપીની હાજરી ન હતી તેવા સવાલનાં જવાબમા સાહેદ જણાવે છે કે, તેમણે જયારે પણ બાળકીનો અવાજ સાંભળેલો ત્યારે આ આરોપી ભાઇ ત્યાં હાજર જ હતાં. તેઓ સ્વિકારે છે કે, પોલીસ રુબરુનાં નિવેદનમા એવું લખાવેલ નથી કે, ત્યારે એક ભાઇ જે તેમને ત્યાં વિઝિટ કરવા આવતા હતાં તે પણ તેમની સાથે હતા. તેઓ સ્વિકારે છે કે, પોલીસ રુબરુનાં નિવેદનમા એવુ લખાવેલ નથી કે, આ ભાઇ જયારે પણ મળવા આવતા ત્યારે નિધિને નિર્દયતાપૂર્વક માર મારતા હતાં. તેઓ સ્વિકારે છે કે, પોલીસે ફકત નામ, સરનામુ પુછેલુ અને તે લખાવેલુ અને તે સિવાય બીજુ કંઇ લખાવેલુ નહીં.

**૨૮.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૧૩ તરીકે એફ.એસ.એલ. અધિકારી ડો.અસ્તિત્વ જનકકુમાર આનંદને આંક-૩૮ થી તપાસવામા આવેલા છે અને આંક-૩૯, ૪૦ થી સ્થળ પરિક્ષણ કરવાની યાદી અને સ્થળ

પરિક્ષણ અહેવાલ રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તા.૨૩/૧૧/૨૦૨૩ નાં રોજ જામનગર ખાતે ફરજ પર હતાં દરમિયાન કલાક-૧૧:૧૫ વાગે પોલીસ કંટ્રોલ રૂમ, જામનગર દ્વારા સદરહુ ગુન્હા સબંધે સ્થળ પરિક્ષણ કરવા ટેલીફોનિક મેસેજ મળતા તે જ દિવસે ૧૪:૦૦ થી ૧૫:૦૦ દરમિયાન કિરિટસીંહના મકાન, તિરુપતિ પાર્કમા, ન્યારા પેટ્રોલ પંપની પાસે, શિવ ટાઉનશીપ-૨, ઢીંચડા રોડ ,જામનગર ખાતે ગયેલા. પહેલા માળે નિરિક્ષણ કરતા અંદર પ્રવેશતા ૧૦x૧૦ નો હોલ આવેલો, જેનું ભોયતળીયુ લાદીવાળુ (આરસ) બનેલુ. જેના પર એક કાળા રંગની તુટેલી બંગડી અને એક કાળા રંગની તુટયા વગરની અકબંધ હાલતમા બંગડી પડેલી, રુમમા પગ લુછણીયા, ઓશીકુ, પાણીનો બાટલો, ગ્લાસ, વેફરનું પેકેટ તેમજ અન્ય ચિજ વસ્તુઓ ભોયતળીયા પર અસ્ત વ્યસ્ત પડેલી તેમજ સામાન વેર વિખેર હાલતમા જોવા મળેલ.

**૨૮.૧.** સદર રુમની પશ્ચિમે રસોડુ આવેલુ છે, જેમા પ્રવેશતા એક વેલણ લાકડાની અને એક ધાતુનો ચમચો બતાવેલ, જે પૈકી ચમચો થોડોક વળેલો જોવા મળેલ. સદર બનાવ સ્થળનાં ગુગલ મેપ દ્વારા લોકેશન જોતા ૨૨.૪૭૮૯૯૧૨ ને ૭૦.૦૩૧૦૭૫ નોંધાયેલ માલુમ પડે છે. સદર બનાવ સ્થળે બનાવ સબંધી તપાસ કરનાર અધિકારીશ્રીને નીચે મુજબનાં નોંધપાત્ર ઉપયોગી નમુનાઓ કબજે લઈ એફ.એસ.એલ. ખાતે મોકલી આપવા સુચનો કરેલ.

(૧)ભોગ બનનારની થયેલી ઈજાઓનાં પ્રકાર, ઈજાઓ આંતરીક છે કે બાહ્ય તેમજ ઈજા કયા પ્રકારનાં સાધન/હથીયાર વડે થયેલ છે તેનો વિગતવાર અભિપ્રાય સારવાર કરનાર મેડિકલ ઓફિસરશ્રી પાસેથી મેળવી લેવો.

(૨)ભોગ બનનારનાં શરીરે ભરેલુ બટકુ/શરીરની સબંધીત જગ્યાએથી સારવાર કરનાર મેડિકલ ઓફિસર પાસેથી સલાયવાના નમુના કબજે

લેવા કોટનસ્વેબ લેવડાવવુ તેમજ આરોપી મળી આવ્યેથી તેનાં સલાયવા સેમ્પલ કબજે લેવડાવી ડી.એન.એ. સબંધી સામ્યતાનાં પૃથ્થકરણ અર્થે ડી.એફ.એસ., ગાંધીનગર મોકલી આપવા સુચનો કરેલ.

(૩)ભોગ બનનારનાં બનાવ સમયે પહેરેલ કપડા કબજે લેવડાવવા.

(૪)બનાવ સ્થળનાં મકાનનાં રસોડામાથી ચમચો તેમજ વેલણ કબજે લેવડાવવા.

(૫)આરોપીની બનાવ સબંધી મોબાઇલ ટાવર લોકેશન મેળવીને વિગતવાર માહિતિ મેળવી તેનું મહત્વ આપી કડી મેળવવા.

(૬)બનાવ સંબંધી ભોગ બનનાર બાળકીની હાલત નાજુક (ક્રિટીકલ–સીરીયસ) હોવાની તથા વેન્ટીલેટર પર હોવાની તપાસ કરનાર અધિકારીશ્રી દ્વારા જાણ કરેલ, જેથી ભવિષ્યમા કોઇ અણબનાવ/ઘટના બનવાની શકયતા રહેલી હોવાનું જણાવેલ, જેથી જો ભવિષ્યમા આ પ્રકારનો બનાવ સર્જાય તો અને સારવાર દરમિયાન મૃત્યુ નિપજે તો તેવા કિસ્સામા મૃતક બાળકીનાં શરીર ઉપરથી બટકુ ભર્યાની જગ્યા સ્થાનેથી પેસીય પદાર્થ પી.એમ. મેડિકલ ઓફિસર દ્વારા કબજે લેવડાવી સલાયવા ડી.એન.એ. સબંધી સામ્યતાનાં પૃથ્થકરણ અર્થે ડી.એફ.એસ., ગાંધીનગર ખાતે મોકલી આપવા સુચન કરેલ અને બાળકીની હાલત ક્રિટિકલ હોવાનું સર્ટિફિકેટ તપાસ કરનાર અધિકારી શ્રી દ્વારા બનાવ સ્થળે જોયા બાદ બનાવની ગંભીરતાને ધ્યાને લઇ સુચનો કરેલ. ફોટોગ્રાફી, વિડિઓગ્રાફિ કરવા માટે સુચન કરેલ. બનાવ સ્થળનો રફ સ્કેચ બનાવવા માટે સુચન કરેલ.

**૨૯.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૧૪ તરીકે મામલતદાર વિરલબેન રમેશચંદ્ર માકડીયાને આંક-૪૧ થી તપાસવામા આવેલા છે અને આંક-૪૨ થી ઇન્કવેસ્ટ પંચનામાની યાદી રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તા.૨૫/૧૧/૨૦૨૩ નાં રોજ જામનગર સિટિ

મામલતદાર તરીકે ફરજમા હતાં દરમિયાન રાત્રિનાં ૧૨/૨૦ કલાકે સિટિ–સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાથી એ.જે. પીપાણી દ્વારા ઇન્કવેસ્ટ પંચનામુ કરવા માટે પધારવાની યાદી આવતા તા.૨૬/૧૧/ ૨૦૨૩ નાં રોજ રાત્રિનાં ૦૦/૧૦ વાગ્યાની આસપાસ જી.જી. હોસ્પિટલ, જામનગર મુકામે પિડિયાટ્રિક આઇ.સી.યુ. વોર્ડ નં.૩, પલંગ નં.૧૬ પાસે જતા એક સફેદ કપડુ ઓઢાડેલી હાલતમા લાશ પડેલ હતી. તે લાશ પરથી કપડુ ઉંચકી જોતા સ્ત્રી જાતીની હતી અને ત્યાં હાજર સાહેદે પોતાનું નામ સરવરી રવિભાઇ હોવાનું જણાવેલ અને આ લાશ પોતાની દિકરી નિધિ ઉ.વ. ૫ વાળીની હોવાનું કહી ઓળખી બતાવેલી. લાશની સ્થિતિ જોતા જમણા ગાલ ઉપર કાળુ નાનુ ધાબુ, જમણા હાથમા કોણી ઉપરનાં ભાગે બાવડાનાં ભાગે વાગેલાનું ધાબુ પડી ગયેલ હતું. પેટ ઉપર જોતા બટકુ ભરેલાનું ગોળ ચાંઠુ પડી ગયેલ હતું. જમણા પગમા ગોઠણથી ઉપર સાથળનાં ભાગે માર મારવાથી કાળા ચાંઠા પડી ગયેલ હતાં અને મરણ જનારનું મૃત્યુ તેને માથામા થયેલ મુઢ ઇજાઓ તથા પેટ તથા શરીર ઉપર થયેલ ગંભીર ઇજાઓથી થયેલાનું જણાઇ આવેલ, પરંતુ મરણ જનારનું મોતનું ચોકકસ કારણ જાણવા પી.એમ. થવા માટે મોકલેલ હતી.

**૩૦.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૧૬ તરીકે સર્કલ ઓફિસર વિશ્વજીતસીંહ પૃથ્વિરાજસીંહ જાડેજાને આંક-૫૦ થી તપાસવામા આવેલા છે અને આંક-૫૧, ૫૨ થી નકશો બનાવવાની યાદી અને નકશો રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તા.૨૯/૧૧/૨૩ નાં રોજ મામલતદાર કચેરી, જામનગરમા સર્કલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતાં દરમિયાન આ ગુન્હાનાં કામે બનાવવાળી જગ્યાનો નકશો બનાવી આપવાની યાદી મળતા તા.૧૨/૧૨/૨૦૨૩ નાં રોજ બનાવવાળી સ્થાનિક જગ્યાએ જઇને બનાવવાળી જગ્યાનો નકશો બનાવેલો.

**૩૦.૧. ઉલટતપાસ**મા સાહેદ સ્વિકારે છે કે, યાદી મળી તેનાં ૧૩ દિવસ પછી નકશો બનાવવા ગયેલો. નકશો બનાવવાળી જગ્યાનાં પંચનામાનાં આધારે બનાવેલો તેવા સવાલનાં જવાબમા જણાવે છે કે, નકશો સ્થાનિક જગ્યાનું પંચનામુ ધ્યાને લઇ સ્થાનિક જગ્યાની સ્થિતિ ધ્યાને લઈ બનાવેલ છે.

**૩૧.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૨૨ તરીકે ભારતી એરટેલ લી. કંપનીનાં નોડલ ઓફિસર વિશાલભાઈ રવિન્દ્રભાઈ સોલંકીને આંક–૮૨ થી તપાસવામા આવેલા છે અને આંક–૮૩ થી ૮૬ સુધી કસ્ટમર એપ્લીકેશન ફોર્મ, ડિટેઇલ્સ, કોલ ડિટેઇલ્સ અને પુરાવા અધિનિયમ ની કલમ–૬૫(બી)(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તા.૩/૧૨/૨૦૨૩ નાં રોજ ભારતી એરટેલ લીમીટેડ કંપનીમા નોડલ ઓફિસર તરીકે ફરજ મા હતાં ત્યારે ડી.વાય.એસ.પી., જામનગરના ઓથોરાઈઝડ ઈ–મેઈલ એડ્રેસથી મોબાઇલ નં.૮૮૬૬૭૮૭૮૬૬ નાં કોલ ડિટેઇલ્સની માગણી કરેલ હતી. જે ઈ–મેઈલ સંદર્ભે ઉપરોકત મોબાઇલ નંબરની કોલ ડિટેઇલ્સ રેકોર્ડસ તા.૨૨/૧૧/૨૦૨૩ થી તા.૨૩/૧૧/૨૦૨૩ સુધીનાં ડી.વાય.એસ.પી., જામનગરનાં રજીસ્ટર્ડ ઈ–મેઈલ એડ્રેસ પર એનાલીસીસ હેતુ માટે પુરા પાડેલા.

**૩૧.૧. ઉલટતપાસ**મા સાહેદ સ્વિકારે છે કે, જયારે કોઇ ગ્રાહકને સીમકાર્ડ ઇસ્યુ કરવામા આવે તો તે ગ્રાહકનું ઓળખપત્ર મેળવવામા આવે છે, મોબાઇલ નં.૮૮૬૬૭૮૭૮૬૬ નાં ગ્રાહકનું ઓળખપત્ર જાતે ચકાસેલ નથી. સાહેદ સ્વિકારે છે કે, સીમકાર્ડ ટાવરનાં શહેરી વિસ્તારમા એકથી દોઢ કી.મી.નાં રેડીયસમા કે ગ્રામ્ય વિસ્તારમા અઢીથી ત્રણ કી.મી.નાં રેડીયસમા એકટીવ હોય તો તે ચોકકસ કયા વિસ્તારમા એકટીવ છે તે તેઓ ન જણાવી શકે.

**૩૧.૨.** સાહેદ સ્વિકારે છે કે, જે સી.ડી.આર. રજુ કરેલ છે તેમા ચોકકસ વિસ્તારનું એડ્રેસ દર્શાવેલ નથી. સાહેદ જણાવે છે કે, મોબાઇલ ટાવર ની અક્ષાંશ અને રેખાંશની માહિતિ આપેલ છે. તેઓ સ્વિકારે છે કે, સી.ડી.આર. જે રજુ કરેલ છે તેમા મોબાઇલ ધારકનું નામ દર્શાવેલ નથી.

**૩૨.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૨૩ તરીકે રીલાયન્સ જીઓ ઈન્ફોકોમ લી. કંપનીનાં નોડલ ઓફિસર ભરતભાઈ રામાભાઈ પટેલને આંક–૮૭ થી તપાસવામા આવેલા છે અને આંક–૮૮ થી ૯૨ સુધી કસ્ટમર એપ્લીકેશન ફોર્મ, ડિટેઇલ્સ, કોલ ડિટેઇલ્સ અને પુરાવા અધિનિયમ ની કલમ–૬૫(બી)(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તા.૧/૧૨/૨૦૨૩ નાં રોજ રીલાયન્સ જીઓ ઈન્ફોકોમ લી. કંપનીમા નોડલ ઓફિસર તરીકે ફરજમા હતાં ત્યારે ડી.વાય.એસ.પી., જામનગરના ઓથોરાઈઝડ ઈ–મેઈલ એડ્રેસથી મોબાઈલ નં.૯૦૨૩૩૫૭૩૧૩ તથા ૮૧૫૫૯ ૫૫૯૧૨ નાં કોલ ડિટેઇલ્સની માગણી કરેલ હતી. જે ઈ–મેઈલ સંદર્ભે ઉપરોકત મોબાઇલ નંબરની કોલ ડિટેઇલ્સ રેકોર્ડસ તા.૨૨/૧૧/ ૨૦૨૩ થી તા.૨૩/૧૧/૨૦૨૩ સુધીનાં ડી.વાય.એસ.પી., જામનગર નાં રજીસ્ટર્ડ ઈ–મેઈલ એડ્રેસ પર એનાલીસીસ હેતુ માટે પુરા પાડેલા.

**૩૨.૧.** **ઉલટતપાસ**મા સાહેદ સ્વિકારે છે કે, જયારે કોઈ ગ્રાહકને સીમકાર્ડ ઈસ્યુ કરવામા આવે તો તે ગ્રાહકનું ઓળખપત્ર મેળવવામા આવે છે, મોબાઈલ નં.૯૦૨૩૩૫૭૩૧૩ તથા ૮૧૫૫૯૫૫૯૧૨ નાં ગ્રાહકનું ઓળખપત્ર જાતે ચકાસેલ નથી. સાહેદ સ્વિકારે છે કે, સીમકાર્ડ ટાવર નાં શહેરી વિસ્તારમા એકથી દોઢ કી.મી.નાં રેડીયસમા કે ગ્રામ્ય વિસ્તાર મા અઢીથી ત્રણ કી.મી.નાં રેડીયસમા એકટીવ હોય તો તે ચોકકસ કયા વિસ્તારમા એકટીવ છે તે તેઓ ન જણાવી શકે.

**૩૨.૨.** સાહેદ સ્વિકારે છે કે, જે સી.ડી.આર. રજુ કરેલ છે તેમા ચોકકસ વિસ્તારનું એડ્રેસ દર્શાવેલ નથી.

**પંચ સાહેદોનાં પુરાવાઓની ચર્ચા** ::-

**૩૩.** આ કામે આંક-૧૮ થી સાહેદ નં.૩ તરીકે સ્થાનિક જગ્યાનાં પંચનામાનાં પંચ સાહેદ અંકુરભાઇ ચંદ્રકાંતભાઇ દાવડાને તપાસવામા આવેલા છે અને સ્થાનિક જગ્યાનું પંચનામુ આંક-૧૯ થી તથા પંચ સ્લિપો આંક-૨૦, ૨૧ થી રજુ કરવામા આવેલ છે. પંચ સાહેદે મુખ્યત્વે જણાવેલ છે કે, તા.૨૩/૧૧/૨૦૨૩ નાં રોજ શિવ ટાઉનશીપમા ઘરે જતા હતાં ત્યારે, પાડોશીનાં ઘર પાસે પોલીસ ઉભા હતાં તેઓ બનાવ બાબતનું પંચનામુ કરવા માટે પાડોશીનાં ઘરે ઉપરનાં ભાગે આવેલ રુમમા તેની સાથે લઇ ગયેલ. ત્યાં એક બેન અને તેનાં પિતા હાજર હતાં અને બનાવવાળી જગ્યા તે બેન અને પોલીસવાળાએ સાથે ચાલીને સાહેદને બતાવેલી. તે જગ્યાએ ચાદર, વેફરનાં પેકેટ, વેલણ, ઠામવાસણ પડેલા હતાં અને તે મુજબનું પંચનામુ કરવાનું પોલીસે જણાવતા પોલીસે લખેલ અને સાહેદ સાથે બીજા એક ભાઇ પણ હતાં. સાહેદ મુદ્દામાલ તથા પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

**૩૩.૧.** **ઉલટતપાસ**મા સાહેદ સ્વિકારે છે કે, પંચનામાની હકીકતો તેમણે લખાવેલી નથી. પંચનામુ કરતા અંદાજે ૪૫ મીનીટ જેટલો સમય લાગેલો. તેમની સાથે હાજર ભાઇ પણ પોલીસને પંચનામા વિશે કાંઇ લખાવતા ન હતાં.

**૩૩.૨.** આંક-૧૯ થી રજુ કરવામા આવેલ પંચનામુ ધ્યાને લેતા સદર પંચનામુ તા.૨૩/૧૧/૨૦૨૩ નાં રોજ ૧૪-૦૦ કલાકે શરુ કરી ૧૫-૦૦ કલાકે પૂર્ણ કરવામા આવેલ છે અને સદર પંચનામાની વિગતે એક વેલણ તથા ચમચો કબજે કરવામા આવેલ છે.

**૩૪.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૪ તરીકે ગુજરનારની શરીર સ્થિતિનાં પંચનામાનાં પંચ સાહેદ ખોડાભાઇ કરશનભાઇ કેશવાલાને આંક-૨૨ થી તપાસવામા આવેલા છે અને સદર પંચનામુ આંક-૨૩ થી રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે જણાવે છે કે, નવેમ્બર-૨૦૨૩ મા જી.જી. હોસ્પિટલનાં ટ્રોમા સેન્ટરમા પોતાનાં કામ સબબ ગયેલ ત્યારે બાજુમા આઇ.સી.યુ. ડિપાર્ટમેન્ટમા પોલીસે બોલાવતા ત્યાં પાંચ છ વર્ષની છોકરી હતી તેની સારવાર ચાલુ હતી, તેને માથામા પટ્ટી લગાવેલ હતી અને તેની બાજુમા એક મહિલા હાજર હતાં. બાળકીએ ડાયપર પહેરેલ હતું અને બેડ ઉપર સુતી હતી, ઓકસીજન માસ્ક લગાવેલ હતું, પંચનામુ લખતા હતાં તે સમયે બતાવતા છોકરીનાં શરીર ઉપર ઈજાનાં નિશાનો હતાં અને તેઓની સાથે બીજા પંચ તરીકે એક મહિલા હતાં. સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

**૩૪.૧.** **ઉલટતપાસ**મા સાહેદ જણાવે છે કે, પંચનામા સમયે તેઓ પાર્થ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી. કંપનીમા નોકરી કરતા હતાં અને કંપનીનાં વર્કરને થયેલ ઈજાનાં કારણે તેને લઈને ટ્રોમા સેન્ટરમા ગયેલ. તેઓ સ્વિકારે છે કે, પંચનામાની વિગત પોલીસને લખાવેલ નથી. તેઓ સ્વિકારે છે કે, તેમની સાથે બીજા બેન હાજર હતાં તેણે પોલીસને કંઇ લખાવેલ હોય તો તે ખબર નથી. તેઓ સ્વિકારતા નથી કે, તેમની હાજરીમા લખાણ થતુ હોય તેવું બનેલુ નથી અને પંચનામુ આખુ લખાઈ ગયા બાદ તેઓ ની સહી કરેલી. સાહેદ જણાવે છે કે, બતાવતા ગયેલા અને લખાવતા ગયેલા. આઇ.સી.યુ.મા ૧૦ થી ૧૫ મીનીટ સુધી બતાવી, વંચાવી અને સહી કરાવેલી. તેઓ સ્વિકારતા નથી કે, તેમણે કોઇ પંચનામાની હકીકત લખાવેલ નથી પરંતુ પોલીસને મદદરુપ થવા ખોટી જુબાની આપે છે.

**૩૪.૨.** આંક-૨૩ નું પંચનામુ વંચાણે લેતા સદર પંચનામુ તા.૨૩/૧૧/૨૦૨૩ નાં રોજ ૧૨-૪૫ કલાકે શરુ કરી ૧૩-૧૫ કલાકે પૂર્ણ કરવામા આવેલ છે અને આ પંચનામા મુજબ ગુજરનાર નિધિબેને આછા ગુલાબી કલરનું ડિઝાઇનવાળુ ટીશર્ટ તથા નીચે ડાયપર પહેરેલ છે, તેની આંખો પર સફેદ સારવારની પટ્ટીઓ બાંધેલ, મોઢામા વેન્ટીલેટર દ્વારા જતી ઓકસીજનની નળી, મોઢા ઉપર નાકથી નીચે તથા દાઢી ઉપર પટ્ટી લગાડેલ, પેટનાં ભાગે ડુટીની બાજુમા ગોળ આકારમા બટકુ ભરેલનાં ઇજાનાં નિશાન, વાસામા શરીરે ઇજાનાં નિશાન, ગુપ્ત ભાગે પેશાબની નળી, બંને પગમા ઇજાનાં કાળા ચાંભા, બંને હાથમા પોચાનાં ભાગે સારવારની નળીઓ જોવામા આવે છે.

**૩૫.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૬, ૭ અને ૮ થી આરોપી તથા મરણ જનાર નાં સેમ્પલો કબજે કર્યાનાં પંચનામાનાં પંચ સાહેદો રાજેશભાઇ મગન ભાઇ રાઠોડ, જયેશભાઇ રવજીભાઇ વાઘેલા અને અસગરભાઇ હુશેન ભાઇ કકલને અનુક્રમેઆંક-૨૬, ૨૮ અને ૨૯ થી તપાસવામા આવેલા છે અને સેમ્પલો કબજે કર્યાનાં પંચનામાઓ આંક-૨૭ અને ૩૦ થી રજુ કરવામા આવેલા છે. આ તમામ પંચ સાહેદોએ પોલીસે રોકીને સહી કરવાનું કહેતા સહી કરેલી હોવાનું જણાવેલ છે. આંક-૨૭ અને ૩૦ નાં પંચનામાઓની હકીકતોને આ પંચ સાહેદોએ લેશમાત્ર સમર્થન આપેલુ નથી. તેથી, વિ.એ.પી.પી.શ્રી તરફથી તેમને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરી ઉલટતપાસમા પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી માંગી તેઓને પુછવામા આવેલા સવાલોનાં જવાબોમા પણ તેઓએ ફરીયાદ પક્ષનાં કેસને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલુ હોવાનું જણાઇ આવતુ નથી.

**૩૫.૧.** આંક-૨૭ નાં પંચનામાની વિગતે ડોકટરશ્રીએ આરોપીનાં લીધેલા મેડિકલનાં સેમ્પલો અને આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડા રજુ

કરતા તે કબજે કરવામા આવેલા છે. સદર પંચનામુ સિટિ-સી ડિવિઝન પોલીસ સ્ટેશન, જામનગર ખાતે તા.૨૪/૧૧/૨૦૨૩ નાં રોજ ૧૭-૩૦ કલાકે શરુ કરી ૧૮-૧૫ કલાકે પૂર્ણ કરવામા આવેલ છે.

આંક-૩૦નાં પંચનામાની વિગતે ડોકટરશ્રીએ ઈજા પામનાર નિધિને આરોપીએ બચકુ ભરેલ તે બચકા (બાઇટ)માથી લાઇનાં સેમ્પલો રજુ કરતા તે કબજે કરવામા આવેલા છે. સદર પંચનામુ સિટિ-સી ડિવિઝન પોલીસ સ્ટેશન, જામનગર ખાતે તા.૨૫/૧૧/૨૦૨૩ નાં રોજ ૧૯-૩૦ કલાકે શરુ કરી ૨૦-૦૦ કલાકે પૂર્ણ કરવામા આવેલ છે.

**૩૬.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૯ અને ૧૦ તરીકે ઈન્કવેસ્ટ પંચનામાનાં પંચ નિતિનભાઈ દત્તારામ સાલેસ્કર તથા છાયાબા ગંભિરસીંહ જાડેજાને અનુક્રમે આંક-૩૨ અને ૩૪ થી તપાસવામા આવેલા છે અને સદર પંચનામુ આંક-૩૩ થી રજુ કરવામા આવેલ છે.

**૩૬.૧.** આંક-૩૨ નાં સાહેદે મુખ્યત્વે એવો પુરાવો આપેલ છે કે, દોઢેક વર્ષ પહેલા જી.જી. હોસ્પિટલમા ઓકસીજનનાં મેઇન્ટેનન્સનું કામ ચાલતુ હતું ત્યારે, મરણ જનારનાં કાકાએ નવી બિલ્ડિંગ પાસે બોલાવી મરણ જનારની સારવાર માટે કોઈ જરુર પડે તો બોલાવવાનું કહેલ અને દશ મીનીટ બાદ મરણ જનાર મરણ ગયેલ. બાદ પોલીસવાળા ૩જા માળે ૧૬ નંબરનાં બેડ પાસે લઈ ગયેલા ત્યાં એક છોકરી આશરે પાંચથી છ વર્ષવાળી સુતી હતી અને પોલીસવાળાએ જોઈ લેવા કહેતા જોયેલ તો, તેને બે ગોઠણમા ઘારવા (કાળા ચાંભા) , બંને હાથજમા પણ કાળા ચાંભા (મુઢ ઈજા), હોઠ સોજી ગયેલ, પેટમા ડાબી બાજુ બટકુ ભર્યાનું નિશાન હતું અને તેણે ગુલાબી તથા સફેદ કલરનું ફ્રોક પહેરેલ હતું. પોલીસવાળા ભાઈએ કહેલ કે, ડેડ બોડી લઈ જાવ. જેથી, સાહેદ પી.એમ. રુમમા મુકી આવેલ. સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

**૩૬.૨.** **ઉલટતપાસ**મા સાહેદ જણાવે છે કે, પોલીસને પંચનામુ તેમણે લખાવેલુ. આ લખાણ રાત્રિનાં સમયે લખાવેલુ.

**૩૬.૩.** આંક-૩૪ નાં સાહેદે મુખ્યત્વે જણાવેલ છે કે, પોણા બે વર્ષ પહેલા તેઓ જી.જી. હોસ્પિટલે બાજુમા રહેતા નિધિની ખબર કાઢવા ગયેલ ત્યારે, તે સીરીયસ હતી અને તે ચારથી પાંચ વર્ષની ઉંમરની હતી. બાદ સાહેદ નીચે જતા પોલીસે બોલાવતા ૩જા માળે ૧૬ નંબરનાં ખાટલે જતા નિધિની લાશ હતી અને બંન પગનાં ઘુંટણથી ઉપરનાં ભાગે મારેલાનાં નિશાન હતાં, હાથમા પણ મારેલાનાં નિશાન હતાં, પેટનાં ભાગે બચકુ ભરેલાનું નિશાન હતું, માથાનાં ભાગમા પાટો હતો અને મોઢાનો ભાગ સોજેલો હતો, તેણે ગુલાબી કલરનાં કપડા પહેરેલ હતાં. બાદ નિધિને પોષ્ટમોર્ટમ માટે પી.એમ. રુમમા લઈ ગયેલા. સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

**૩૬.૪.** **ઉલટતપાસ**મા સાહેદ જણાવે છે કે, લાશ ઉપર જે કાળા ધાબાનું જણાવે છે તેવું તેમને કોઈએ કહેલુ નહીં પરંતુ જાતે જોયેલ. કાળા ધાબા માર મારેલો હોય તો પડી જાય તેનાં આધારે જણાવેલ છે, પોલીસ તેમને જેમ પુછતી હતી તેમ તે લખાવતા હતાં, ૩જા માળે પોલીસનાં બોલાવવાથી ગયેલ ત્યારે દોઢ બે કલાક સુધી રોકાયેલા.

**૩૬.૫.** આંક-૩૩ નું ઈન્કવેસ્ટ પંચનામુ ધ્યાને લેતા તેમા મરણ જનારની શરીર સ્થિતિનું વર્ણન કરવામા આવેલ છે અને આ પંચનામુ પોલીસ ઈન્સપેકટર, સિટિ-સી ડિવિઝન પોલીસ સ્ટેશન, જામનગર તથા એકિઝિકયુટિવ મેજીસ્ટ્રેટ, જામનગર શહેર વિભાગ રુબરુ જી.જી. હોસ્પિટલ, જામનગરમા પિડિયાટ્રિક આઈ.સી.યુ. વોર્ડ નં.૩, પલંગ નં.૧૬ પાસે તા.૨૬/૧૧/ ૨૦૨૩ નાં કલાક-૦૦-૧૦ થી શરુ કરી ૧-૦૦ કલાકે પૂર્ણ કરવામા આવેલ છે.

**<u>પોલીસ સાહેદોનાં પુરાવાઓની ચર્ચા</u>** ::-

**૩૭.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૧૭ તરીકે ફરીયાદ લેનાર યોગેશકુમાર રમણિકલાલ જોષીને આંક-૫૩ થી તપાસવામા આવેલા છે અને આંક-૫૪ થી ગુન્હો રજીસ્ટર્ડ કરવાની યાદી રજુ કરવામા આવેલી છે. તેઓ મુખ્યત્વે જણાવે છે કે, તા.૨૩/૧૧/૨૦૨૩ નાં રોજ સિટિ–સી ડિવિઝન પોલીસ સ્ટેશનમા પી.એસ.આઇ. તરીકે ફરજમા હતાં દરમિયાન પી.એસ.ઓ.એ એમ.એલ.સી. યાદીનાં આધારે જી.જી. હોસ્પિટલમા જઇ આગળની કાર્યવાહી કરવા હુકમ કરતા બાળકોનાં વિભાગમા જઇ ફરીયાદી સરવરીબેન વા./ઓ. રવિભાઇ રમેશભાઇ પાનસુરીયા ડો./ઓ. મનિષભાઇ હર્ષદભાઇ જાનીએ પોતાની ફરીયાદ લખાવતા તેઓનાં લખાવ્યા મુજબ લખી લઇ અને ફરીયાદીને વાંચી, સંભળાવી, ફરીયાદીની સહી તથા રૂબરૂ તરીકેની સાહેદની સહી કરી, ગુન્હો દાખલ કરવા બાબતની યાદી કરી ફરીયાદ પી.એસ.ઓ. તરફ મોકલી આપેલ.

**૩૭.૧. ઉલટતપાસ**મા સાહેદ જણાવે છે કે, તેઓ કહી શકે નહીં કે, ફરીયાદમા પેરા નં.૪ મા લખાવેલ હકીકત ''મારી દીકરી નિધિ પડી જતા વાગેલાનું જણાવેલ હતું તે પછી મારી દિકરીને અહીં જી.જી. હોસ્પિટલમા સારવાર મા દાખલ કરેલ અને તેને માથામા હેમરેજ થયેલાનુ જણાયેલ છે'' તે હકીકત ક્રી.પ્રો. કોડની કલમ–૧૫૪ નાં ફોર્મમા લખાયેલ નથી કે કેમ. તેઓ સ્વિકારે છે કે, તેમનાં રુબરુની ફરીયાદમા ફરીયાદીએ ડોકટર સાહેબ રુબરુ એવું જણાવેલુ કે, તેની દિકરી નિધિ પડી જવાથી તેણીને વાગેલ છે તેવી હકીકત લખાવેલી છે. તેઓ કહી શકે નહીં કે, તેમણે જો એમ.એલ.સી. પેપર્સનો અભ્યાસ કર્યો હોત તો આ કેસ અકસ્માત બનાવ સબંધેનો હતો તેમ જણાત.

**૩૭.૨.** તેઓ સ્વિકારતા નથી કે, ફરીયાદીએ ફરીયાદ નોંધાવતા પહેલા એવું જણાવેલ કે, તેણીની દિકરી સીડી ઉપરથી પડી ગયેલી. તેઓ સ્વિકારતા નથી કે, ફરીયાદીએ ડોકટરને નિધિને જે કારણે ઈજા થયેલી તે અંગે જે હકીકત જણાવેલી તે જ હકીકત સાહેદને પણ જણાવેલી. તેઓ સ્વિકારે છે કે, તેમનાં રુબરુની ફરીયાદમા ફરીયાદીએ એવું લખાવેલ નથી કે ''તેણે કહેલ કે, ભલે મરી જતી, નથી લઇ જવી.'' સાહેદ જણાવે છે કે, ''આ મરી જાય તો આપણો રસ્તો સાફ થાય'' તેવી હકીકત ફરીયાદીએ લખાવેલ છે. તેઓ સ્વિકારે છે કે, ફરીયાદીને ફરીયાદ વાંચી, સંભળાવેલી હોય તેવો સ્પષ્ટ ઉલ્લેખ ફરીયાદમા નથી.

**૩૮.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૧૮ તરીકે પી.એસ.ઓ. રાજશીભાઇ માંડણભાઇ ડુવાને આંક–૫૫ થી તપાસવામા આવેલા છે અને આંક–૫૬, ૫૭ થી સ્ટેશન ડાયરીનાં ઉતારાની ખરી નકલ તથા ભારે ગુન્હાનો મેસેજ રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તા.૨૩/૧૧/૨૦૨૩ નાં રોજ સિટિ–સી ડિવિઝન પોલીસ સ્ટેશનમા એ.એસ.આઇ. તરીકે ફરજ પર હતાં દરમિયાન વાય.આર. જોષીએ પોતાનાં રુબરુ લીધેલ ફરીયાદ બાદ ગુન્હો દાખલ કરવા મોકલતા ગુન્હો દાખલ કરી સ્ટેશન ડાયરીમા નોંધ કરી, એફ.આર.આઇ. ઓન લાઇન કરવાની તજવીજ કરી, ભારે ગુન્હાનો મેસેજ કરી, એફ.એસ. એલ. અધિકારીને સ્થળ પરિક્ષણ કરવા યાદી કરી, આગળની તપાસ પી.આઇ. શ્રી એ.આર. ચૌધરી તરફ મોકલેલી.

**૩૮.૧.** **ઉલટતપાસ**મા સાહેદ સ્વિકારે છે કે, વાય.આર. જોષીએ જે ફરીયાદ મોકલી આપતા તેનાં આધારે ક્રિ.પ્રો. કોડની કલમ–૧૫૪ નાં ફોર્મમા તે મુજબ લખી લીધેલી અને તેઓએ આ ફોર્મ આંક–૫૮ થી રજુ કરેલ છે. તેઓ સ્વિકારે છે કે, જોષી સાહેબની રુબરુની ફરીયાદ મળેલી તેનાં પેરા–૪ મા લખાવેલ હકીકત મુજબ ''મારી દિકરી નિધિ પડી જતા

વાગેલાનું જણાવેલ હતું તે પછી મારી દિકરીને અહીં જી.જી. હોસ્પિટલ મા સારવારમા દાખલ કરેલ અને તેને માથામા હેમરેજ થયેલાનું જણાયેલ છે'' તે હકીકત લખેલ હતી. તેઓ સ્વિકારે છે કે, આંક–૫૮ વાળા કલમ–૧૫૪ નાં ફોર્મમા એવું લખેલ નથી કે, ''મારી દિકરી નિધિ પડી જતા વાગેલાનું જણાવેલ હતુ.'' તેઓ સ્વિકારતા નથી કે, જોષી સાહેદ રુબરુની લેખીત ફરીયાદમા ફરીયાદીની દિકરીને પડી જવાથી વાગેલુ તેવો ઉલ્લેખ હતો અને તે તેઓ જાણતા હતાં તેમ છતાં કલમ ૧૫૪ મુજબનાં ફોર્મમા તથા સ્ટેશન ડાયરી નોંધ નં.૮/૨૩ મા જાણી જોઇને આ હકીકતનો ઉલ્લેખ કરેલ નથી. તેઓ સ્વિકારતા નથી કે, બનાવ અકસ્માત સબંધેનો હોય તે હકીકત જાણતા હોવા છતાં ખોટી રીતે કલમ–૧૫૪ નાં ફોર્મમા તથા સ્ટેશન ડાયરી નં.૮/૨૩ મા ખોટી રીતે કરેલી છે.

**૩૯.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૧૯ તરીકે તપાસ કરનાર અધિકારી અલ્પેશ રાયસંગભાઇ ચૌધરીને આંક–૫૯ થી તપાસવામા આવેલા છે અને આંક–૬૦ થી ૭૩ સુધી અટકની નોંધ કરવાની યાદી, કલમનો ઉમેરો કરવાની યાદી, રવાનગી પત્ર, સત્તા પ્રમાણપત્ર, મુદામાલ મળ્યાની પહોંચો, સી.ડી.આર.ની માહિતિ મળવાનીયાદી, ડી.એફ.એસ., ગાંધીનગરનો પત્ર, ડી.એન.એ. રીપોર્ટ અને પંચ સ્લિપ રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે જણાવે છે કે, તા.૨૨/૧૧/૨૦૨૩ નાં રોજ સિટિ–સી ડિવિઝન પોલીસ સ્ટેશન, જામનગરમા પી.આઇ. તરીકે ફરજ પર હતાં દરમિયાન આ કામની તપાસ સંભાળી ઈજા પામનાર બાળકી નિધિનું જી.જી. હોસ્પિટલ ખાતે શરીર સ્થિતિનું પંચનામુ કરી, તેનો ફોટો પાડી, ફરીયાદીનાં મમ્મી છાયાબેન મનિષભાઇ જાનીનું તથા લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો લઇ, સ્થાનિક જગ્યાનું પંચનામુ કરે કરી, વેલણ તથા સ્ટીલનો ચમચો કબજે કરી, બનાવ સ્થળનો ફોટો પાડી, આરોપીને અટક કરી, તેનાં સેમ્પલ લેવડાવી, શરીર સ્થિતિનું

પંચનામુ કરી, આરોપીનું વિગતવારનું નિવેદન લઇ, જેમા તે ગુન્હાની કબુલાત કરતા હોય, તેઓને કોર્ટ સમક્ષ રજુ કરેલ.

**૩૯.૧.** બાદ જી.જી. હોસ્પિટલથી વર્ધી મળેલી કે, ઇજા પામનાર મરણ ગયેલ છે, જેથી એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટન સાથે રાખી ઇન્કવેસ્ટ પંચનામુ કરી, કલમ ઉમેરાનો રીપોર્ટ કરી, તેની જાણ પોલીસ અધિક્ષક સાહેબને કરી, નિધિની લાશનું પી.એમ. કરાવી, લાશ તેની માતાને સોપી, કબજે લીધેલ મરણ જનાર તથા આરોપીનાં સેમ્પલો તથા આરોપી તેમજ મરણ જનારનાં બનાવ સમયે પહેરેલ કપડા તેમજ મુદામાલ ચમચો તથા વેલણ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ., રાજકોટ તથા ગાંધીનગરને મોકલી બદલી થતાં આગળની તપાસ કે.એસ. માણીયા, પી.આઇ.ને સોંપી આપેલ અને તેઓએ ચાર્જશીટ કરેલુ. સાહેદ આરોપી તથા મુદામાલને ઓળખી બતાવે છે.

**૩૯.૨.** **ઉલટતપાસ**મા સાહેદ સ્વિકારે છે કે, આરોપી બનાવવાળી જગ્યાએ ભાડે કે ત્યાં રહેતા હોય તેવો કોઇ દસ્તાવેજી પુરાવો આ કામે કબજે કરેલ નથી. સાહેદ જણાવે છે કે, ફરીયાદી બનાવવાળી જગ્યાએ રહેતી હતી અને આરોપી ત્યાં અવારનવાર આવતો હતો. તેઓ સ્વિકારતા નથી કે, બનાવ સમયે બનાવ સ્થળે કોઇ સાક્ષીની હાજરી હોય તેવું કોઇ સાક્ષીનાં નિવેદનમા ખુલેલ નથી. તેઓ સ્વિકારે છે કે બલરાજસીંહ બહાદુરસીંહ જાડેજાનું કોઇ નિવેદન તપાસનાં કામે નોંધેલ નથી. તેઓ સ્વિકારે છે કે, ચમચો અને વેલણ કબજે કરેલા તેમા દેખીતા રુધીરનાં ચીન્હો જોવા મળેલા નહી. તેઓ સ્વિકારે છે કે, એફ.આર.આઇ. નોંધાયા પછી આરોપીની ધરપકડ કરવામા આવે તો અટક પંચનામુ કરવામા આવે છે. તેઓ સ્વિકારતા નથી કે, આરોપીનું અટક પંચનામુ આ કામે કરેલ નથી. આંક–૨૭ નાં પંચનામામા આરોપીની અટક કરી હોય કે શરીર સ્થિતિની વિગતો લખી હોય તેવુ નથી. જે પંચનામામા

આરોપીની શરીર સ્થિતિનું વર્ણન ન હોય અને અટક કર્યાની વિગતો ન હોય તે પંચનામુ આરોપીનુ અટક પંચનામુ ન કહી શકાય તેવા સવાલ નાં જવાબમા સાહેદ જણાવે છે કે, એવું જરૂરી નથી, પરંતુ આરોપીની અટક કર્યા બાદ અટક મેમો ભરી, સ્ટેશન ડાયરીમા નોંધ કરવામા આવે છે.

**૩૯.૩.** તેઓ સ્વિકારે છે કે, જો કોઈ વ્યકિત કોઈનાં ઘરે આવતો જતો હોય અને રોકાતો હોય તો તેમનાં ઘરનાં બેડ ઉપરથી તે વ્યકિતનાં લાળ અને વાળનાં અવશેષો મળી શકે અને બનાવ સ્થળેથી આરોપીનાં આવા કોઈ અવશેષો મળી આવેલ નથી. મરણ જનારનાં સેમ્પલ તા.૨૫/૧૧/૨૦૨૩ નાં રોજ કબજે કરેલા અને આરોપી અને ઈજા પામનારનાં સેમ્પલો તા.૬/૧૨/૨૦૨૩ નાં રોજ એફ.એસ.એલ.ને મોકલેલા. તેઓ સ્વિકારે છે કે, આંક–૬૫ ની યાદી મુજબ ડી.એન.એ. પૃથ્થકરણ માટે આરોપીનાં સેમ્પલ એફ.એસ.એલ. દ્વારા મંગાવવામા આવેલા અને આરોપીનાં રુધીરનો નમુનો ડી.એન.એ. પૃથ્થકરણ માટે મંગાવેલ, તેનાં પહેલા પણ આરોપીનાં રુધીરનાં બ્લડ અને સલાયવા સેમ્પલો મોકલાવેલ છે. તેઓ સ્વિકારતા નથી કે, અગાઉ રુધીરનાં નમુના વ્યર્થ ગયેલા, તેથી ફરીથી રુધીરનાં નમુના મંગાવેલા. તેઓ સ્વિકારતા નથી કે, આરોપીનાં રુધીરનાં નમુના લેવા માટે કોર્ટનાં હુકમથી જેલમાથી કબજો મેળવેલો તે હુકમ આ કામે સામેલ રાખેલ નથી. તેઓ સ્વિકારે છે કે, આરોપીનાં રુધીરનાં સેમ્પલ બીજી વખત લીધા તે પંચનામાની વિગતે કબજે લીધેલ નથી.

**૩૯.૪.** તેઓ સ્વિકારે છે કે સરતપાસમા જે ૩ મોબાઈલ નંબર દર્શાવેલા છે તેની કોલ ડિટેઈલ એ જાણવા માટે મંગાવેલી કે, આ મોબાઈલ ધારકની હાજરી બનાવ સમયે બનાવ સ્થળે છે કે કેમ. તેઓ સ્વિકારે છે કે, મોબાઈલ નં.૮૮૬૬૭૮૭૮૬૬ વાળો કોણ વાપરતુ હતું તેમજ સીમ

કોના નામનું હતું તેનો પુરાવો મેળવેલ નથી. તેઓ સ્વિકારે છે કે, બનાવ સ્થળનાં ફોટોગ્રાફસ તેમજ બાળકીનાં ફોટોગ્રાફસનાં પુરાવાનાં કાયદાની કલમ–૬૫(બી) નાં પ્રમાણપત્ર રજુ નથી. આંક–૪૦ નાં સ્થળ પરિક્ષણ અહેવાલમા બનાવ સ્થળની ફોટોગ્રાફિ/વિડિઓગ્રાફિ કરવાનું સુચન કરેલ છે, બનાવ સ્થળની વિડિઓગ્રાફિ કરેલ નથી.

**૩૯.૫.** તેઓ સ્વિકારે છે કે, સારવાર આપનાર કે તપાસનાર કોઈ ડોકટરનું નિવેદન લીધેલ નથી અને ફરીયાદીનું કોઇ વિશેષ નિવેદન લીધેલ નથી. તેઓ સ્વિકારે છે કે, ભોગ બનનારનાં શરીર ઉપરનાં બાઈટ માર્ક અંગે ફોરેન્સીક ઓડોન્ટોલોજીનો રીપોર્ટ મેળવેલ નથી. સાહેદ જણાવે છે કે, આ બાઈટ માર્ક બાબતે એફ.એસ.એલ.મા યાદી કરેલી અને બાદ તેઓની બદલી થઇ ગયેલી.

**<u>બચાવ પક્ષનાં પુરાવાની ચર્ચા</u> ::–**

**૪૦.** આ કામે બચાવ પક્ષ તરફે સાહેદ નં.૧ તરીકે એરોસ્ટાર એવીએશન એકેડમી, રાજકોટનાં કોઓર્ડીનેટર યશભાઈ ભરતભાઈ કોટકને આંક–૯૮ થી તપાસવામા આવેલા છે અને આંક–૯૯ થી ૧૦૪ સુધી કોર્ષની માહિતિ દર્શાવતી માહિતિનું પત્રક, વિદ્યાર્થી સાથે કરેલ એગ્રીમેન્ટ, વિદ્યાર્થીનું હાજરી અંગેનું નિવેદન, એકેડેમીમા ઉપલબ્ધ કોર્ષની સંખ્યા, સમયગાળાની માહિતિ, ગૌતમ થાનકી એકેડમીમા હાજર ન હતાં તેની માહિતિનો પત્ર રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તેઓ ૨૦૨૩ થી એરોસ્ટાર એવીએશન એકેડમી, રાજકોટ ખાતે સેન્ટર કોઓર્ડીનેટર તરીકે ફરજ બજાવે છે, તેમની ફરજ મા સેલ્સ સ્ટાફ તથા એડમીશનને લગત કામગીરી કરવાની હોય છે.

**૪૦.૧.** તેમની એકેડમીમા એક વિદ્યાર્થિ ગૌતમ કિશોરભાઈ થાનકીએ તા.૩/૭/૨૦૨૨ નાં રોજ એડમીશન લીધેલ હતું. આ વિદ્યાર્થિએ પર્સનલ

ડેવલોપ્મેન્ટનો કોર્ષ તા.૭/૭/૨૦૨૨ થી તા.૫/૮/૨૦૨૨, ગ્રુમીંગ તા.૨૫/૭/૨૦૨૨ થી તા.૨૯/૭/૨૦૨૨, ઇંગ્લિશ તા.૮/૮/૨૦૨૨ થી તા.૧૨/૧૦/૨૦૨૨, ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો કોર્ષ તા.૭/૧૦/૨૦૨૪ થી તા.૨૬/૧૧/૨૦૨૪ તથા એરપોર્ટ મેનેજમેન્ટનો કોર્ષ તા.૪/૧૨/૨૪ થી તા.૩૦/૧૨/૨૦૨૪ નાં રોજ કરેલ હતો. આ કોર્ષનાં સમય સવારે ૧૦–૩૦ થી ૧૨–૩૦ તથા સવારે ૯–૩૦ થી ૧૧–૦૦ અને સાંજે ૪–૦૦ થી ૬–૦૦ નાં કલાસ હોય છે. આ વિદ્યાર્થિએ છેલ્લે તા.૩૦/૧૨/ ૨૦૨૪ પછી એકેડમીમા કોઇ કોર્ષ કરેલ નથી અને તેમનો ૨૦૨૩ મા તેમની એકેડેમીમા કોઇ કોર્ષ ચાલુ ન હતો. તેમની એકેડમીમા ઓછામા ઓછુ ૩ માસ તથા વધુમા વધુ ૧૪ માસનો કોર્ષ હોય છે. સને ૨૦૨૫–૨૬ મા પણ ઉપરોકત વિદ્યાર્થિએ તેમની એકેડમીમા કોઇ કોર્ષ કરેલ ન હતો. તેમની એકેડમીમા ૩ વર્ષના સમયગાળાનો કોઇ કોર્ષ કરાવવામા આવતો નથી.

૪૦.૨. **ફરીયાદ પક્ષ તરફેની ઉલટતપાસમા** સાહેદ સ્વિકારે છે કે, સને ૨૦૨૩ મા ગૌતમ કિશોર થાનકી તેમની એકેડમીમા એકપણ કોર્ષમા અભ્યાસ કરવા માટે આવ્યા ન હતાં અને તેથી તેઓ તા.૨૨/૧૧/૨૦૨૩ તથા તા.૨૩/૧૧/૨૦૨૩ નાં રોજ એકેડમી રાજકોટ ખાતે હાજર ન હતાં.

૪૧. ઉલ્લેખનીય છે કે, આરોપી તરફે વિ.વ. શ્રી ગણાત્રાની રજુઆત છે કે, અકસ્માતનાં કેસને ખુનનાં ગુન્હામા બદલવાની કોશીષ ફરીયાદ પક્ષ કરી રહયા છે. ડો.જીતેન્દ્ર સામંતભાઇ રાઠોડની આંક–૧૦ ની જુબાની મુજબ કન્ટયુઝનની ઈજા તાજી હોય તો તેનો કલર રેડીશ બ્રાઉન હોય અને ૨૪ થી ૩૬ કલાક વચ્ચે બ્લુઇઝ બ્રાઉન થઇ જાય અને ત્યારબાદ કલર ઝાંખો પડતો જાય તેમજ કન્ટયુઝનની ઈજામા ૯૦ કલાક બાદ તેનો કલર રેડીશ બ્રાઉન ન રહે. તેમની રજુઆત છે કે, બનાવ બન્યાનાં ૭૫ કલાક બાદ ઈજા પામનાર ગુજરી ગયેલા છે, તેથી ઈજા રેડીશ

બ્રાઉન ન હોય અને ડોકટરે જે ઈજાઓ ગણાવેલી છે તેમા ઈજા નં.ર થી પ થી ઈજા રેડીશ બ્રાઉન છે અને ઈજા નં.૯ થી ર૫ ની ઈજાઓ બ્લુઈશ બ્રાઉન કલરની ઈજા છે. વધુમા ડોકટરે ઉલટતપાસમા પુછતા જણાવેલ છે કે, તેઓએ બાઈટ માટે કોઈ ડેન્ટીસ્ટ કે ઓડેન્ટોલોજીનો અભિપ્રાય મેળવેલ નથી. વધુમા, અન્ય ડો.રાજેશભાઈ લક્ષ્મણભાઈ કંડોરીયાની આંક–૩૫ ની જુબાનીની ઉલટતપાસ કરેલી છે, તેમણે પણ એ હકીકત સ્વિકારેલી છે કે, તેમણે કોઈ સારવાર કરેલી ન હોવાથી કયા પ્રકારની ઈજા થયેલી તે તેઓ કહી શકે નહીં. વધુમા એ હકીકત પણ સ્વિકારેલી છે કે, તેમણે જે આરોપીને કોર્ટમા ઓળખી બતાવેલ તે આરોપી જ બાળકીને લઈને મહિલા સાથે આવેલા તે તેઓ ચોકકસપણે કહી શકે તેમ નથી. ડો.અજયસીંહ જોરુભા જાડેજાએ આંક–૪૩ ની જુબાનીમા સ્વિકારેલ છે કે, ઈજા નં.ર બાઈટ માર્ક હ્યુમન બાઈટ માર્ક હતું કે એનિમલ બાઈટ માર્ક હતું તે ચોકકસપણે તેઓ કહી શકે નહીં. વધુમા, ડો.અજયસીંહ જોરુભા જાડેજાએ સ્વિકારેલ છે કે, આંક–૪૮ વાળા ઈંજરી સર્ટિફિકેટમા ''ફોલ ફાઉન ફ્રોમ સ્ટેર્સ એન્ડ ગોટ હેડ ઈંજરી એટ હર હોમ'' એવી હિસ્ટ્રી લખાયેલી છે.

**૪૧.૧.** વિ.વ.શ્રી ગણાત્રાની વધુમા રજુઆત છે કે, ફરીયાદી હોસ્ટાઈલ થયેલા છે અને તેમણે ફરીયાદ પક્ષને સમર્થન કરેલ નથી અને પી.એમ. કરનાર ડોકટરે સ્વિકારેલ છે કે, જે ઈજાઓ હતી તે કઠણ અને બોથડ પદાર્થથી થયેલી ઈજા એ સી.એલ.ડબલ્યુ. પ્રકારની ઈજા છે અને બાળક એલ આકારનાં દાદરા પરથી પ્રથમ માળથી ગ્રાઉન્ડ ફલોર સુધી અકસ્માતે પડી જાય તો તેવી ઈજા સંભવી શકે તેવી હતી.

**૪૨.** ઉલ્લેખનીય છે કે, હાલનાં કામમા ફરીયાદ પક્ષે ફરીયાદીની માતા તથા ફરીયાદીનાં અગાઉનાં પતિને તપાસવામા આવેલા છે. ફરીયાદીની માતા છાયાબેન મનિષકુમાર જાનીએ આંક–ર૪ ની જુબાનીમા જણાવે

છે કે, તેણીની દિકરી એટલે કે, ફરીયાદીનાં પહેલા લગ્ન રવિ પટેલ સાથે થયેલા હતાં અને મતભેદનાં કારણે છુટાછેડા થઇ ગયેલા. ફરીયાદી બે ત્રણ મહિનાથી આરોપી સાથે રહેતા હતાં. ઉલ્લેખનીય છે કે, ફરીયાદી તેમની જુબાની દરમિયાન સરતપાસમા જણાવે છે કે, આરોપી તેણી જયાં નોકરીએ જતા હતાં ત્યાં જ નોકરી કરતા હતાં, પરંતુ તેને ઘરે આવવા જવાનાં કે ફોનમા વાત કરવાનાં પ્રસંગ બનેલ નથી. આમ, ફરીયાદીની સગી માતાની જુબાનીમા અલગ હકીકત આવે છે. વળી, ફરીયાદીનાં અગાઉનાં પતિ રવિભાઇ રમેશભાઇ પાનસુરીયા ફરીયાદની હકીકતને સમર્થનકારક પુરાવો આપેલો છે અને આંક–૧૯ નાં સ્થાનિક જગ્યાનાં પંચનામાનાં પંચ સાહેદ અંકુરભાઇ ચંદ્રકાંતભાઇ દાવડાએ આંક–૧૮ ની જુબાનીમા ફરીયાદી અને તેનાં પિતાની હાજરીમા સ્થાનિક જગ્યાનું પંચનામુ કરેલ હોવાનું અને બનાવવાળી જગ્યાએ ચાદર, વેફરનાં પેકેટ, વેલણ, ઠામ વાસણ પડેલા હતાં તેવી હકીકત જણાવેલી છે, સદર પંચનામાની હકીકતને આંક–૩૮ નાં એફ.એસ. એલ. અધિકારી ડો.અસ્તિત્વ જનકકુમાર આનંદનાં મૌખીક પુરાવા તથા આંક–૪૦ નાં સ્થળ પરિક્ષણ અહેવાલથી પણ સમર્થન મળે છે અને તેમા પણ આંક–૧૯ નાં પંચનામાની હકીકતો જેવી જ હકીકતોનું વર્ણન કરવામા આવેલ છે.

આંક–૨૩ નાં ગુજરનારની શરીર સ્થિતિનાં પંચનામાનાં પંચ સાહેદ ખોડાભાઇ કરશનભાઇએ આંક–૨૨ ની જુબાનીમા ગુજરનાર પાંચ છ વર્ષની છોકરીએ માથામા પટ્ટી લગાવેલી હતી અને તેની બાજુમા એક મહિલા હાજર હતાં, બાળકીને ઓકસીજન માસ્ક લગાવેલ હતું અને તેનાં શરીર ઉપર ઈજાનાં નિશાનો હતાં તેવી હકીકત જણાવેલી છે.

આંક–૩૩ નાં ઈન્કવેસ્ટ પંચનામાનાં પંચ સાહેદ નિતિનભાઇ દત્તારામે આંક–૩૨ ની જુબાનીમા જણાવેલ છે કે, એક છોકરી આશરે

પાંચથી છ વર્ષવાળીને બે ગોઠણમા ઘારવા (કાળા ચાંભા), બંને હાથમા પણ કાળા ચાંભા (મુઢ ઈજા), હોઠ સોજી ગયેલ, પેટમા ડાબી બાજુ બટકુ ભર્યાનું નિશાન હતું તેવી હકીકત જણાવેલી છે. જયારે, આ જ પંચનામાનાં અન્ય પંચ સાહેદ છાયાબા ગંભિરસીંહ જાડેજાએ આંક–૩૪ ની જુબાનીમા નિધિ (ગુજરનાર)ની ખબર કાઢવા ગયેલ ત્યારે, તે સીરીયસ હતી અને તે ચારથી પાંચ વર્ષની ઉંમરની હતી, બાદ નિધિની લાશ જોયેલી અને તેનાં બંને પગનાં ઘુંટણથી ઉપરનાં ભાગે મારેલાનાં નિશાન હતાં, હાથમા પણ મારેલાનાં નિશાન હતાં, પેટનાં ભાગે બચકુ ભરેલાનું નિશાન હતું, માથાનાં ભાગમા પાટો હતો અને મોઢાનો ભાગ સોજેલો હતો તેવી હકીકત તેણીએ જણાવેલી છે. સદર સાહેદે ઉલટ તપાસમા પણ પોલીસ તેમને જેમ પુછતી હતી તેમ તે લખાવતા હતાં તેવું જણાવેલ છે. આંક–૨૩ અને ૩૩ નાં પંચનામાઓની હકીકતો સાથે તબિબિ અધિકારીશ્રીઓનાં મૌખીક પુરાવાઓ અને તેમણે રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓની હકીકતો ધ્યાને લેતા આ બંને પંચનામાઓની હકીકતોને પણ સંપૂર્ણપણે સમર્થન મળી રહે છે.

આમ, આ પંચ સાહેદોનાં મૌખીક પુરાવાઓ સાથે તબિબિ અધિકારીશ્રીઓનાં મૌખીક પુરાવાઓ અને તેમણે રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ તથા પંચનામાઓથી પણ ફરીયાદ પક્ષનાં કેસની હકીકતોને સમર્થન મળી રહે છે.

**૪૩.** ફરીયાદીનાં અગાઉનાં પતિ રવિભાઇ રમેશભાઇ પાનસુરીયાએ આંક–૩૬ ની જુબાનીમા જણાવેલ છે કે, તેમને ફરીયાદી સાથે છુટાછેડા થઇ ગયેલા છે અને ફરીયાદી બાદમા આરોપી સાથે રહેતી હતી. તા.૨૨/૧૧/૨૦૨૩ નાં રોજ ફરીયાદીનો રાત્રિનાં દશેક વાગ્યે ફોન આવેલો કે, નિધી સીડી ઉપરથી પડી ગયેલ છે અને માથામા લાગેલ છે, તમે જી.જી. હોસ્પિટલે આવો. જેથી, તેઓ ત્યાં ગયેલા અને બાદ રાત્રિનાં

પોલીસવાળાનો ફોન આવેલો અને જી.જી. હોસ્પિટલે બોલાવતા ત્યાં જતા પોલીસવાળાએ કહેલ કે, તમે નિધિને જોઇ આવો, જેથી નિધિને જોવા ગયેલ તો, નિધિની હાલત બહુ ખરાબ હતી અને તેનાં પેટમા બટકુ ભરેલ હતુ, શરીરમા બધી જગ્યાએ મુઢમાર માર્યાની ઈજાઓ હતી. તેમણે ફરીયાદીને બનાવ અંગે પુછતા જણાવેલ કે, વિરેનને નિધિ જોઇતી ન હતી અને અમારે લગ્ન કરવા છે, જેથી વિરેને નિધિને પેટમા બટકુ ભરેલુ અને વેલણ તથા ચમચાથી માર મારેલ છે. ત્યારબાદ નિધિ તા.૨૫/૧૧/૨૦૨૩ નાં રોજ મૃત્યુ પામેલી છે. ઉલટતપાસમા તેઓ સ્વિકારે છે કે, ફરીયાદી સાથે છુટાછેડા થઇ ગયા બાદ તેની સાથે કોઇ વ્યવહાર ન હતો અને છુટાછેડા બાદ ફરીયાદીનાં જીવનમા શું ચાલતુ હતું તેની તેમને ખબર નથી.

**૪૪.** ઉલ્લેખનીય છે કે, ફરીયાદી આ કામે હોસ્ટાઇલ થઇ ગયેલા છે, પરંતુ તેમણે જે ફરીયાદ હકીકત લખાવેલી છે તે અંગે તેમને સરતપાસમા પુછવામા આવેલ છે અને તેમા તેમણે ફરીયાદમા લખાવેલ કે, તેણી તિરુપતિ સોસાયટીમા ભાડેથી તેમની દિકરી નિધિ સાથે રહેતી હતી અને વિરેન અવારનવાર તેમનાં મકાને આવતો અને દિકરી નિધિ તેને ગમતી નહીં અને તેણે કહેલ કે, હું તારી સાથે લગ્ન કરુ, પરંતુ દિકરીને રાખીશ નહીં. તા.૨૨/૧૧/૨૦૨૩ નાં રોજ બપોરનાં આશરે ત્રણેક વાગ્યે વિરેન ઘરે આવેલ ત્યારે તેણી વિરેન સાથે અંદરનાં રુમમા બેઠા હતાં અને દિકરી નિધિ હોલમા રમતી હતી ત્યારે સાંજનાં છ સાડા છએક વાગ્યે વિરેન હોલમા આવેલ અને દિકરી નિધિને તું મરતી નથી અને અમારો રસ્તો સાફ કરતી નથી તેમ કહી પેટમા બચકુ ભરી લીધેલ અને વેલણ વડે બંને પગમા, હાથમા તથા મોઢા અને માથામા આડેધડ મારવા લાગતા ફરીયાદીએ વિરેનને કહેલ કે, તું આમ માર નહીં, નહીંતર નિધિ મરી જશે તેમ કહેતા વિરેને કહેલ કે, તે મરશે તો જ તું મારી સાથે લગ્ન કરીશ. પછી નિધિ કશુ બોલતી ન હોય જેથી, વિરેનને નિધિને

દવાખાને લઈ જવાનું કહેતા વિરેને કહેલ કે, આ મરી જાય તો આપણો રસ્તો સાફ થાય, તેથી ખૂબ જ વિનંતી કરેલી, આ બનાવની હકીકત લખાવેલી છે.

**૪૪.૧.** ઉલ્લેખનીય છે કે, તપાસ કરનાર અધિકારી અલ્પેશ રાયસંગભાઇ ચૌધરીએ આંક-૫૯ અને ફરીયાદ લેનાર યોગેશકુમાર રમણિકલાલ જોષીએ આંક-૫૩ ની જુબાનીઓમા ફરીયાદીની ફરીયાદની હકીકતોને સમર્થન કરેલ છે.

**૪૫.** ઉલ્લેખનીય છે કે, છાયાબેન મનિષકુમાર જાનીની આંક-૨૪ ની જુબાની આ કેસમા મહત્વની છે, તેઓ સ્વતંત્ર સાહેદ છે તથા ફરીયાદીની માતા છે. તેમણે જણાવેલ છે કે, તા.૨૨/૧૧/૨૦૨૩ નાં રોજ આરોપી તેમની દિકરી તથા મરણ જનારને તેમનાં ઘરેથી લેવા આવેલ અને કહેલ કે, સાંજે પાંચ છ વાગ્યે પરત મુકી જઇશ. પછી સાડા છ વાગ્યા સુધી તેઓ આવેલ નહીં, તેથી દિકરીને ફોન કરતા દિકરીએ કહેલ કે, હું જમીને પછી આવીશ. બાદ રાત્રે એકાદ વાગ્યે આરોપીનો ફોન આવેલ કે, કયાં છો, ત્યારબાદ, રાત્રિનાં અઢી વાગ્યે તેમની દિકરીનાં ફોનમાથી પોલીસ નો ફોન આવેલ અને મરણ જનારનાં પેટ પર બટકુ ભરેલાનું નિશાન હતું. દિકરીને પુછેલ તો, તેણે કહેલ કે, તેણી અંદરનાં રુમમા સુતી હતી અને મરણ જનાર બહાર સુતી હતી ત્યારે આરોપીએ ઉઠાડેલ અને કહેલ કે, જો તો મરણ જનારને આ શું થઇ ગયુ છે? બાદમા તે મરણ જનારને હોસ્પિટલ લઈ આવેલા.

**૪૫.૧.** ઉલ્લેખનીય છે કે, ફરીયાદીની માતાએ અમુક હકીકતને સમર્થન નહીં કરતા તેમને અમુક પ્રશ્નો પુરતા હોસ્ટાઇલ જાહેર કરેલા છે. ઉલટતપાસ મા પુછતા જણાવેલ છે કે, તે હકીકત ખરી છે કે, તેમણે પોલીસ રુબરુ નાં નિવેદનમા લખાવેલ છે કે, તેમની દિકરીને પુછતા જણાવેલ કે, આ

વિરેન રામાવત તેમની દિકરી અને મરણ જનારને બપોરનાં બે વાગ્યે આપણાં ઘરે આવેલ અને તેડી ગયેલ ત્યારે વિરેનને કહેલ કે, લગ્ન કયારે કરીશ, તેથી તેણે કહેલ કે, મરણ જનાર મારે જોઇતી નથી. આમ કહેતા બંને વચ્ચે બોલાચાલી થયેલી અને સાંજનાં આશરે સાડા છ વાગ્યે વિરેને મરણ જનારને પેટમા બચકુ ભરી, ચમચો તથા વેલણથી શરીરે માર મારતા મરણ જનારની તબિયત બગડતા જી.જી. હોસ્પિટલ લઈ ગયેલ.

૪૫.૨. ઉલ્લેખનીય છે કે, **નામદાર સુપ્રિમ કોર્ટનાં State Of Kerala vs K.A. Abdul Rasheed, Criminal Appeal No. Of 2026 (@Special Leave Petition (Crl.) No.1808 of 2026), Date 15/4/2026** નાં ચુકાદામા નામદાર સુપ્રિમ કોર્ટે નીચે મુજબ ઠરાવેલ છે ::–

> **13.** We pause here to notice that the Constitution Bench in Neeraj Dutta2 had specifically dealt with the efficacy of the deposition of hostile witnesses. It referred with approval to Sat Paul v. Delhi Administration4 wherein it was held:
>
> “52. From the above conspectus, it emerges clear that even in a criminal prosecution when a witness is cross- examined and contradicted with the leave of the court, by the party calling him, his evidence cannot, as a matter of law, be treated as washed off the record altogether. It is for the Judge of fact to consider in each case whether as a result of such cross-examination and contradiction, the witness stands thoroughly discredited or can still be believed in regard to a part of his testimony. <u>If the Judge finds that in the process, the credit of the witness has not been completely shaken, he may, after reading and considering the evidence of the witness, as a whole, with due caution and care, accept, in the light of the other evidence on the record, that part of his testimony which he finds to be creditworthy and act upon it</u>. If in a given case, the whole of the testimony of the witness is impugned, and in the process, the witness stands squarely and totally discredited, the Judge should as a matter of prudence, discard his evidence in toto.” [underlining supplied for emphasis].

આમ, સદરહુ નામદાર સુપ્રિમ કોર્ટનાં ચુકાદામા એવું ઠરાવવામા આવેલ છે કે, કોઈ સાહેદની જુબાનીમા વિષંગતતા આવે તેમ છતાં પણ તે કોર્ટની જવાબદારી છે કે, તેમણે સદરહુ સાહેદની જુબાનીમા જે વિશ્વાસપાત્ર હકીકતો હોય તેને ધ્યાને લેવી જોઇએ. આવા સંજોગોમા ફરીયાદીની માતા છાયાબેનની જુબાનીમા જે હકીકત ફરીયાદ પક્ષનાં કેસથી વિપરીત આવેલી છે તેની સાથે સાથ ફરીયાદ પક્ષને સમર્થન કારક હકીકતો રેકર્ડ ઉપર આવેલી છે તેને અવગણી શકાય નહીં.

**૪૬.** ઉલ્લેખનીય છે કે, હાલનાં કામમા ફરીયાદી સરવરીબેનનાં પાડોશી ગૌતમભાઇ કિશોરભાઇ થાનકીને આંક–૯૩ થી તપાસવામા આવેલા છે. તેમણે જણાવેલ છે કે, તેમની સામેનાં મકાનમા ભાડુઆત તરીકે સરવરીબેન તથા તેમની પુત્રિ રહેતા હતાં અને ત્યાં એક ભાઈ અઠવાડીયે પંદર દિવસે સવાર–સાંજ, બપોરે આવતા હતાં. તા.૨૨/ ૧૧/૨૦૨૩ નાં રોજ સાહેદ પોતાનાં ઘરની બહાર ફળીયામા હતાં ત્યારે સાંજનાં ૬–૦૦ વાગ્યે સરવરીબેન તેમની બાળકી નિધિને હાથમા તેડી જતા હતાં ત્યારે એક ભાઇ જે તેમને ત્યાં વિઝિટ કરવા આવતા હતાં તે પણ તેમની સાથે હતાં અને હોસ્પિટલે લઇ જવાનું કહેતા હતાં. ત્યારે નિધિ બેશુદ્ધ હતી અને થોડીવારમા તે બાળકીને લઇને પરત આવેલા ત્યારે સરવરીબેન સાથે તે ભાઈ ન હતાં. આ ભાઈ જયારે મળવા આવતા ત્યારે નિધિને નિર્દયતાપૂર્વક માર મારતા હતાં.

**૪૬.૧.** ઉલટતપાસમા જણાવે છે કે, તા.૨૨/૧૧/૨૦૨૩ નાં રોજ રાજકોટ મુકામે એરપોર્ટ મેનેજમેન્ટનો તેમને કોર્ષ ચાલતો હતો ત્યાં ગયેલ ન હતાં. ઉલ્લેખનીય છે કે, બચાવ પક્ષનાં સાહેદ તરીકે બચાવ પક્ષે યશ ભાઇ ભરતભાઇ કોટકને આંક–૯૮ થી તપાસવામા આવેલા છે, તેમણે પણ સદરહુ સાહેદ તા.૨૨ તથા ૨૩/૧૧/૨૦૨૩ નાં રોજ હાજર ન હતાં તેવું એરોસ્ટાર જેટ ટ્રેડીંગ એકેડેમી પ્રા.લી.નું સર્ટિફિકેટ આંક–૧૦૨ થી

રજુ કરેલ છે અને સાહેદની જુબાનીમા તે આંકે પડેલ છે. આમ, સદરહુ તારીખે ગૌતમભાઇ ટ્રેનીંગમા ગયેલા ન હતાં તે હકીકત રેકર્ડ ઉપર આવી ગયેલ છે. વધુમા ઉલટતપાસમા પુછતા જણાવેલ છે કે, જયારે બાળકી નો અવાજ સાંભળતા ત્યારે આરોપી ભાઇ ત્યાં હાજર જ રહેતા. તેમણે એ હકીકત સ્વિકારેલી છે કે, પોલીસ રુબરુનાં નિવેદનમા લખાવેલ નથી કે, જયારે આ ભાઇ મળવા આવતા ત્યારે નિધિને નિર્દયતાપૂર્વક માર મારતા હતાં.

**૪૬.૨.** ઉલ્લેખનીય છે કે, સદરહુ સાહેદે એવું પણ જણાવેલ છે કે, આરોપીએ નિધિને માર મારેલ હોય તેવું નજરે જોયેલ નથી અને તેમણે માર મારેલ નો અવાજ સાંભળેલો છે તેવી સ્પષ્ટતા કરેલી છે. હાલનાં સાહેદ પણ સ્વતંત્ર સાહેદ છે.

**૪૭.** આમ, સ્વતંત્ર સાહેદ ગૌતમભાઇ જે ફરીયાદીનાં પાડોશી છે તથા છાયા બેન જે ફરીયાદીની માતા છે તેમની જુબાનીઓ ધ્યાનમા લેતા બનાવનાં દિવસે આરોપી બનાવ સ્થળે હાજર હતાં અને એ હકીકત ધ્યાને લેવા યોગ્ય છે કે, બનાવનાં દિવસે સાંજનાં છ વાગ્યે મરણ જનાર નિધિને હોસ્પિટલ લઇ ગયેલા તે આરોપી અને સરવરીબેન લઇ ગયેલા તે ગૌતમે નજરે જોયેલ છે અને સાંજનાં ૬–૩૦ વાગ્યે આશરે છાયાબેને સરવરીબેનને ફોન કરેલો તે ફોન ઉપર તેમની દિકરીએ કોઇ હકીકત જણાવેલી નથી કે તેમની દિકરી સાથે શું થયુ, માત્ર એટલું જ કહેલ કે, જમીને પછી આવીશ. રાત્રે એક વાગ્યે પણ આરોપી ફરીયાદીની માતા છાયાબેનને ફોન કરે છે ત્યારે પણ જણાવતા નથી કે, શું ઘટના બની.

**૪૮.** ઉલ્લેખનીય છે કે, ફરીયાદીને આરોપી સાથે લગ્ન કરવા હોય, તેઓ તેમને બચાવતા હોય તેવું રેકર્ડ ઉપર સ્પષ્ટ થાય છે અને તેથી તેમણે ફરીયાદ પ્રમાણે જુબાની આપેલી નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલા છે.

ઉલ્લેખનીય છે કે, આરોપીને નિધિ જોઇતી ન હોવાથી આરોપીએ તેને ખૂબ જ માર મારેલ છે અને હોસ્પિટલમા સારવર દરમિયાન તેણી મૃત્યુ પામેલ છે. જે વેલણથી મારેલ છે તેનું પંચનામુ થયેલ છે અને રેકર્ડ ઉપર આવેલ છે અને ડોકટરની જુબાનીથી સખત પદાર્થથી માર મારવા થી ઈજા થયેલ છે તેવું રેકર્ડ ઉપર આવેલ છે તથા મેડિકલ એવિડન્સથી મરણ જનારને થયેલી ઈજાઓનાં કારણે તેણી મૃત્યુ પામેલ છે તેવું રેકર્ડ ઉપર આવેલ છે. સામાન્ય કોઇ બનાવ બન્યો હોત તો ફરીયાદીએ તેની માતા રુબરુ હકીકત જાહેર કરી હોત, પરંતુ તેઓ કોઇ બનાવની હકીકત કહેવા માગતા ન હતાં અને આરોપીને બચાવવા માગતા હતાં તેવી હકીકત સ્પષ્ટ થાય છે. વધુમા, ફરીયાદીનાં અગાઉનાં પતિ રવિ ભાઇએ જણાવેલ છે કે, સરવરીએ જણાવેલ કે, વિરેને નિધિને પેટમા બચકુ ભર્યુ તથા ચમચા અને વેલણથી માર મારેલ છે. વધુમા, ફરીયાદી આરોપીને બચાવવા માગતા હોય તેવું જણાય છે, તેથી તેમણે ગુજરનાર સીડી ઉપરથી પડી ગયાની હકીકત જણાવેલી છે તેવું સ્પષ્ટ થાય છે.

૪૯. ઉલ્લેખનીય છે કે, ફરીયાદી તેમની જુબાનીમા જણાવે છે કે, તા.૨૨/ ૧૧/૨૦23 નાં રોજ સાંજનાં આશરે સાત સાડા સાત આસપાસ નિધિ હોલમા રમતી હતી અને પગથીયા પરથી નીચે પડી ગયેલી, જયાં વાસણો તથા નાના પથ્થરો પડેલા હતાં અને બાજુમા દિવાલ હતી તેમા તેનું માથુ પછાડતા નિધિએ રોકકળ કરતા તુરત નીચે ગયેલ અને જોયેલ તો નિધિ બેભાન હાલતમા હતી. પરંતુ, ગૌતમભાઇની જુબાની મુજબ તેઓ આશરે ૬-૦૦ વાગ્યે ફરીયાદી નિધિને હાથમા તેડીને જતા હતાં અને પાછા આવેલ ત્યારે આરોપી તેમની સાથે ન હતાં તેવું તેમણે જોયેલ. એટલું જ નહીં પરંતુ, આ કામે નિધિ પગથીયા પરથી નીચે પડી ગયેલી હોય અને ત્યાં નીચે વાસણો તથા નાના પથ્થરો પડેલા હોય તેવી કોઇ જ હકીકતો અંગે પંચનામામા તે અંગેનો કોઇ ઉલ્લેખ થયેલો નથી અને બનાવવાળી જગ્યાનું પંચનામુ કરતી વખતે બનાવવાળી

જગ્યા પણ હાલનાં ફરીયાદીએ જ બતાવેલી હોવાનું પંચ સાહેદોનાં પુરાવાઓ ઉપરથી ઉપરોકત કરવામા આવેલી ચર્ચા અનુસાર ફલીત થાય છે. વળી, પી.એમ. તા.૨૬/૧૧/૨૦૨૩ નાં રોજ સવારે ૧૧–૩૦ વાગ્યે શરુ થયેલ, તેવું રેકર્ડ ઉપર છે, તેથી ૮૦ કલાકથી વધુ સમય થયેલ છે. વિ.વ. શ્રી ગણાત્રાની રજુઆત છે કે, તાજી ઈજા હોય તો કલર રેડીશ બ્રાઉન થાય અને ૨૦ થી ૩૬ કલાક વચ્ચે બ્લુઇશ બ્રાઉન થાય અને હાલનાં કિસ્સામા ૭૪ કલાકથી વધુ સમયે બાદ પી.એમ. થયેલ છે, તેથી તે ઈજાઓ મૃત્યુ પછીની હોઇ શકે, પરંતુ ડો.જીતેન્દ્રની જુબાની મુજબ તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી. વળી, બચાવ પક્ષે સદરહુ ડોકટરનો ખુલાસો લીધેલો નથી કે, કયા કારણોસર જેવા કલર ની ઈજાઓ હતી તે જોવા મળેલી.

**૫૦.** ડો.રાજેશભાઈએ જણાવેલ છે કે, રાત્રિનાં આશરે ૮–૦૦ વાગ્યે તેઓ તેમનાં કલીનીક પર હાજર હતાં ત્યારે એક મહિલા તથા પુરુષ આશરે ચાર પાંચ વર્ષની બાળકીને લઈને તેમની પાસે આવેલા અને બાળકીની સ્થિતિ સીરીયસ હોવાનાં કારણે તે લોકોને બાળકીને જી.જી. હોસ્પિટલ લઈ જવા રીફર કરેલ. ત્યારબાદ, બે ત્રણ દિવસ પછી વર્તમાનપત્રમા વાંચેલ કે, આવેલ બાળકી ઉપર હુમલલો થયેલો હતો અને તેમણે આરોપીને ઓળખી બતાવેલ છે, પરંતુ તેઓ ચોકકસ કહી શકે તેમ નથી તેવું તેમણે સ્વિકારેલ છે. ઉલ્લેખનીય છે કે, ગૌતમભાઈની જુબાની મુજબ સાંજનાં ૬–૦૦ વાગ્યે ફરીયાદી બાળકીને લઈને નિકળી ગયેલા હતાં અને ડોકટરનાં કહેવા મુજબ રાત્રિનાં ૮–૦૦ વાગ્યે ફરીયાદી આવેલા હતાં. વધુમા, ગૌતમભાઈ એવું પણ જણાવે છે કે, ફરીયાદી તુરત જ પાછા આવી ગયેલા હતાં અને ફરીયાદીની માતા છાયાબેનનાં કહેવા મુજબ સાંજનાં ૬–૦૦ વાગ્યે ફોન કરેલો ત્યારે બનાવની કોઈ જાણ તેમને કરવામા આવેલી ન હતી. તેથી, બનાવ અંગે ફરીયાદી આરોપીને બચાવવા માગે છે તેવું સ્પષ્ટ જણાય છે અને આરોપી વિરેને

મારી નાખવાનાં ઈરાદાથી નિધિને માર મારેલ છે તેવું સ્પષ્ટ જણાય છે. તમામ ડોકટરો તથા મેડિકલ એવિડન્સથી રેકર્ડ ઉપર આવે છે કે, જે ઈજાઓ થઇ તેનાં કારણે જ ગુજરનારનું મૃત્યુ થયેલ છે. માથામા હેમરેજ શોક થયેલ અને શરીર ઉપર ઘણી બધી ઈજાઓ થયેલી હતી.

**૫૧.** ઉલ્લેખનીય છે કે, જે ઈજાઓ હોય તે સંજોગો પ્રમાણે, પરિસ્થિતિ પ્રમાણે તેમજ આજુબાજુનાં વાતાવરણ પ્રમાણે બદલતી હોય છે, તેમા કોઈ ચોકકસ પેરામીટર્સ હોતા નથી તેમજ ડોકટરે સ્પષ્ટ જણાવેલ છે કે, જે ઈજાઓ હતી તે ગંભીર ઈજાઓ હતી તેમજ બચાવ પક્ષ દ્વારા એવી કોઈ રજુઆત થયેલ નથી કે કોઈ સાક્ષીની ઉલટતપાસમા એવો પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલા નથી કે તેમની સામે વેરભાવના રાખીને કે કિન્નાખોરી રાખીને કોઈ વ્યકિતએ ખોટી ફરીયાદ કરેલ હોય કે ખોટીરીતે સંડોવી દીધેલ હોય. ફરીયાદીનાં પતિ રવિભાઈની જુબાનીથી ફરીયાદ પક્ષને કોઈ વિશેષ મદદ મળેલ નથી. પાડોશી ગૌતમભાઈ તથા ફરીયાદીનાં માતાએ જે વિશ્વાસપાત્ર અને સ્વાભાવિક જુબાની આપેલી છે, તેનાં આધારે આરોપીની ગુન્હામા સંડોવણી થયેલ છે.

**૫૨.** આમ, ઉપરોકત ચર્ચાથી એ હકીકત ધ્યાને આવે છે કે, આરોપીએ નિધિ ને ઈજા પહોંચાડીને તેણીનું મૃત્યુ નિપજાવેલ છે અને ફરીયાદી આરોપી ને બચાવવાની કોશીષ કરે છે. તેઓ જણાવે છે કે, આરોપી તેમના ઘરે આવતા નથી કે તેમની સાથે વાતચીતનો વ્યવહાર નથી. ઉલ્લેખનીય છે કે, કોલ ડિટેઈલ્સ રીપોર્ટ રજુ થયેલ છે તે પણ ધ્યાને લીધેલ છે. વિશાલ રવિન્દ્રભાઈ સોલંકી જેઓ ભારતીય એરટેલ કંપનીનાં નોડલ ઓફિસર છે તેમણે આંક-૮૨ નાં પુરાવામા કસ્ટમર એપ્લીકેશન ફોર્મ, ડિટેઈલ્સ, કોલ ડિટેઈલ અને પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) નું પ્રમાણપત્ર આંક-૮૩ થી ૮૬ સુધી રજુ કરેલ છે, જે મુજબ આરોપીને ફરીયાદી સાથે ઘણી બધી વખત વાત થયેલી છે તેવું રેકર્ડ ઉપર આવેલ છે. જયારે,

આંક-૮૭ થી ભરતભાઈ રામાભાઈ પટેલ જેઓ જીઓ ઈન્ફોકોમ લી.કાું. નાં નોડેલ ઓફિસર છે તેમણે પણ આંક-૮૭ નાં પુરાવામા કસ્ટમર એપ્લીકેશન ફોર્મ, ડિટેઈલ્સ, કોલ ડિટેઈલ અને પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) નું પ્રમાણપત્ર આંક-૮૮ થી ૯૨ સુધી રજુ કરેલ છે, જે મોબાઈલ નંબરો ફરીયાદી અને તેમની માતાનાં મોબાઈલ નંબરો છે અને જે મુજબ પણ આરોપીને ફરીયાદી સાથે ઘણી બધી વખત વાત થયેલી છે તથા ફરીયાદીની માતાને પણ વાત થયેલી છે તેવું રેકર્ડ ઉપર આવેલ છે.

**૫૩.** ઉલ્લેખનીય છે કે, ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬ મુજબ રજુ થયેલા પુરાવા ધ્યાને લેવા યોગ્ય છે, તે માટે હાલનાં તબક્કે **નામદાર ગુજરાત હાઈકોર્ટનાં દશરથભાઈ મોહનભાઈ રાઠોડ વિરૂદ્ધ સ્ટેટનો રેગ્યુલર ફોજદારી અપીલ નં.૧૭૩૫/૨૦૦૮, તા.૪/૨/૨૦૧૪** નાં ચુકાદા ને ધ્યાને લેતા તેમા એવું ઠરાવવામા આવેલ છે કે ::-

> **55.** In our opinion, both these witnesses could be termed as a res gestae witnesses. This principle of res gestae is embodied in Section 6 of the Evidence Act.
> "6. Relevancy of facts forming part of same transaction.- Facts which, though not in issue, are so connected with a fact in issue as to form part of the same transaction, are relevant, whether they occurred at the same time and place or at different times and place."
>
> **56.** In the case of Sukhar v/s. State of U.P., (1999)9 SCC 507, the Supreme Court noticed position of law with regard to Section 6 of the Evidence Act thus :
> "6. Section 6 of the Evidence Act is an exception to the general rule whereunder the hearsay evidence becomes admissible. But for bringing such hearsay evidence within the provisions of Section 6, what is required to be established is that it must be almost contemporaneous with the acts and there should not be an interval which would allow fabrication. The statements sought to be admitted, therefore, as forming part of res gestae, must have been made contemporaneously with the acts or immediately

thereafter. The aforesaid rule as it is stated in Wigmore's Evidence Act reads thus :

"Under the present exception [to hearsay] an utterance is by hypothesis, offered as an assertion to evidence the fact asserted (for example that a car-brake was set or not set), and the only condition is that it shall have been made spontaneously, i.e. as the natural effusion of a state of excitement. Now this state of excitement may well continue to exist after the exciting fact has ended. The declaration, therefore, may be admissible even though subsequent to the occurrence, provided, it is near enough in time to allow the assumption that the exciting influence continued."

**57.** Sarkar on Evidence (Fifteenth Edition) summarises the law relating to applicability of Section 6 of the Evidence Act thus :

"1. The declarations (oral or written) must relate to the act which is in issue or relevant thereto; they are not admissible merely because they accompany an act. Moreover the declarations must relate to and explain the fact they accompany, and not independent facts previous or subsequent thereto unless such facts are part of a transaction which is continuous.

2. The declarations must be substantially contemporaneous with the fact and not merely the narrative of a past. The declaration and the act may be by the same person, or they may be by different persons, e.g., the declarations of the victim, assailant and bystanders. In conspiracy, riot, the declarations of all concerned in the common object are admissible.

4. Though admissible to explain or corroborate, or to understand the significance of the act, declarations are not evidence of the truth of the matters stated."

**58.** The rule embodied in Section 6 is usually known as the rule of res gestae. What it means is that a fact which, though not in issue, is so connected with the fact in issue "as to form part of the same transaction" becomes relevant by itself. To form particular statement as part of the same transaction utterances must be simultaneous with the incident or substantial contemporaneous that is made either during or immediately before or after its occurrence.

**૫૩.૧.** ઉલ્લેખનીય છે કે, ઉપરોકત સંજોગોમા ફરીયાદીનાં અગાઉનાં પતિ રવિ ભાઇની આંક-૩૬ ની જુબાની ધ્યાને લેતા બનાવ બાદ તેમને બનાવની જાણ ફરીયાદીએ કરેલી છે. તેથી, પુરાવા અધિનિયમની કલમ-૬ મુજબ તે પ્રસ્તુત છે. તેમણે બનાવ નજરે જોયેલ નથી, પરંતુ બનાવ બાદ તેઓ ને બનાવમા ઈજા પામનાર બાળકી નિધિને થયેલી ઈજા અંગે તેણે ઈજા પામેલ હાલતમા જોયેલા છે, મુદ્દામાલ વેલણ તથા ચમચો રીકવર થયેલ છે. આવા સંજોગોમા ફરીયાદીનાં અગાઉનાં પતિની જુબાની માની શકાય નહીં તેવો કોઇ કાયદાનો બાધ નથી.

**૫૪.** ઉપરોકત મેડિકલ પુરાવાઓ ધ્યાને લેતા એવી હકીકત રેકર્ડ ઉપર આવેલી છે કે, ગુજરનાર નિધિને થયેલી ઈજાઓનાં કારણે જ તેણીનું મૃત્યુ થયેલ છે અને તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી કે, ગુજરનાર નિધિનું મૃત્યુ કોઇ મેડિકલ નેગ્લીજન્સીનાં કારણે કે અન્ય કોઈ કારણોસર થયેલ હોય. કુદરતની શ્રૃષ્ટિમા, જીવ વિજ્ઞાનમા તથા મેડિકલ સાયન્સમા અનેક સંભાવનાઓ હોય છે, જે જે તે સંજોગો ઉપર આધારીત થઇ શકે. તેથી, બચાવ પક્ષે રજુ કરેલ સંભાવનાઓ તેમને મદદરૂપ થતી નથી. ડોકટરે સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે કે, દર્દીને જે ઈજાઓ થયેલી તે ઈજાઓ સખત અને બોથડ પદાર્થથી થઇ શકે તેવી હતી અને આ ઈજાઓનાં કારણે જ ગુજરનારનું મૃત્યુ થયેલ છે. આમ, દર્દીને જે ઈજાઓ થયેલી, તેનાં પરીણામે સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયેલ છે.

**૫૫.** અત્રે **નામદાર સુપ્રિમ કોર્ટનાં Kalegura Padma Rao & Anr vs The State Of A.P., reported in AIR 2007 SUPREME COURT 1299** નાં ચુકાદાને ધ્યાને લેવો જરૂરી છે, જેમા નામદાર સુપ્રિમ કોર્ટે ઇ.પી. કોડ કલમ-૩૦૨ કયારે લાગુ પડે અને ૩૦૪ પાર્ટ-ર કયારે લાગુ પાડી શકાય તે અંગે નીચે મુજબ અવલોકન કરેલ છે ::-

**18.** Clause (b) of Section 299 corresponds with clauses (2) and (3) of Section 300. The distinguishing feature of the mens rea requisite under clause (2) is the knowledge possessed by the offender regarding the particular victim being in such a peculiar condition or state of health that the internal harm caused to him is likely to be fatal, notwithstanding the fact that such harm would not in the ordinary way of nature be sufficient to cause death of a person in normal health or condition. It is noteworthy that the "intention to cause death" is not an essential requirement of clause (2). Only the intention of causing the bodily injury coupled with the offender's knowledge of the likelihood of such injury causing the death of the particular victim, is sufficient to bring the killing within the ambit of this clause. This aspect of clause (2) is borne out by Illustration (b) appended to Section 300.

**19.** Clause (b) of Section 299 does not postulate any such knowledge on the part of the offender. Instances of cases falling under clause (2) of Section 300 can be where the assailant causes death by a fist-blow intentionally given knowing that the victim is suffering from an enlarged liver, or enlarged spleen or diseased heart and such blow is likely to cause death of that particular person as a result of the rupture of the liver, or spleen or the failure of the heart, as the case may be. If the assailant had no such knowledge about the disease or special frailty of the victim, nor an intention to cause death or bodily injury sufficient in the ordinary course of nature to cause death, the offence will not be murder, even if the injury which caused the death, was intentionally given. In clause (3) of Section 300, instead of the words "likely to cause death" occurring in the corresponding clause (b) of Section 299, the words "sufficient in the ordinary course of nature" have been used. Obviously, the distinction lies between a bodily injury likely to cause death and a bodily injury sufficient in the ordinary course of nature to cause death. The distinction is fine but real and if overlooked, may result in miscarriage of justice. The difference between clause (b) of Section 299 and clause (3) of Section 300 is one of degree of probability of death resulting from the intended bodily injury. To put it more broadly, it is the degree of probability of death which determines whether a culpable homicide is of the gravest, medium or the lowest degree. The word "likely" in clause (b) of Section 299 conveys the sense of probability as distinguished from a mere possibility. The words "bodily injury ... sufficient in the ordinary course of nature to cause

death" mean that death will be the "most probable" result of the injury, having regard to the ordinary course of nature.

**20.** For cases to fall within clause (3), it is not necessary that the offender intended to cause death, so long as the death ensues from the intentional bodily injury or injuries sufficient to cause death in the ordinary course of nature. Rajwant Singh v. State of Kerala (AIR 1966 SC 1874) is an apt illustration of this point.

**21.** In Virsa Singh v. State of Punjab (AIR 1958 SC 465) Vivian Bose, J. speaking for the Court, explained the meaning and scope of clause (3). It was observed that the prosecution must prove the following facts before it can bring a case under Section 300 "thirdly". First, it must establish quite objectively, that a bodily injury is present; secondly, the nature of the injury must be proved. These are purely objective investigations. Thirdly, it must be proved that there was an intention to inflict that particular injury, that is to say, that it was not accidental or unintentional or that some other kind of injury was intended. Once these three elements are proved to be present, the enquiry proceeds further, and fourthly, it must be proved that the injury of the type just described made up of the three elements set out above was sufficient to cause death in the ordinary course of nature. This part of the enquiry is purely objective and inferential and has nothing to do with the intention of the offender.

**22.** The ingredients of clause "thirdly" of Section 300 IPC were brought out by the illustrious Judge in his terse language as follows :

"12. To put it shortly, the prosecution must prove the following facts before it can bring a case under Section 300 'thirdly';

First, it must establish, quite objectively, that a bodily injury is present;

Secondly, the nature of the injury must be proved; These are purely objective investigations.

Thirdly, it must be proved that there was an intention to inflict that particular bodily injury, that is to say, that it was not accidental or unintentional, or that some other kind of injury was intended.

Once these three elements are proved to be present, the enquiry proceeds further and,

Fourthly, it must be proved that the injury of the type just described made up of the three elements set out above is

sufficient to cause death in the ordinary course of nature. This part of the enquiry is purely objective and inferential and has nothing to do with the intention of the offender."

**23.** The learned Judge explained the third ingredient in the following words (at page 468):
"The question is not whether the prisoner intended to inflict a serious injury or a trivial one but whether he intended to inflict the injury that is proved to be present. If he can show that he did not, or if the totality of the circumstances justify such an inference, then, of course, the intent that the section requires is not proved. But if there is nothing beyond the injury and the fact that the appellant inflicted it, the only possible inference is that he intended to inflict it. Whether he knew of its seriousness, or intended serious consequences, is neither here nor there. The question, so far as the intention is concerned, is not whether he intended to kill, or to inflict an injury of a particular degree of seriousness, but whether he intended to inflict the injury in question; and once the existence of the injury is proved the intention to cause it will be presumed unless the evidence or the circumstances warrant an opposite conclusion."

**24.** These observations of Vivian Bose, J. have become locus classicus. The test laid down by Virsa Singh case (supra) for the applicability of clause "thirdly" is now ingrained in our legal system and has become part of the rule of law. Under clause thirdly of Section 300 IPC, culpable homicide is murder, if both the following conditions are satisfied i.e. (a) that the act which causes death is done with the intention of causing death or is done with the intention of causing a bodily injury; and
(b) that the injury intended to be inflicted is sufficient in the ordinary course of nature to cause death. It must be proved that there was an intention to inflict that particular bodily injury which, in the ordinary course of nature, was sufficient to cause death viz. that the injury found to be present was the injury that was intended to be inflicted.

**25.** Thus, according to the rule laid down in Virsa Singh case (supra) even if the intention of the accused was limited to the infliction of a bodily injury sufficient to cause death in the ordinary course of nature, and did not extend to the intention of causing death, the offence would be murder. Illustration (c) appended to Section 300 clearly brings out this point.

**26.** Clause (c) of Section 299 and clause (4) of Section 300 both require knowledge of the probability of the act causing death. It is not necessary for the purpose of this case to dilate much on the distinction between these corresponding clauses. It will be sufficient to say that clause (4) of Section 300 would be applicable where the knowledge of the offender as to the probability of death of a person or persons in general as distinguished from a particular person or persons - being caused from his imminently dangerous act, approximates to a practical certainty. Such knowledge on the part of the offender must be of the highest degree of probability, the act having been committed by the offender without any excuse for incurring the risk of causing death or such injury as aforesaid.

**27.** The above are only broad guidelines and not cast-iron imperatives. In most cases, their observance will facilitate the task of the court. But sometimes the facts are so intertwined and the second and the third stages so telescoped into each, that it may not be convenient to give a separate and clear cut treatment to the matters involved in the second and third stages.

**28.** The position was illuminatingly highlighted by this Court in State of A.P. v. Rayavarapu Punnayya (1976 (4) SCC 382 and Abdul Waheed Khan alias Waheed and ors. v. State of A.P. (2002 (7) SCC 175).

**29.** If the evidence on record is considered on the touchstone principles set out above the inevitable conclusion is that the proper conviction would be Section 304 Part I IPC instead of Section 302 IPC. The conviction of the appellants is accordingly altered from Section 302 read with Section 149 to Section 304 Part I read with Section 149 IPC. Custodial sentence of 10 years would meet the ends of justice. The findings of the guilt in respect of other offences and the sentences imposed do not warrant interference. The sentence shall run concurrently.

**૫૫.૧.** આમ, ઉપરોકત ચુકાદામા કરવામા આવેલા અવલોકન મુજબ રેકર્ડ ઉપરનો પુરાવો અને ઉપરોકત કરવામા આવેલી તમામ ચર્ચા ધ્યાને લેતા આરોપીનો ફરીયાદીની દિકરી નિધિનું મૃત્યુ નીપજી શકે તેવી ઈજા પહોંચાડવાનો કોઈ ઈરાદો નહીં હોવાનું જણાઈ આવતુ નથી અને તેણી

ને શરીરનાં મહત્વનાં ભાગો ઉપર એટલે કે, પેટમા બચકુ ભર્યાની તથા શરીરનાં ઘણી બધી ઈજાઓ વેલણ અને ચમચાથી કરેલી હોવાનું અને સીડી પરથી નીચે ગબડાવી દીધેલી છે, જેથી તે અકસ્માત જેવું લાગે અને માથામા હેમરેજ થવાથી મૃત્યુ થયેલ છે, તેવું રેકર્ડ ઉપર આવેલ છે તથા આરોપી અગાઉ પણ મૃતકને મારી નાખવાનો ઈરાદો ધરાવતા હતાં. આવા સંજોગોમા આરોપી વિરુદ્ધ ઈ.પી. કોડ કલમ–૩૦૨ તથા ૩૨૩ મુજબનાં ગુન્હાનાં આવશ્યક તત્વો પુરવાર થાય છે.

૫૬. આ કામે આરોપી તરફે **નામદાર સુપ્રિમ કોર્ટનાં Satye Singh & Another V/s. State Of Uttarakhand, 2022 LiveLaw (SC) 169** નાં ચુકાદા ઉપર આધાર રાખેલ છે અને એવી રજુઆત કરેલી છે કે, સદર ચુકાદામા આરોપીએ કોઇ ખુલાસો કરવાની જરુર નથી, ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકારહીત પુરાવાથી પુરવાર કરવો જ જોઇએ, સાંયોગીક પુરાવાનાં કેસમા પુરાવાની કડી પૂર્ણ થવી જ જોઇએ. સદર ચુકાદા મુજબ પુરાવાની કડી પૂર્ણ થયેલી હોવાનું પુરવાર થતુ નથી. તેથી, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ.

ઉલ્લેખનીય છે કે, આ કામે ઉપરોકત કરવામા આવેલી ચર્ચા અનુસાર ફરીયાદીની માતા છાયાબેન અને ફરીયાદીનાં પાડોશી ગૌતમ ભાઇનો પુરાવો ધ્યાને લેતા આ બંને સાહેદોનાં પુરાવાથી ફરીયાદ પક્ષ નાં કેસની અને ફરીયાદની હકીકતોને સમર્થન મળી રહે છે. ફરીયાદીની માતા છાયાબેનનાં ઘરેથી આરોપી ફરીયાદી અને તેઓની મરણ જનાર દિકરીને લઇને ગયેલા છે અને બાદમા મરણ જનારને હોસ્પિટલમા દાખલ કરેલા છે તે સમયે ફરીયાદીએ પોતાની માતા છાયાબેનને બનાવ ની હકીકતની વાત કરેલી છે, જે તમામ હકીકત છાયાબેને પોતાની જુબાનીમા ઉપરોકત કરવામા આવેલી ચર્ચા અનુસાર જણાવેલી છે તેમજ ગૌતમભાઇ જે ફરીયાદીનાં પાડોશી છે તેમણે ફરીયાદી અને આરોપી મરણ જનારને ઈજા થતાં તેઓ હોસ્પિટલે લઇ જતા હતાં તે

જોયેલા હોવાનો તથા જયારે જયારે આરોપી ફરીયાદીનાં ઘરે આવતા ત્યારે ત્યારે મરણ જનારને માર મારતા હતાં અને બનાવ સમયે પણ માર મારવાનો ગૌતમભાઇને અવાજ સંભળાયેલો હતો તે મતલબનો સંપૂર્ણ પુરાવો આપેલો છે. તેથી, આ પુરાવાઓથી પણ આરોપીની હાલ નાં ગુન્હામા સ્પષ્ટ સંડોવણી હોવાનું ફલીત થાય છે. આવા સંજોગોમા બચાવ પક્ષ તરફે રજુ કરવામા આવેલો ઉપરોકત ચુકાદો બચાવ પક્ષને મદદરુપ થઇ શકતો નથી.

**૫૭.** ઉલ્લેખનીય છે કે, ઉપરોકત કરવામા આવેલી તમામ ચર્ચા અને સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા આ કામનાં ફરીયાદી પણ હાલનાં ગુન્હામા સંડોવાયેલ હોવાની અને તેઓનો હાલનાં ગુન્હામા સક્રિય રોલ હોવાની પ્રબળ શંકા ઉપસ્થિત થાય છે. ફરીયાદીએ જે ફરીયાદ આપેલી છે તેને ફરીયાદ લેનાર અને તપાસ કરનાર અધિકારીએ સંપૂર્ણપણે સમર્થન આપેલ છે, તેમ છતાં ફરીયાદીએ કોર્ટ સમક્ષ આપેલી પોતાની જુબાનીમા ફરીયાદ હકીકતને સમર્થન પુરુ પાડેલુ નથી અને તેઓએ ફરીયાદ હકીકતથી વિપરીત જુબાની આપેલી છે અને આરોપીને બચાવવાનાં પુરતા પ્રયત્નો કરેલા છે, જેનાં કારણે તેમને વિ.એ.પી.પી.શ્રી તરફથી હોસ્ટાઇલ જાહેર કરવામા આવેલા છે. આવા સંજોગોમા ફરીયાદીએ કોર્ટમા ખોટી જુબાની આપવા બદલ તેની વિરુદ્ધ કાર્યવાહી પણ થઇ શકે તેમ છે. પરંતુ, એ વાસ્તવિકતા છે કે, ફરીયાદીનો હાલનાં ગુન્હામા સક્રિય રોલ હોવા મતલબનો કોઇ પુરાવો રજુ થયેલો નથી અને ફરીયાદીએ પોતાની નાની પાંચ વર્ષની દિકરી ગુમાવેલી છે, તેથી માતા તરીકે ફરીયાદીને તે અંગેનું અસહય દુ:ખ હોય તે સ્વાભાવિક છે. આવા સંજોગોમા ફરીયાદી વિરુદ્ધ કોઇ કાર્યવાહી કરવી ન્યાયોચીત જણાઇ આવતુ નથી. તેથી, ફરીયાદી વિરુદ્ધ કોઇ કાર્યવાહી કરવામા આવતી નથી.

૫૮. ઉલ્લેખનીય છે કે, ઉપરોકત કરવામા આવેલી તમામ ચર્ચા ધ્યાને લેતા આ કામનાં આરોપી વિરુદ્ધ પ્રથમ ઇ.પી. કોડ કલમ–૩૨૩, ૩૦૭ મુજબનો ગુન્હો નોંધાયેલો હતો અને ત્યારબાદ, સારવાર દરમિયાન ગુજરનારનું થયેલી ઇજાઓનાં કારણે જ મૃત્યુ થતાં ઇ.પી. કોડ કલમ–૩૦૨ નો ઉમેરો કરવામા આવેલ છે. તેથી, આરોપીએ ઇ.પી. કોડ કલમ –૩૦૨, ૩૨૩ મુજબનો ગુન્હો કરેલો હોવાનું નિ:શંકપણે પુરવાર થાય છે. તેથી, મુદ્દા નં.૧ નો નિર્ણય અંશત: હકારમા આપવામા આવે છે અને આરોપીને તે અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી સજા કેમ ન કરવી સબબ, કોઇ કારણ જણાતુ ન હોય, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ નો હુકમ કરવામા આવે છે.

-:: **<u>હુકમ</u>** ::-

૧. ક્રિ.પ્રો. કોડની કલમ-૨૩૫(૧) અન્વયે આરોપી વિરેન જાનકીદાસ રામાવત, ઉ.વ. ૨૯, ધંધો : પ્રાઇવેટ નોકરી, રહે.ગાંધીનગર મેઇન રોડ, બ્લોક નં.એ-૨૫ ની સામે, જામનગરને ઇ.પી. કોડ કલમ-૩૦૭ મુજબનાં ગુન્હામાથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

૨. ક્રિ.પ્રો. કોડની કલમ-૨૩૫(૨) અન્વયે આરોપી વિરેન જાનકીદાસ રામાવત, ઉ.વ. ૨૯, ધંધો : પ્રાઇવેટ નોકરી, રહે.ગાંધીનગર મેઇન રોડ, બ્લોક નં.એ-૨૫ ની સામે, જામનગરને ઇ.પી. કોડ કલમ-૩૦૨, ૩૨૩ મુજબનાં ગુન્હામા તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામા આવે છે અને સજા અંગે સાંભળવા કામ મુલત્વી રાખવાનો હુકમ કરવામા આવે છે.

જામનગર.
તા.૩૦/૭/૨૦૨૬..

Digitally signed by
NEHAL RAJESHBHAI JOSHI
on 31/07/2026 15:21:54 IST.

(**નેહલકુમાર રાજેશભાઇ જોષી**)
સેશન્સ જજ
<u>કોડ નં.જીજે ૦૧૩૧૮, જામનગર</u>

**૫૯.** ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીને તથા આરોપી તરફે તેમનાં વિ.વ.શ્રીને સાંભળ્યા.

**૬૦.** ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ આરોપીને ઇ.પી. કોડ કલમ-૩૦૨, ૩૨૩ અન્વયે તકસીરવાન ઠરાવેલ હોય, મહત્તમ સજા કરવા દલીલ કરેલી છે.

**૬૧.** આરોપી તરફે એવી રજુઆત છે કે, આરોપી ઉપર તેમનાં ઘરની જવાબદારી છે તેમજ આરોપી ગરીબ વર્ગનાં છે. તે તમામ સંજોગોમા રહેમ નજર રાખવા વિનંતી કરવામા આવેલી છે.

**૬૨.** બંને પક્ષનાં વિ.વ.શ્રીઓની રજુઆતો ધ્યાને લેવામા આવેલ છે. આરોપી એ જે પ્રકારનો ગુન્હો કરેલ છે તે કેસની હકીકત પણ ધ્યાને લેવામા આવેલ છે. આરોપીએ એક ગંભીર પ્રકારનો, સમાજ વિરોધી ગુન્હો કરેલ છે અને આવા ગુન્હા સમાજમા દિન પ્રતિદિન વધતા જતા હોવાની પણ હકીકત છે. આ કામે હાલનાં બનાવમા આ કામનાં ફરીયાદીની નાની પાંચ વર્ષની દિકરીનું મૃત્યુ નિપજેલ છે. વિશેષમા, આ કામનું રેકર્ડ તપાસતા બનાવ અને ફરીયાદ ૨૦૨૩ ની સાલનાં હોય અને હાલનાં કેસ ની હકીકત, આરોપીની ઉંમર, સ્થિતિ, કાયદામા સદરહુ ગુન્હાની જોગવાઇઓ જોતા આરોપીને હુકમમા જણાવ્યા મુજબની સજા તથા દંડ નો હુકમ કરવામા આવશે તો, યોગ્ય, વ્યાજબી અને ઉચિત રહેશે તથા તેનાથી ન્યાયનો હેતુ પણ સિદ્ધ થાય તેમ છે. તેથી, મુદ્દા નં.૨ લગત નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

-:: **આખરી હુકમ** ::-

**૧.** ક્રિ.પ્રો. કોડની કલમ-૨૩૫(૨) અન્વયે આરોપી વિરેન જાનકીદાસ રામાવત, ઉ.વ. ૨૯, ધંધો : પ્રાઇવેટ નોકરી, રહે.ગાંધીનગર મેઇન રોડ,

બ્લોક નં.એ-૨૫ ની સામે, જામનગરને ઇ.પી. કોડ કલમ-૩૦૨, ૩૨૩ મુજબનાં ગુન્હામા તકસીરવાન ઠરાવી ::-

-::- **ઇ.પી. કોડ કલમ-૩૦૨** નાં ગુન્હામા સખત આજીવન કેદની સજા અને રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર પુરા) નો દંડ અને દંડની રકમ ન ભરે તો, વધુ ૧(એક) માસની સાદી કેદની સજા,

-::- **ઇ.પી. કોડ કલમ-૩૨૩** નાં ગુન્હામા ૧(એક) વર્ષની સખત કેદની સજા અને રૂા.૧,૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) દંડ અને દંડની રકમ ન ભરે તો, વધુ ૧(એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

**૨.** આરોપીએ કરવામા આવેલી તમામ સજા એકીસાથે ભોગવવી.

**૩.** ક્રિ.પ્રો. કોડ કલમ-૪૨૮ મુજબ આરોપીએ કાચા કામનાં કેદી તરીકે અગાઉ ભોગવેલી સજા મજરે આપવી.

**૪.** સદર કામે તપાસ અર્થે કબજે લેવામા આવેલ તમામ મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

**૫.** ક્રિ.પ્રો. કોડ કલમ-૩૬૩ મુજબ આરોપીને આ ચુકાદાની એક નકલ વિના મૂલ્યે આપવી.

**૬.** ક્રિ.પ્રો. કોડ કલમ-૩૬૫ મુજબ આ હુકમની એક નકલ જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી, જામનગરને મોકલી આપવી.

ચુકાદો આજરોજ તા.૩૦મી જુલાઇ, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમા હુકમ વાંચી, સંભળાવી, સહી કરી, જાહેર કર્યો.

જામનગર.
તા.૩૦/૭/૨૦૨૬..
વી.વી. જોટાણીયા.

Digitally signed by
NEHAL RAJESHBHAI JOSHI
on 31/07/2026 15:22:48 IST.

**(નેહલકુમાર રાજેશભાઇ જોષી)**
સેશન્સ જજ
કોડ નં.જીજે ૦૧૩૧૮, જામનગર